Arya Samaj Foundation Chennai and

નગર લક્ષ્મી

રવીન્દ્રનાથ
ટાગોર

અનુવાદક
રમણલાલ
સોની

કિંમત
સાડાત્રણ રૂા.

ઠક્કર
મુંબઇ ૨.

blic Domain. Gurukul Kangri Collec

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રવીન્દ્રનાથ ટાગોર કૃત

૯૪૧
૪૪

નગરલક્ષ્મી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या...... 6841 / 44

पञ्जिका संख्या...... 26468

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२६४६८

नगर लक्ष्मी

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CHECKED 1973

Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવર રવીન્દ્રનાથ ટાગોર રચિત

નગરલક્ષ્મી

: અનુવાદક :

રમણલાલ સોની

ચાંદમુખ, શરદવંદના, વિવાહિતા, શ્રીમતી સીતા, ગુપ્તધન,
અભિશાપ, બાતાસી, શરદવાણી, વગેરેના
અનુવાદક.

એન. એમ. ઠક્કરની કું.
બૂકસેલર્સ એન્ડ પબ્લિશર્સ
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: પ્રકાશક :
એન. એમ. ઠક્કરની કંપની વતી
નંદલાલ મોહનલાલ ઠક્કર
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

કિંમત સાડા ત્રણ રૂપિયા

પ્રથમ આવૃત્તિ ૧૯૪૨
બીજી ,, ૧૯૪૬

મુદ્રક : ચતુરભાઈ શનાભાઈ પટેલ,
મુદ્રણસ્થાન : શ્રી મહેન્દ્ર મુદ્રણાલય,
મામાની હવેલી, શાકબજાર, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંગાળી સાહિત્યમાં મારો પ્રવેશ કરાવનાર

પ્રિય સુહૃદ્

શ્રી નગીનદાસ પારેખને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવર રવીન્દ્રનાથ ટાગોર કૃત ' કથા ઓ કાહિની ' બંગાળમાં ઘેર ઘેર જાણીતું પુસ્તક છે, ટાગોરનાં સર્વ પુસ્તકોમાં કદાચ એ સૌથી વધારે લોકપ્રિય છે એમ કહી શકાય.

આપણે ત્યાં પણ થોડુંક બંગાળી વાંચતાં આવડયું કે વાચક ' કથા ઓ કાહિની ' વાંચવા પ્રેરાય છે. એનાં અનેક કારણો છેઃ આ પુસ્તકમાં ભારતના ઇતિહાસની કેટલીક ઘટનાઓ કવિએ મનોહર પદ્યમાં ઉતારેલી છે; ઐતિહાસિક અને પૌરાણિક કથાઓ ઉપરાંત બીજી કેટલીક કલ્પિત કહાણીઓ પણ એમાં છે. આ કથાઓ અને કહાણીઓમાં ઘટનાવસ્તુની સુન્દરતાની સાથે સાથે કવિની ચિત્તાકર્ષક કલ્પના, કલા અને સંગીત ભળેલું છે.

' કથા ઓ કાહિની ' એ કવિએ લખેલી આવી કથાઓ અને કહાણીઓનો સંગ્રહ છે. મૂળ સંગ્રહમાં ન આવી હોય એવી બીજી પણ કેટલીક આવી કથાઓ કવિએ લખેલી છે; પણ વર્ષે વર્ષે નવી આવૃત્તિ પામતા એ મૂળ બંગાળી સંગ્રહમાં એ ઉમેરવામાં નથી આવી. આ ગૂજરાતી અનુવાદમાં એવી કેટલીક કથાઓ ને કહાણીઓ ઉમેરી છે.

મૂળ પુસ્તક મનોહર પદ્યમાં છે. મૂળના જ છંદમાં, આમાંનાં કાવ્યો ગૂજરાતીમાં ઉતારવાના પ્રયત્નો મેં પણ કર્યાં છે; પરંતુ હાલ તો ગદ્યાનુવાદ જ પ્રગટ કરી સંતોષ માનું છું.

મોડાસા, ૨૫–૧૧–૪૧

અનુવાદક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમણલાલ સોનીનાં પુસ્તકો

ચબૂતરો	(મૌલિક વાર્તાસંગ્રહ)
પૂછડીઆના પ્રદેશમાં	(સાહસની સળંગ કથા)
માથાનું દાન	(શાળોપયોગી ત્રિઅંકી નાટક)
રૂપાની ગાય	(,, એક અંકી નાટકો)
ભીખો ચોટ્ટો	(સ્વતંત્ર નવલકથા)
બાળકોનાં ગીતો	(કાવ્યો)
પગલાં ભાગ ૧ થી ૪	(બાળ કથાકાવ્યો)
બુધ્ધા કાકા	(બાળ વાર્તાઓ)
શિશુ કથા ભાગ ૧	(,, ,,)
જાદુઈ ચક્કી	
પટેલપટલાણી	
મહર્ષિ દયાનંદ સરસ્વતી	(પ્રામાણિક જીવન)
મરણ પછીની જીંદગી	
હિંદ અને બ્રિટનનું રાજતંત્ર	(હાઈસ્કૂલો, કોલેજો માટે)
ભાગવત કથામંગલ	(કથાઓ આખ્યાનો)
ઉપનિષદ્ કથામંગલ	(,, ,,)
કુમાર કથાઓ	

અનુવાદ-ગ્રન્થો

સ્વામી	(શરદ બાબુ)
કાશીનાથ } ભોગીલાલ ગાંધી	
સાવકી મા } ના સહકારમાં	,, ,,
વિપ્રદાસ	,, ,,
અનુરાધા (બડીદિદિ, નારીનું મૂલ્ય, વગેરે)	,, ,,
નવીના (શેષ પ્રશ્ન)	,, ,,
શ્રીકાન્ત ભાગ ૧-૨	,, ,,
,, ભાગ ૩	,, ,,
,, ભાગ ૪ (છપાય છે)	,, ,,
શુભદા	,, ,,
ચાંદમુખ	,, ,,
શરદવાણી	,, ,,
શરદવંદના	,, ,,
વિવાહિતા	,, ,,
પ્રભાત કિરણો	(પ્રભાત કુમાર)
સૂડી વચ્ચે સોપારી	(,, ,,)
લાલ પડછાયા	(ચીની જપાની વાતો)
બાતાસી	બંગાળી શ્રેષ્ઠ વાતો
શ્રીમતી સીતા	શ્રીકાન્તનો પાંચમો ભાગ
મેઘધનુષ	૧૯૪૩ની શ્રેષ્ઠ રશિયન નવલકથા
ગુપ્તધન	ટાગોર
અભિશાપ	નરેશ સેનગુપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

•

કથા

૧	નગરલક્ષ્મી	૧૩
૨	અભિસાર	૧૬
૩	પ્રતિનિધિ	૨૦
૪	બ્રાહ્મણ	૨૫
૫	માથાનું દાન	૨૯
૬	પૂજારિણી	૩૩
૭	નહિ જેવું નુકસાન	૩૭
૮	ફૂલનું મૂલ	૪૨
૯	અપમાન–પ્રભુનું દાન	૪૫
૧૦	પતિપ્રાપ્તિ	૫૦
૧૧	પારસમણિ	૫૩
૧૨	વીર બંદા	૫૬
૧૩	સ્વમાની	૬૧
૧૪	માગ્યા કરતાં અધિક દાન	૬૪
૧૫	રાજાનો ન્યાય	૬૫
૧૬	ગુરુ ગોવિંદ	૬૬
૧૭	નકલી કિલ્લો	૭૨
૧૮	હોળીખેલન	૭૫
૧૯	વિવાદ	૮૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦ ન્યાયાધીશ ૮૫
૨૧ પ્રતિજ્ઞાપાલન ૮૮
૨૨ છેલ્લો પાઠ ૯૧
૨૩ શ્રેષ્ઠ ભિક્ષા ૯૮
૨૪ ઋણનો બદલો ૧૦૨
૨૫ વાલ્મીકિ ૧૧૪
૨૬ પતિતા ૧૧૯
कहाणी ૧૨૭
૧ માનભંગ ૧૨૯
૨ જૂનો ચાકર ૧૩૪
૩ બે વીઘાં જમીન ૧૩૯
૪ દેવતાનો ભોગ ૧૪૩
૫ તુચ્છ ભેટ ૧૫૧
૬ દેશનિકાલ ૧૫૪
૭ વિસર્જન ૧૫૭
૮ જોડાની શોધ ૧૬૨
૯ મંજુલિકા ૧૬૭
૧૦ હિંગૂ ટિંગૂ છટ્ ૧૭૯
૧૧ પારસ-પથ્થર ૧૮૭
૧૨ દેવની વિદાય ૧૯૨
૧૩ બે પંખી ૧૯૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગરલક્ષ્મી

'રસ્તાને: છેડે મારું તીર્થ નથી,
રસ્તાની બેય બાજુએ મારું દેવાલય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગરલક્ષ્મી

[કલ્પદ્રુમાવદાન]

શ્રાવસ્તિપૂરમાં જ્યારે દુકાળ પડયો, અને હાહાકાર વ્યાપી ગયો, ત્યારે ભગવાન બુધ્ધે એકે એકે પોતાના ભકતોને પૂછ્યું :

'ભૂખ્યાંઓને અન્નદાન દેવાની સેવા તમારામાંથી કોણ ઉપાડી લેવા તૈયાર છે ?'

આ સાંભળી રત્નાકર શેઠ માથું નીચું ઘાલી બેસી રહ્યા. તે હાથ જોડીને બોલ્યા ;

'આખું વિશાળ નગર ભૂખનાં દુઃખથી પીડાય છે,—એની ભૂખ હું મટાડું એટલી મારામાં શક્તિ નથી, સ્વામી !'

સામંત જયસેન બોલ્યો :

'જો મારી છાતી ચીરી લોહી દેવાથી કંઈ કામ થતું હોત તો, ભગવાન જે હુકમ કરે છે તે હું માથે ઉપાડી દેત ! બાકી મારા ઘરમાં આજે અન્ન કયાંથી ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિ:શ્વાસ નાખી ધર્મપાલ બોલ્યો :

'શું કરું, મારું નસીબ એવું ફૂટેલું છે કે દુકાળના પ્રેતે મારા સોના સરખા ખેતરનો કસ ચૂસી લીધો છે. રાજ્યનો કર જોગવવો પણ મુશ્કેલ છે. હું અશક્ત ને દીનહીન બની ગયો છું.'

સૌ એક બીજાના મોં સામે જોઈ રહ્યાં.

કોઈ જ કશો જવાબ દેતું નથી.

એ શૂનકાર સભાગૃહમાં, બુદ્ધની એ કરૂણામય આંખો દુ:ખી નગરીની ભણી સંધ્યાના તારાની પેઠે મંડાઈ રહી છે.

એવે વખતે, ધીરે ધીરે અનાથ પિંડદની દીકરી ઊભી થઈ. કપાળ એનું લાલ છે, માથું એનું શરમથી નીચું ઢળેલું છે. આંખોમાં વેદનાથી અશ્રુ ઉભરાઈ રહ્યાં છે.

બુદ્ધની ચરણરજ લઈ મુક્ત કંઠે એ વિનયપૂર્વક બોલી :

અધમમાં અધમ ભિક્ષુણી આ સુપ્રિયા ભગવાનની આજ્ઞા માથે ચડાવે છે.

'આજે અન્ન વિના ઝૂરી રહેલાં સૌ કોઈ મારાં સંતાન છે.

'નગરને અન્ન પુરું પાડવાનો ભાર આજે હું મારે માથે લઉં છું."

સૌ આ સાંભળીને નવાઈ પામી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તું ભિક્ષુની કન્યા છે--ભિક્ષુણી છે,—

ક્યા અહંકારથી છકીને આ આવું ભારે કઠિન કામ તેં માથે લીધું છે? તારી પાસે આજે શું છે, એ તો કહે?'

સૌને પ્રણામ કરી ને બોલી:

'મારી પાસે માત્ર આ ભિક્ષાપાત્ર છે.

'હું તો દીનહીન બાલિકા છું, અશક્તથી યે અશક્ત છું, એટલે મને વિશ્વાસ છે કે તમારી સૌની દયા હું પામીશ અને પ્રભુની આજ્ઞા વિજયવન્તી થશે.

'મારો ભંડાર તમારાં સૌનાં ઘરોમાં ભરેલો છે તમે બધા મન પર લેશો તો મારું આ ભિક્ષપાત્ર અક્ષયપાત્ર બનશે, અને

'હું ભીખના અન્નથી પૃથ્વીને બચાવીશ,—

'દુકાળની ભૂખ મટાડીશ.''

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિસાર

[બોધિસત્ત્વાવદાન-કલ્પલતા]

સંન્યાસી ઉપગુપ્ત મથુરાનગરીના ગઢની રાંગે એક વખત સૂતેલા હતા,—

નગરીના દીવા પવનથી હોલવાઈ ગયા છે, નગરજનોનાં ઘરોનાં બારણાં બંધ થઈ ગયાં છે, શ્રાવણના આકાશમાં રાત્રિના તારા આઢ વાદળાંમાં ઢંકાઈ ગયા છે.

એવામાં એચિંતો, ઝાંઝરથી રણુઝણતો કોઈનો પગ છાતી-પર વાગ્યો !

સંન્યાસી ચમકીને જાગી ગયો, એની સ્વપ્નલીલા પલકમાં ઊડી ગઈ, એનાં ક્ષમાસુન્દર નેત્રો પર દીવાનો ઘેરો પ્રકાશ પડ્યો.

યૌવનમદથી મત્ત બનેલી નગરીની એક નટી અભિસારે જઈ રહી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે અંગ પર સુન્દર આસમાની ઓઢણું ઓઢ્યું હતું, અને આભૂષણોનો રણઝણ અવાજ થઈ રહ્યો હતો;

સંન્યાસીના શરીર પર પગ પડતાં વાસવદત્તા એકદમ થંભી ગઈ.

દીવો ધરીને એણે સંન્યાસીની નવીન ગૌર કાન્તિ જોઈ. એનું કોમળ ફૂટડું મુખ હસું હસું થાય છે!

એની આંખો કરુણાનાં કિરણોથી ખીલી રહી છે! એના શુભ લલાટ પર ચંદ્રમા સમી સુકોમળ શાન્તિ ઝગમગી રહી છે!

રમણી મધુર કંઠે બોલી—એની આંખમાં લજ્જા ભરેલી હતી—

'હે કિશોર કુમાર, મને ક્ષમા કરો. મારા પર દયા કરી મારે ઘેર પધારો. આ ધરતી બહુ કઠણ ને કઠોર છે—અહીં તમારે સૂવાનું ન હોય!'

સંન્યાસી કરુણ વચને બોલ્યો:—

'હે લાવણ્યમયી! હજી મારો વખત આવ્યો નથી. આજે તો તું જ્યાં જવા નીકળી છે ત્યાં જા. બાકી મારો વખત આવશે, ત્યારે હું મારી મેળાએ તારે ઘેર આવીશ!'

એકદમ ઝંઝાવાતે વીજળીના ઝબકારામાં પોતાનું વિરાટ મોં ઉઘાડયું.

રમણી ભયથી કંપી ઊઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવનમાં પ્રલયનો શંખ વાગવા માંડ્યો.

આકાશમાં વીજળી ભયંકર પરિહાસ કરી ઘોર અટ્ટહાસ્ય કરવા લાગી.

હજી વર્ષ પણ પૂરું થયું નથી.

ચૈત્ર મહિનાની એક સાંજ પડી.

પવન વ્યાકુળ અને ઉન્મત્ત બન્યો છે.

માર્ગ પર ઊભેલાં ઝાડોની ડાળીઓને કુંપળો ફૂટી છે.

રાજાના બાગમાં બકુલ, પારુલ અને રજનીગંધાનાં ફૂલો ખીલી રહ્યાં છે.

દૂરદૂરથી પવનમાં બંસરીનો મદીલો સૂર ધીરો ધીરો આવે છે.

નગરી આખી નિર્જન છે, નગરવાસીઓ બધા મધુવનમાં ફુલદોલનો ઉત્સવ માણવા ગયા છે.

સૂતી નગરીને જોઇને પૂનમનો ચંદ્રમા મૂંગો મૂંગો હસી રહ્યો છે!

નિર્જન રસ્તા પર, ચાંદનીના પ્રકાશમાં એકલો સંન્યાસી ચાલી રહ્યો છે.

માથા ઉપર ઝાડનાં ઝૂંડમાં રહી રહીને કોયલ ટહૂકી ઊઠે છે:

'રે! આટલે દિવસે, આજે, શું તારી અભિસાર-રાત્રિ આવી છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી નગર વટાવીને, મઠની બહાર ચાલ્યો.

ખાઈના સામે કિનારે આવી એ ઊભો રહ્યો.

રે ! આંબાવાડિયાની છાયાના અંધકારમાં, પેલી કોણ રમણી પડી એના પગ આગળ પડેલી છે !

બળિયાના ભયંકર રોગથી એનું આખું શરીર ભરાઈ ગયું છે. રોગની મેશ ઢળવાથી કાળું પડી ગયેલું તેનું શરીર, ચેપ લાગવાની બીકે, ગામલોકોએ નગરની ખાઈ બહાર ફેંકી દીધું છે.

સંન્યાસીએ બેસીને એ જડ બની ગયેલું મસ્તક પોતાના ખોળામાં લઈ લીધું.

એના સૂકા હોઠમાં પાણી સીંચ્યું.

એના માથા પર મંત્ર ભણ્યો.

અને પોતાને હાથે એના શરીર પર શીતળ ચંદનનો લેપ કર્યો.

ફૂલ ખરે છે, કોયલ કૂજે છે, રાત્રિ ચાંદનીમાં મસ્ત છે.

'ઓ દયામય ! તમે કોણ આવ્યા છો ?' નારીએ પૂછ્યું.

સંન્યાસીએ કહ્યું:—

'આજે રાતે મારો વખત આવ્યો છે,—એટલે હું આવ્યો છું, વાસવદત્તા !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિનિધિ

સતારાના ગઢને કાંગરે બેઠા બેઠા શિવાજીએ એક દિવસ પ્રભાતકાલે જોયું—

પોતાના ગુરુ રામદાસ ઘેર ઘેર ભિક્ષા માગતા ફરે છે—જાણે ભિખારી !

શિવાજીને થયું : 'આ કેવી વાત ? ગુરુજીના હાથમાં ભિક્ષાપાત્ર ? એમને વળી શાની ખોટ છે તે ?'

બધું જેમના હાથમાં છે, રાજરાજેશ્વર પણ જેમનાં ચરણે પડેલો છે, એમની યે વાસનાને શું અંત નથી !

આ તો જાણે, રાતદિવસ, ફૂટેલા પાત્રમાં પાણી રેડીને તૃષ્ણા મટાડવાના મિથ્યા પ્રયત્ન જેવું લાગે છે !—

તે બોલ્યા : 'જોઉં તો ખરો, કેટલું આપવાથી એમની ભિક્ષાઝોળી પૂરી ભરાય છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત જ કાગળકલમ લઈ, શી ખબર એમણે શું લખી દીધું, પછી બાલાજીને બોલાવીને કહ્યું :

‘ ગુરુજી જ્યારે ભિક્ષા માગવા ગઢની પાસે આવે ત્યારે આ ચિઠ્ઠી એમના પગમાં મૂકી દેજે ! ’

આગળ કેટલાં યે માણસો, કેટલા યે ઘોડા ને કેટલા યે રથ દોડ્યા જાય છે; ગુરુ ગાતા ગાતા ચાલ્યા જાય છે:—

“ હે ભવેશ, હે શંકર ! સૌને તેં ઘર દીધું છે, મને માત્ર રસ્તો દીધો છે !

“ અન્નપૂર્ણા મારી મા ! — તેં આખા વિશ્વનો ભાર લીધો છે; તારી ઓથે સચરાચર સૌ સુખમાં છે,—

“ પણ, હે ભિખારી, તેં મને, એ માના ખોળામાંથી ખેંચી લઈ તારો અનુચર બનાવ્યો છે—તારી પાછળ ભટકતો કરી દીધો છે ! ”

ગાન સમાપ્ત કરી, મધ્યાહ્ન સ્નાનથી પરવારી, ગુરુ જ્યારે એ ગઢને દરવાજે આવ્યા—

ત્યારે બાલાજી નમન કરી, એમના ચરણમાં પેલી ચીઠ્ઠી મૂકી દઈ એક કોરે ઊભો રહ્યો.

ગુરુએ કુતૂહલપૂર્વક કાગળ હાથમાં ઉપાડી લીધો ને વાંચી જોયો,—

એમનાં ચરણકમળમાં પ્રણામ કરી, શિવાજીએ આજે પોતાનું રાજપાટ એમને સમર્પણ કર્યું હતું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે રામદાસ રાજાની પાસે ગયા, અને કહ્યું : ‘ હે પુત્ર, કહે જોઉં—

રાજ્ય મને સોંપી દીધું, તો તું શું કામ લાગવાનો હવે ? હે ગુણી! તારામાં એવો કયો ગુણ છે ? ’

‘ તમારો દાસ બનીને આનંદથી તમારી સેવામાં મારો પ્રાણ સમર્પીશ ’—શિવાજીએ ગુરુને પ્રણામ કરી કહ્યું.

ગુરુ કહે : ‘ તો લે, આ ઝોળી ખભે નાખ; ચાલ આજે ભિક્ષા માગવા. ’

શિવાજી ગુરુની સાથે, હાથમાં ભિક્ષાપાત્ર લઈને નગરને બારણે બારણે ફરે છે.

રાજાને જોઈને બાળકો, બીને ઘરમાં નાસી જાય છે, ને માબાપને બોલાવી લાવે છે !

ઓહ ! આ અતુલ વૈભવમાં રમનારાને આજે ભિખારીનું વ્રત ! આ તો પાણીમાં શિલા તરે છે !

લાજીને સૌ ભિક્ષા આપે છે, હાથ થરથર કાંપે છે, ને મનમાં વિચાર કરે છે : કેવી છે મહાપુરુષોની લીલા !

ગઢમાં બીજા પ્રહરનાં ચોઘડિયાં વાગ્યાં, કામકાજ બંધ કરી નગરજનો વિશ્રામ કરે છે.

એકતારા પર મસ્ત બનીને રામદાસ આંખમાંથી આનંદાશ્રૂ વહાવતા ગાન ગાય છેઃ—

‘ હે ત્રિભુવનપતિ ! તારી ગતિ કળાતી નથી. તારે કશાનોય અભાવ નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તોયે પ્રભુ! તું હૈયે હૈયે ભિક્ષા માગતો ફરે છે, અને સૌની પાસે સર્વસ્વનું દાન માગે છે!'

છેવટે સંધ્યાકાળે, નગરને એક ખૂણે, નદીકિનારે, સ્નાન સંધ્યાથી પરવારી—

આરામથી ભિક્ષાન્ન રાંધીને, ગુરુએ કંઇક મુખમાં નાખ્યું, તેમના શિષ્યોને પણ પ્રસાદ મળ્યો.

રાજા ત્યારે હસીને કહે છેઃ—'રાજવીનો ગર્વ ઉતારી મને રસ્તાનો ભિખારી બનાવ્યો છે;

બીજી શી આજ્ઞા છે હવે? દાસ તૈયાર છે?—ગુરુની પાસેથી ગુરુ દુઃખ સ્વીકારી લઉં છું!"

ગુરુ કહે : 'તો સાંભળ, તેં કઠિન પ્રતિજ્ઞા કરી છે; તે પ્રમાણમાં તારે ભાર પણ ઉઠાવવો પડશે.

'આ હું તને કહું છું; મારે નામે મારી વતી ફરીથી તું રાજ્યભાર લે.

તને વિધાતાએ ભિક્ષુકનો પ્રતિનિધિ બનાવ્યો છે, દીન અને ઉદાસીન રાજ્યધણી બનાવ્યો છે.

"રાજ્યધર્મનું પાલન કરજે, ને તે જ મારો સેવા છે એમ જાણજે, રાજ્યેશ્વર થવા છતાં રાજ્યહીન રહેજે!

'વત્સ! તો આ લે, મારા આશીર્વાદ સાથે મારું આ ભગવું વસ્ત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈરાગીના આ ઉત્તરીયનો તારો વાવટો બનાવજે. '—

આ પ્રમાણે ગુરુ રામદાસે કહ્યું.

રાજશિષ્ય માથું ઢાળી નદીતીરે બેસી રહે છે, એના કપાળમાં ચિંતાનાં વાદળાં ઘેરાય છે.

ગોવાળની વેણુ વાગતી બંધ થઇ. ધણુ ગામમાં પાછું વળ્યું. સૂર્ય સામે પાર ઊતરી ગયો.

પૂરવી રાગમાં ગીત રચીને એકચિત્તે રામદાસ ગાવા લાગ્યા,—

"રાજાનો સાજ સજાવી, મને સંસારમાં બેસાડી, પોતે છુપાઇને બેસી જનાર તું કોણ છે !

"હે રાજા, મેં તારી પાદુકાઓ આણીને મૂકી છે, હું તો તારા બાજઠ હેઠળ બેઠો છું;

"રે ! સાંજ પડવા આવી, હવે કેટલું બેસી રહું ! તારું રાજ્ય તું સંભાળી લે !"*

* એકવર્થ સાહેબે કેટલીક મરાઠી ગાથાઓનો અંગ્રેજી અનુવાદ-ગ્રંથ પ્રકટ કર્યો છે, તેની પ્રસ્તાવનામાંથી આ ઘટના લીધેલી છે. શિવાજીની ભગવી પતાકા 'ભગવો ઝંડો' એ નામે પ્રખ્યાત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણ

[છાંદોગ્ય ઉપનિષદ્–૪ પ્રપાઠક–૪ અધ્યાય]

સરસ્વતી નદીને તીરે, અંધારી વનની છાયામાં સંધ્યાનો સૂર્ય આથમી ગયો છે.

સમિધના ભારા માથા પર મૂકીને જંગલમાંથી ઋષિપુત્રો શાન્ત આશ્રમમાં પાછા આવી ગયા છે. સ્નેહાળ શાંત આંખોવાળી થાકેલી કામધેનુઓને તેઓ તપોવનની ગૌશાળામાં ડચકારીને લઈ આવ્યા છે; અને સંધ્યા–સ્નાનથી પરવારી, પર્ણકુટીના આંગણામાં; હોમાગ્નિના પ્રકાશમાં ગુરુ ગૌતમને ઘેરીને સૌ પોતપોતાના આસન પર બેસી ગયા છે.

શૂન્ય અનંત આકાશમાં, ધ્યાનમાં ડૂબી હોય તેવી મહા-શાન્તિ છે; અને સ્તબ્ધ કુતૂહલપૂર્વક નીરવ બેઠેલી શિષ્યમંડળની પેઠે નક્ષત્રમંડળી હારબંધ ગોઠવાઇને બેસી ગઈ છે.

શાંત આશ્રમ એકદમ ચમકી પડયો.

મહર્ષિ બોલ્યા; 'વત્સો, બ્રહ્મવિદ્યા સમજાવું છું, સાંભળો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવે વખતે અંજલિમાં અર્ધ્ય લઈને એક તરુણ બાળકે આંગણામાં પગ દીધો.

ફળફૂલ અને પત્રથી ઋષિને વંદન કરી, તેમના ચરણ-કમળમાં નમસ્કાર કરી, કોકિલકંઠે, અમૃત સરખા સ્નિગ્ધ સ્વરે ભક્તિભાવપૂર્વક તે બોલ્યો :—

'ભગવન્! બ્રહ્મવિદ્યા શીખવાની ઇચ્છાથી આવ્યો છું: મને દીક્ષા આપો, હે કુશ ક્ષેત્રથી આવું છું; મારું નામ સત્યકામ !'

એ સાંભળી સ્મિત હાસ્ય કરી બ્રહ્મર્ષિએ સ્નેહશાંત શબ્દોમાં એને કહ્યું :

'કુશળ હો, સૌમ્ય ! તારું ગોત્ર કયું છે? વત્સ, માત્ર બ્રાહ્મણને જ બ્રહ્મવિદ્યા પામવાનો અધિકાર છે.'

બાળક ધીરેથી બોલ્યો :—

'ભગવન્! ગોત્રની મને ખબર નથી. રજા આપો તો મારી માને પૂછીને કાલે આવીશ!'

આટલું કહી ઋષિના પગમાં પ્રણામ કરી સત્યકામ ચાલ્યો ગયો.

ગાઢ અંધારા જંગલમાં થઈને, પગે ચાલી સરસ્વતીના ક્ષીણ, સ્વચ્છ અને શાંત પ્રવાહને પાર કરી, નદી કિનારે નીરવપણે ઊંઘતા ગામને છેડે આવેલી માતાની ઝૂંપડીમાં તેણે પ્રવેશ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજનો સળગાવેલો દીવો ઘરમાં બળતો હતો; માતા જબાલા પુત્રની વાટ જોતી બારસાખ પકડીને ઊભી હતી. પુત્રને જોઈ, એને છાતીસરસો ખેંચી, એનું માથું સૂંઘી એણે એને કલ્યાણ અને કુશળના આશીર્વાદ આપ્યા.

સત્યકામે પૂછ્યું:—

'કહે, મા! મારા પિતાનું નામ શું? કયા વંશમાં મારો જનમ છે? હું દીક્ષા લેવા ગૌતમની પાસે ગયો હતો'—ગુરુએ મને કહ્યું : વત્સ, 'માત્ર બ્રાહ્મણને જ બ્રહ્મવિદ્યા પામવાનો અધિકાર છે, તો માતા મારું ગોત્ર કયું છે?'

આ સાંભળી, નીચું જોઈ મૃદુ કંઠે માતાએ કહ્યું:— "જુવાનીમાં દારિદ્રયના દુઃખે ખૂબ સેવા ચાકરી કરી તને પામી છું. તું પતિહીન જબાલાને ખોળે જન્મ્યો છે. તારા ગોત્રની મને ખબર નથી, તાત!'

બીજે દિવસે, તપોવનનાં તરૂઓની ટોચે નવા દિવસનું ખુશનુમા પ્રભાત જાગ્યું.

ઝાકળથી સુલાયમ બનેલા કોમલ પ્રકાશ જેવા, ભક્તિનાં આંસુથી ધોવાયેલી નવી પુણ્યછટા જેવા, પ્રાતઃ સ્નાનથી સુકોમળ દેખાતા, જળબિંદુડાં ટપકતી ભીની જટાવાળા, પવિત્ર શોભાવાળા, સૌમ્યમૂર્તિ, અને ઉજ્જવળ કાયાવાળા સૌ તાપસબાળકો વૃદ્ધ વડની છાયા હેઠળ ગુરુ ગૌતમને ઘેરીને બેઠા છે.

પક્ષીઓ કલરવ કરી રહ્યાં છે, ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે, જળ કલકલ અવાજ કરી રહ્યું છે; એ બધાંની સાથે સાથે, તરુણ બાળકોના ગંભીર, મધુર અને વિચિત્ર કંઠમાંથી શાન્ત સામગાનનો સમૂહ-ધ્વનિ ઊઠે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવે વખતે સત્યકામે પાસે આવી ઋષિના ચરણમાં પ્રણામ કર્યા;–અને પહોળી આંખો ઉઘાડી મૂંગો બની જોઈ રહ્યો.

પછી આચાર્યે એને આશીર્વાદ દઈ પૂછ્યું,—'હે સૌમ્ય, હે પ્રિયદર્શન! કયું ગોત્ર છે તારું?'

માથું ઊંચું કરી બાળક બોલ્યો:

'ભગવન્, મારા ગોત્રની મને ખબર નથી. મેં મારી માને પૂછ્યું,— એણે કહ્યું —'સત્યકામ, ખૂબ સેવાચાકરી કરી તને પામી છું. તું પતિહીન જબાલાને ખોળે જન્મ્યો છે— તારા ગોત્રની મને ખબર નથી."

આ વાત સાંભળીને શિષ્યોએ—મધપૂડા પર માટીનું ઢેકું પડે ને માખીઓ ક્ષુબ્ધ તથા ચંચળ બની જાય તેવી રીતે—ધીમે ધીમે ગણગણાટ શરૂ કરી દીધો. સૌ વિસ્મયથી વિકળ બની ગયા; કોઈ હસ્યું, તો કોઈએ આ બેશરમ અનાર્યનું ગુમાન જોઈ ધિક્કાર પ્રગટ કર્યો.

ગૌતમ ઋષિ આસન છોડી, બાહુ પ્રસારી ઊઠયા, —બાળકને આલિંગન કરી બોલ્યા:

'તું અબ્રાહ્મણ નથી, તાત! તું દ્વિજોત્તમ છે, તું સત્ય કુળમાં જન્મેલો છે.'

ઌ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથાનું દાન

[મહા વસ્ત્વદાન]

કોશલ રાજાનો જોટો નથી, જગતભરમાં એનાં યશોગાન ગવાય છે; દુઃખીનું એ હમેશાં આશ્રયસ્થાન છે, દીનનો એ પિતામાતા છે.

આ સાંભળીને કાશીનો રાજા ઈર્ષ્યાથી સળગી જાય છે:—

'મારી પ્રજા મારા કરતાં યે એને મોટો માને છે? મારા કરતાં જેનું આસન નીચું છે, એનાં દયાદાન મારા કરતાં ચડી જાય? ધર્મ, ને દયામાયાની વાતો બધી જૂઠી છે, એમાં તો માત્ર એનો દ્વેષ પ્રકટ થાય છે.'

એણે આગળ ચલાવ્યું: 'સેનાપતિ, તલવાર ઉપાડો, લશ્કર બધું ભેગું કરો. શું મારા કરતાં યે એ વધારે પુણ્યવાન ગણાય, એમ? એનો ગર્વ બહુ વધી ગયો છે!'

કાશીરાજ યુદ્ધ કરવા ઊપડયો—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોશલરાજ રણક્ષેત્રમાં હારીને, રાજ્ય છોડી દઈ શરમનો માર્યો દૂર જંગલમાં નાસી ગયો.

પછી કાશીનો રાજા હસીને પોતાના સભાસદોને કહે છે—

'ધન સાચવવાનું જેના હાથમાં જોર છે, તેણે જ દાતા થવું શોભે.'

સૌ રડી કકળીને કહે છેઃ—

'ભયંકર રાહુ આવા ચંદ્રમાને પણ ગળી જાય છે? લક્ષ્મી માત્ર બળિયાનો જ હાથ શોધે છે, ધર્મની સામે એ નથી જોતી!'

—'અમે આજે નબાપાં થર્યા!'

દશે દિશાઓ રડી રડીને કહે છે:

—'સકળ જગતના જે મિત્ર છે તેમના શત્રુઓને ધિક્કાર હજો!'

આ સાંભળી કાશીરાજ ક્રોધથી ફુંફાડી ઊઠયો;

'નગરમાં આટલો શોક શાનો છે?

'હું તો હજી બેઠો છું; તો કોને માટે આ બધા લોકો માથું પટકી મરે છે?

'મારા બાહુબળથી એ હારી ગયો છે, તોયે શું તે મને જીતી જશે એમ?

'દુશ્મનને કદી બાકી ન રાખવો, એવું શાસ્ત્રનું વચન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મંત્રી, નગરમાં પડો વજડાવો, ચારે કોર જાહેર કરી દો—

'જે કોશલરાજને પકડી લાવશે તેને સો સોનામહોરો મળશે."

રાજદૂતો ઘેર ઘેર ફરીને રાતદિવસ ઢંઢેરાની વાતો સંભળાવ્યા કરે: જે સાંભળે છે તે આંખો મીંચી, જીભ કરડી. કંપી ઊઠી કાને હાથ દઈ દે છે.

રાજ્ય વગરનો રાજા મલિન વસ્ત્રે ને દીન વેશે જંગલમાં ફરે છે; એવામાં એક દિવસ કોઈ પ્રવાસીએ આંસુભરી આંખે એને પૂછ્યું,—

'હે વનવાસી! આ વન ક્યાં પૂરું થાય છે? કોશલ જવાનો રસ્તો કઈ તરફ છે?'

આ સાંભળી રાજા કહે છે:

'ભાઈ! એ અભાગિયા દેશમાં શા દુઃખે તમારે જવું પડે?'

પ્રવાસી કહે છે;

'હું વણિક છું, મારું વહાણ ડૂબી ગયું છે. હવે ઘેર ઘેર ભીખ માગતો ફરી કેવી રીતે જીવતો રહું! કોશલપતિ દયાના સાગર છે, એમની કીર્તિ ચોતરફ સાંભળતો આવું છું. તેઓ અનાથના નાથ છે, દીનની ગતિ છે; એટલે એટલે આ દીન તેમને શરણે જવા નીકળ્યો છે.'

આ સાંભળી રાજપુત્રે જરા હસીને આંખનાં અશ્રુ ખાળી રાખ્યાં. પળવાર નીરવ રહી કંઈ વિચાર કરી લઇ છેવટે નિઃશ્વાસ નાખી એણે કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હે પથિક, ચાલ તારી ઈચ્છા પૂરી થાય એવો રસ્તો હું તને દેખાડી દઈશ. બહુ દુઃખ વેઠીને તું આટલે દૂર આવ્યો છું, તો તારો મનોરથ પૂર્ણ થશે.'

કાશીરાજ સભા ભરીને બેઠો છે.

એટલામાં એક જટાધારી આવીને ઊભો.

'અહીં કેમ આવવું પડ્યું?'—રાજાએ હસીને પૂછ્યું.

'હું કોશલરાજ વનભવન છું.' ધીરેથી એ વનવાસીએ કહ્યું;—

'મને જીવતો પકડવાના જે સોનૈયા દેવાના છે તે મારા આ સાથીદારને ગણી આપો!'

સભાસદો એકદમ ચોંકી ગયા, સભાગૃહ શાંત થઈ ગયું.

બખ્તરસજ્જ દ્વારપાળની આંખમાં પણ આંસુ ઉભરાઇ આવ્યાં.

પળવાર મૌન રહી કાશીનો રાજા હસીને બોલ્યોઃ—

'વાહરે કેદી! મરીને મારા ઉપર વિજય મેળવવાની આ ખરી જુક્તિ જમાવી!

પણ તારી આશા હું આજે છિન્નભિન્ન કરી નાખીશ, આજના રણજંગમાં હું તને ચોક્કસ હરાવીશ. જા તારું રાજ્ય તને પાછું દઈ દઉં છું; ને સાથે સાથે મારું હૃદય પણ તને દઉં છું."

ફાટ્યાંતૂટ્યાં વસ્ત્રવાળા વનવાસીને રાજાએ સિંહાસન પર બેસાડ્યો, અને એના મેલા માથા પર મુકુટ પહેરાવી દીધો.

નગરજનો બોલ્યા: 'ધન્ય હો!'

૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજારિણી

[અવદાનશતક]

રાજા બિંબિસારે બુદ્ધ ભગવાનનાં ચરણમાં પ્રણામ કરી એમના પગના નખની એક કણી માગી લીધી !

એ કણીને રાજવાડીમાં એકાન્ત સ્થળે સ્થાપન કરીને, ખૂબ ભાવથી, શિલ્પકલાના નમૂના રૂપ એક અતિ સુન્દર પાષાણનો સ્તૂપ તેની ઉપર રચાવ્યો.

રોજ સાંજે રાજવધુઓ અને રાજકન્યાઓ, નિર્મળ વસ્ત્રો પહેરીને, ફુલની સજેલી છાબડીઓ લઇને આવતી, અને સ્તૂપની આસપાસ સોનાના થાળમાં પોતાને હાથે કનકની દીપમાળા પ્રગટાવતી.

પિતાની ગાદી કબજે કરી જ્યારે અજાતશત્રુ રાજા થયો, ત્યારે તેણે રાજનગરમાંથી પિતાનો ધર્મ લોહીની ધારે ધોઈ નાખ્યો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બૌદ્ધશાસ્ત્રોનો ભંડાર યજ્ઞના અગ્નિની જ્વાળાઓમાં હોમી દીધો.

રાજનગરની નારીઓને બોલાવી અજાતશત્રુએ કહી દીધું:—

'વેદ, બ્રાહ્મણ અને રાજા સિવાય બીજા કોઈની સંસારમાં પૂજા કરવાની નથી. આ વાત બરાબર મનમાં સમજી રાખજો— એમાં ભૂલ થઈ તો આવી બન્યું!'

શરદ ઋતુનો એ દિવસ પૂરો થયો,—

શ્રીમતી નામે એ દાસી પુણ્યપવિત્ર શીતળ જળમાં નાહીને, થાળમાં પુષ્પ અને દીપ લઇને, રાજરાણીની પાસે આવી એમની આજ્ઞાની રાહ જોતી નીરવ બની ઊભી.

રાણી ભયથી કંપી ઊઠી બોલી—

'અરે! શું તું ભૂલી ગઇ?—અજાતશત્રુએ પડો વજડાવ્યો છે કે સ્તૂપની પૂજાઅર્ચના કરનારને શૂળીએ ચઢાવવામાં આવશે અથવા દેશવટો દેવામાં આવશે.'

ત્યાંથી પાછી ફરી એ ધીરે પગલે રાજવધુ અમિતાના આવાસમાં ગઈ.

સામે સોનાનો આયનો મૂકીને, રાજવધુ લાંબા કેશનો અંબોડો બાંધતી હતી, ને ખૂબ જાળવીને સેંથીમાં સિંદૂર પૂરતી હતી.

શ્રીમતીને જોઈ એનો હાથ કંપી ગયો, સિંદૂરની રેખા વાંકી થઇ ગઈ,—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બોલી : 'મૂરખી ! કઈ હિંમતથી પૂજા લઈને આવી છે ! હમણાં જ જતી રહે. નહિ તો, ક્યાંક કોઈ જોઈ જશે, તો ભારે વિપત્તિ આવી પડશે !'

આથમતા સૂરજનાં કિરણોના ઉજાસમાં, ઉઘાડી બારી આગળ એકલી બેસીને, રાજકુમારી શુક્લા એકચિત્તે કાવ્યકથા વાંચી રહી હતી.

ઝાંઝરનો ઝણકાર સાંભળીને એ ચમકી પડી, અને બારણા ભણી નજર કરી જોઈ રહી.

શ્રીમતીને જોઈ, પોથી જમીન પર મૂકી દઈ, એ એકદમ એની પાસે ગઈ.

પછી એના કાનમાં મોં નાખી ખૂબ સાવધાનીથી બોલી :

'રાજાએ આજે હુકમ કર્યો છે એ કોણ નથી જાણતું ? આવી રીતે કંઈ દોડીને મૃત્યુના મોંમાં પડવાનું તે હોય !'

હાથમાં પૂજનથાળ લઈ શ્રીમતી બારણે બારણે ફરી. અને એણે બૂમ મારી બોલાવી :

"હે નગરની નારીઓ ! પ્રભુની પૂજાનો વખત થયો છે !—'

આ સાદ સાંભળી ઘેર ઘેર કોઈ ભયથી ધ્રુજવા લાગ્યું, તો કોઈ એને ગાળો દેવા લાગ્યું.

દિવસનો છેલ્લો પ્રકાશ નગરની હવેલીઓને માથે પહોંચ્યો !

નિર્જન રસ્તો અંધારામાં વિલીન થઈ ગયો, કલરવ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોલાહલ ક્ષીણ થતો ગયો, પ્રાચીન રાજ દેવાલયમાં આરતીની ઝાલર રણઝરવા લાગી.

શરદ ઋતુની રાત્રિનો પારદર્શક અંધકાર છે, ગગનમંડપમાં અગણિત તારાઓ ઝમઝગે છે.

રાજમહેલના દ્વારે શરણાઈ વાગી, બંદીજનો સાયંગીત ગાવા લાગ્યા.

'મંત્રણાસભા પૂરી થઇ'—એવું દ્વારપાળે પોકારીને જાહેર કર્યું. એવે વખતે મહેલનો એકે એક પહેરેગીર ચમકી પડ્યો.

'રે ! રાજાની નિર્જન વાડીમાં, આ ગાઢ અંધકારમાં, સ્તૂપની નીચે, હારબંધ દીપમાળાઓ ગોઠવી હોય એવો ઝગમગાટ શાનો છે ?'

હાથમાં નાગી તલવાર લઈ નગરપાલ તરતજ ત્યાં દોડી ગયો ને પૂછ્યું :

, હે દુર્મતિ ! તું કોણ છે ? મરવા વાસ્તે અહીં આરતી કરે છે !'

મધુર કંઠનો પ્રત્યુત્તર મળ્યો : 'હું છું શ્રીમતી—બુદ્ધની દાસી !' તે દિવસે શુભ્ર શિલા ઉપર રક્તની રેખા પડી.

તે દિવસે, શરદ ઋતુની સ્વચ્છ રાત્રિએ, રાજવાડીના શાંત એકાન્તમાં, સ્તૂપને ચરણે છેલ્લી આરતીની જ્યોત ઓચિંતી હોલવાઇ ગઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ જેવું નુકસાન

[દિવ્યાવદાન માલા]

મહા મહિનાનો શીતળ પવન વાય છે.

વરુણા નદીનાં નીતર્યાં નીર વહી રહ્યાં છે.

કાશીની રાજરાણી કરુણા નગરીથી દૂર નિર્જન ગામમાં ચંપકવનમાં શિલાઘાટ પર સખીઓ સાથે સ્નાન કરવા નીકળી છે.

રાજાના હુકમથી એ રસ્તો અને એ ઘાટ આજે સવારે નિર્જન છે. નજીકમાં થોડાંક ઝૂપડાં હતાં, તે ખાલી કરીને લોકો જતા રહ્યા છે; તેથી નદી કિનારો બિલકુલ શાંત છે.

માત્ર વનમાંથી પંખીઓનો કલરવ સંભળાય છે.

ઉત્તર દિશાના પાગલ પવનથી આજે નદી પાગલ બની છે.

સોનેરી પ્રકાશ એનાં પાણી પર પડે છે, આનંદથી મોજાં છલ છલ ઊછળી રહ્યાં છે, જાણે લાખ લાખ મોતી ઓઢણે ચમકાવતી કોઈ નટી નૃત્ય કરતી ચાલી રહી છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારીઓના કંઠરવે આજે નદીના કલ કલ નિનાદને યે શરમાવી દીધો.

કમળની ડાંડલી સમી ભુજાઓના લલિત વિલાસથી, ચંચળ નદી ઉલ્લાસથી મત્ત બની ગઈ છે. આલાપ, પ્રલાપ અને ખડખડાટ હાસ્યથી આકાશ આકુલ બની ગયું છે,

સ્નાન સમાપ્ત કરી જ્યારે સૌ નારીઓ કિનારા પર આવી ત્યારે રાણીએ કહ્યું :

"હાય ! ટાઢે મરું છું; મારું તો આખું શરીર ટાઢથી થરથરે છે. અલી સખી ! જરા દેવતા તો સળગાવ કે એના તાપે ટાઢ ઉડાડું !'

સખીઓ બધી લાકડાં વીણવા કુસુમવનમાં ચાલી, કૌતુકરસથી એ વેલડીઓ ડાળીઓ પકડી ખેંચાખેંચ કરવા લાગી.

એટલામાં એકાએક રાણીએ સૌને બોલાવી હસતે વદને કહ્યું:

'અલીઓ ! અહીં આવો ! પેલી પાસે કોઈની ઝૂંપડી દેખાય ! એ ઝૂંપડીને આગ લગાડો, એના તાપે જરા મારા હાથ પગ શેકાશે.'

આટલું બોલી રાણી રંગમાં આવી મીઠું હસી પડી.

માલતી અતિ કરૂણ ભાવે બોલી :

'આવી તે મશ્કરી હોય, રાણી મા ! આગ લગાડી એ શા સારૂ બાળી નખાવો છો ! એ ઝૂંપડી કોઈ સાધુ સંન્યાસીએ બાંધી હશે, કે કોઈ ગરીબે બાંધી હશે કે કોઈ મુસાફરે બાંધી હશે—કોને ખબર છે, મા !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણી ગુસ્સો કરી બોલી: 'કાઢી મૂકો આ ગરીબ પર દયા કરવાવાળીને !'

અતિ અદમ્ય કૌતુકે ભરેલી, અને યૌવનમદથી છકી નિષ્ઠુર બનેલી એ બધી યુવતીઓએ મળીને, પાગલની પેઠે ઝૂંપડીને આગ લગાડી દીધી.

ઘનઘોર ધુમાડાના ગોટેગોટા ફૂલી ફૂલીને ઊડવા લાગ્યા. જોત-જોતામાં હૂ હૂ હુંકારા કરી, સુસવાટે સુસવાટે તણખા કાઢી, સેંકડો સેંકડો ચંચળ જીભો ફેલાવી આકાશ લગી પહોંચ્યો.

રે ! જાણે પાતાળ ફોડીને બધી જ્વાળામયી નાગણીઓ બહાર નીકળી આવી, અને આકાશ ભણી ફેણો નચાવતી, ગાજી ગાજીને ગાનમાં મસ્તાન બની ગઈ !

પ્રલય કાજે પાગલ બનેલી પેલી રમણીઓના કાનમાં દીપક રાગિણી બજવા લાગી.

પ્રભાતમાં પંખીઓ આનંદગાન ગાતાં ગાતાં ભયના વિલાપ કરવા લાગી ગયાં;—

કાગડા ટોળે વળીને કોલાહલ કરવા લાગ્યા.

ઉત્તર દિશાનો પવન જોરથી ફુંકાવા લાગ્યો.

ઝૂંપડીએ ઝૂંપડીએ અગ્નિ ઊડી ઊડીને દોડવા લાગ્યો.

અગ્નિની એ પ્રલયલોલુપ જીભે નાનકડા ગામને ચાટી સાફ કરી નાખ્યું.

માઘ મહિનાના એ પ્રભાતે, આનંદથી થાકી પાકી રાણી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સો સાહેલીઓ સાથે, હાથમાં કમળ લઈ, જાજરમાન અરુણરંગી ઓઢણું ઓઢી એ નિર્જન રસ્તે પાછી વળી.

તે વખતે રાજા સભામાં ન્યાયાસન પર બેઠેલો હતો.

ઘરબાર વગરના થઈ ગએલા લોકોનાં ટોળેટોળાં ત્યાં આવ્યાં, અને પગે પડી, સંકોચ તથા ત્રાસ અનુભવી, કહેવું ન કહેવું એની મુંઝવણમાં કંપતી ગદ્‌ગદ્‌ વાણીમાં તેમણે પોતાનું દુઃખ જાહેર કર્યું.

સિંહાસન છોડીને રાજા ઊભો થઈ ગયો—એનું મોં શરમથી લાલ થઈ ગયું હતું.

અકાલે તેણે રાણીના આવાસમાં પ્રવેશ કર્યો, અને પૂછ્યું:

'રાણી, આ શું? ગરીબ બિચારી પ્રજાનાં ઘર બાળી મૂક્યાં, એમાં કયો રાજધર્મ હતો?'

રાજાની રાણી રોષે ભરાઇને બોલી:

'કઈ બુદ્ધિથી તમે એને ઘર કહો છો? થોડાંક જીરણ ઝૂંપડાં ગયાં તો એમાં માણસને કેટલુંક નુકસાન થઈ જવાનું હતું તે? રાજરાણીના એક પહોરના વિલાસમાં કેટલુંયે ખરચ થાય છે!'

જાગી ઊઠેલો રોષ ભભૂકતા હૃદયમાં દબાવીને રાજા બોલ્યો:

'જ્યાં લગી તમે રાજરાણી છો ત્યાં લગી, તમને, ગરીબનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝૂંપડું જવાથી કેટલું નુકસાન થાય છે તે નહિ સમજાય, એ હું બરાબર જાણું છું. એટલે નિર્દય થઈને પણ મારે તમને એ સમજાવવું પડશે !'

રાજાના હુકમથી દાસીએ આવીને રાણીના અંગ પરથી આભૂષણો ઉતારી લીધાં. પેલું અરુણરંગી ઓઢણું નિર્દય બની એણે ખેંચીને કાઢી લીધું.

પછી ભિખારણનાં ફાટેલાં લૂગડાં લાવી એણે રાણીના શરીર પર ચડાવી દીધાં.

રાણીને રસ્તા પર લઈ જઈને રાજા બોલ્યો:—

'ઘેરઘેર ભીખ માગતાં માગતાં ભટકજો; એક પહોરના તમારા અમનચમનમાં જે ઝૂપડાં બળીને ખાખ થઈ ગયાં છે, તે બધાં, ગમે તેટલા દિવસ લાગે, તો પણ તમારે જ ફરી બંધાવી આપવાનાં છે.

એક વરસની મુદત આપું છું. મુદત વીતે પાછા આવી, ભરી સભામાં ઊભા રહી, હાથ જોડી, હે યુવતી ! જીરણ ઝૂંપડી બાળી નાખવાથી જગતને કેટલું નુકસાન થાય છે, તે સૌને જણાવજો !'

✡

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફુલનું મૂલ

[અવદાનશતક]

માગશર મહિનાની શિયાળાની રાતે, હીમનો નિર્દય માર ખાઈ ખાઈ પદ્મ બધાં મરી ગયાં છે.

પરંતુ, સુદાસ માળીની વાડીના સરોવરમાં શી ખબર કેવી રીતે એક ફૂલ ખીલ્યું છે.

ફૂલ ચૂંટી લઈ, એ વેચવાને માટે એ રાજાના મહેલને દરવાજે પહોંચ્યો, એણે રાજાના દર્શન માગ્યા.

એવામાં ફૂલ જોઈ, આનંદથી પુલકિત બની જઈ રસ્તે જતો એક માણસ બોલ્યો :

"નહિ ધારેલે વખતે આ કમળફૂલ તું લાવ્યો છે મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વેચાતું લેવું છે, બોલ, એનું શું લેવું છે ? આજે ગામમાં ભગવાન્ બુદ્ધ પધાર્યા છે; હું એ એમનાં ચરણમાં ધરીશ.'

માળી કહે : 'આ ફૂલનું એક માષા* સોનું મળવાની મને આશા છે.'

પેલા માણસે એટલું આપવાની ઇચ્છા દેખાડી.

એટલામાં, ધામધૂમપૂર્વક, પૂજા અને અર્ઘ્યની અનેક સામગ્રી લઈ રાજા બહાર નીકળ્યો.

રાજા પ્રસેનજિત મંગલગીત ગાતો ગાતો બુદ્ધનાં દર્શને જાય છે—

આવે વખતે નહિ ધારેલું ફૂલ જોઈ, એણે પૂછ્યું:

"શું લેવું છે ? હું એ લઈને ભગવાનને ભેટ ધરીશ."

માળી કહે : 'મહારાજ ! એક માષા સોનું આપવાનું કહી આ શેઠે એ વેચાતું લઈ લીધું છે.'

'હું દશ માષા આપીશ.'—રાજા બોલી ઊઠયો.

'હું વીસ આપીશ.'—પથિક બોલ્યો.

બંને જણે કહે છે : 'મને આપ, મને આપ.'

કોઈ નમતું આપતું નથી.

અને ફૂલનું મૂલ તો વધતું જ જાય છે.

*૬૬ કે ૬૦ તોલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માળી વિચાર કરે છે કે જેમને આ ફૂલ આપવા માટે આ બંને જણા વાદે ચડયા છે, તેમને જ જઈને જો આ ફૂલ હું આપું તો મને કેટલું બધું મળશે !

તે હાથ જોડીને બોલ્યો : 'દયા કરીને મને માફ કરો, આ ફૂલ મારે વેચવું નથી.'

આટલું બોલી એ દોડયો—જ્યાં ઉપવનને પ્રકાશિત કરતા બુદ્ધદેવ બેઠા હતા ત્યાં પહોંચી ગયો.

નિરંજન આનંદ સ્વરૂપ ભગવાન પ્રસન્ન શાંત ચિત્તે પદ્માસન વાળીને બેઠા છે.

એમની દૃષ્ટિમાંથી શાંતિ ઝરે છે, એમના હોઠ પર કરૂણાના અમૃતનો હાસ્ય ઉજાસ ફરકે છે.

સુદાસ જોઈ રહ્યો. એની પાંપણો પલકવાનું ભૂલી ગઈ, એના મુખમાંથી શબ્દ નીકળતો નથી.

એકદમ ભૂમિ પર પડી, એણે પ્રભુના પાદપદ્મમાં પદ્મ ધરી દીધું.

અમૃત વરસાવી બુધ્ધે હસીને પૂછ્યું : "કહે ભાઈ, તારે શું જોઈએ છે ?'

વ્યાકુળ સુદાસ કહે છે : 'પ્રભુ, બીજું કંઈ નથી જોઈતું, માત્ર આપના ચરણની એક રજકણ !'

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપમાન—પ્રભુનું દાન

[ભક્તમાલ]

ભક્ત કબીર સિદ્ધ પુરુષ છે, એવી દેશમાં એમની ખ્યાતિ થઈ ગઈ છે.

એમની ઝૂંપડીને ઘેરીને લાખો નરનારીઓ આવીને ઊભાં.

કોઈ કહે છે: 'મંત્ર ભણી મારો રોગ દુર કરી દો!'

કોઇ કહે વંધ્યા સ્ત્રી સંતાનને માટે રડારોળ કરી રહી છે.

કોઈ કહે છે: 'તમારી દૈવી શક્તિ મને નજરોનજર દેખાડો.'

કોઈ કહે છે: 'દુનિયામાં વિધાતા છે એ વાત પ્રમાણપૂર્વક સાબીત કરો.'

કબીર રડીને બે હાથ જોડી ભગવાનને કહે છે:

'હે હરિ, દયા કરીને તેં મને નીચ યવનને ઘેર જન્મ દીધો છે, એટલે મેં ધાર્યું હતું કે તારી એ અપાર કૃપાને લીધે કોઈ મારી પાસે નહિ આવે; અને સૌની નજર બહાર માત્ર તું ને હું બે જ રહીશું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ હે માયાવી, આ શી ચાલાકી કરી તેં? મને તેં છેતર્યો લાગે છે! આખી દુનિયાનાં લોકોને મારે ઘેર બોલાવી લાવી તારે ભાગી જવું છે, હેં?'

ગામમાં જેટલા બ્રાહ્મણો હતા તે બધાયે ખૂબ ગુસ્સે થઈ ગયા; 'યવન વણકરની ચરણરજ લેવા લોકો પડાપડી કરે છે. પાપના ભારથી ચારે પગે કલિ ભરાઈ ગયો છે.'

બ્રાહ્મણોએ ભેગા મળીને એક ભ્રષ્ટચરિત્ર નારીની સાથે કાવતરું કર્યું. છૂપી રીતે એને શું કરવું તે કહ્યું, અને એના હાથમાં સોનું ઠોસ્યું.

એક દિવસ હાટવારે કબીર ખાદી વેચવા આવ્યા છે એટલામાં એ બાઈએ એકદમ સૌના દેખતાં રડી પડી એમને પકડ્યા.

તે બોલી: 'અરે શઠ. નિષ્ઠુર, કપટી! હું કોઈને આ વાત કરતી નથી એટલે શું તું આવી રીતે ભોળી અબલાને છેતરી જઈશ એમ સમજે છે? વાહ! વગર વાંકે મને તજી દીધી, ને, સાધુનો વેશ તો સારો લીધો! જો ને, ખાવાપીવાં ને પહેર્યાં ઓઢ્યા વગર મારું તો શરીર કાળું પડી ગયું!'

પાસે ઉભેલા બ્રાહ્મણોએ જૂઠો ક્રોધ કર્યો: 'ધુતારા ભામટા! ધર્મને નામે તેં ધર્મનો લોપ કર્યો છે! તું લહેરથી બેઠો બેઠો આખી દુનિયાની આંખમાં ધૂળ નાખે છે, ને આ ભોળી બિચારી બૈરી વાટે ઘાટે ભીખ માગતી ફરે છે! વાહ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર બોલ્યા: 'હા, હું અપરાધી છું:--તો ઘેર ચાલો બાઇ! મારી પાસે અન્ન હોય ત્યાં સુધી તું શું કરવા ભૂખે મરે ?'

દુષ્ટ નારીને ઘેર લઇ આવીને વિનય અને માનપૂર્વક કબીરે કહ્યું:—'ગરીબના ઘરમાં ભગવાને તને મોકલી છે!'

પછી શરમ, ભય અને પરિતાપથી રડી પડી એ રમણીએ કહ્યું: 'લોભમાં ફસાઈ મેં પાપ કર્યું છે; સાધુના શાપે મારું મોત થશે.'

કબીર બોલ્યા: 'બીશ નહિ, મા! તારો અપરાધ હું નહિ ગણું; તેં જે મારા માથા પર અપમાન ને અપવાદ આણ્યો છે તે તો મારું ભૂષણ છે.'

કબીરે એના મનના વિકાર શમાવી દીધા, એને ચેતનાનું દાન દીધું, અને પછી એના મધુર કંઠે હરિનું નામ અને હરિનું કીર્તન ચડાવી દીધું.

દેશમાં વાત ફેલાઈ ગઈ કે કબીર ધુતારો છે, એની સાધુતા ખોટી છે.

એ સાંભળીને કબીર માથું નમાવીને કહે છે: 'હું સૌથી નીચે છું. જો સામે કિનારે પહોંચી જાઉં તો નૌકાનું ગુમાન મારે જરાયે નથી રાખવું, તમે જો મારી ઉપર હો, તો હું સૌથી નીચે રહીશ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુની વાત સાંભળીને રાજાના મનમાં કૌતુક થયું.

રાજદૂતો જ્યારે સાધુને બોલાવવા આવ્યા ત્યારે તેમણે માથું ધુણાવ્યું.

તે બોલ્યો : 'મારી જ હીનતામાં ડૂબીને હું સૌથી આઘો રહું છું. મારા જેવો નાલાયક માણસ રાજાની સભામાં તે શોભે ?'

દૂત કહે : 'તમે નહિ આવો તો અમારો વાંક નીકળશે, તમારી કીર્તિ સાંભળીને રાજાજીને સાધુનાં દર્શન કરવાનું મન થયું છે.'

રાજા સભામાં બેઠેલો હતો, સભાસદો હારબંધ ગોઠવાયા હતા.

એવામાં કબીરે ત્યાં પ્રવેશ કર્યો; તેમની પાછળ પેલી બાઈ હતી.

કોઈ હસે છે, કોઈ ભવાં ચડાવે છે, કોઈ શરમથી નીચું જુએ છે.

રાજા વિચાર કરે છે : આ તે કેવો નિર્લજ્જ છે કે બૈરીને લઈને ફરે છે!

રાજાએ ઇશારો કર્યો. દ્વારપાળે સાધુને સભામાંથી બહાર કાઢી મૂકયા. વિનયપૂર્વક કબીર બાઈને સાથે લઈને પોતાની ઝૂંપડીએ ચાલ્યા.

રસ્તામાં બ્રાહ્મણો ટોળે વળીને ઊભા હતા; તેઓ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૌતુક જોઇ હસવા લાગ્યા, અને એમને સંભળાવવા મશ્કરીઓ કરી કરી કઠોર ભાષા બોલવા લાગ્યા.

એ જોઈ રમણી રડી પડી. સાધુના પગમાં પડી તે બોલીઃ 'રે! પાપના પંકમાંથી શા સારૂ મને કાઢી? શા સારૂ આ અધમને ઘરમાં રાખી અપમાન સહી રહ્યા છો?'

કબીર બોલ્યાઃ 'આ, તું તો મારા પ્રભુનું દાન છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિપ્રાપ્તિ

[ભક્તમાલ]

એક દિવસ સાંજે, ગંગાને કિનારે, સૂના સ્મશાનમાં, તુલસીદાસ મનથી મનથી પોતાના ગાનમાં મસ્ત બની એકલા ફરતા હતા.

એવામાં એમણે જોયું તો મૃત પતિના ચરણ આગળ સતી બેઠેલી હતી: પતિની સાથે એક જ ચિતામાં બળી મરવાનો તેનો મનસૂબો હતો.

એની સાથેના લોકો ઘડીએ ઘડીએ આનંદથી ચિત્કાર કરી જયનાદ કરતા હતા. પુરોહિત બ્રાહ્મણો એની ફરતા ઊભા રહીને એને ધન્યવાદ દેતા હતા.

એકાએક સાધુને સામે ઊભેલા જોઈ બાઈએ પ્રણામ કર્યા, અને વિનયપૂર્વક કહ્યું: 'પ્રભુ! આપના શ્રીમુખે મને રજા આપો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુલસીદાસ બોલ્યા : ' માતા, ક્યાં જવાની આટલી તૈયારીઓ કરી રહી છે ? '

સતી કહે : ' પતિની સાથે સ્વર્ગમાં જવું છે. '

' ધરતી છોડીને શા સારૂ, બાઇ, તું સ્વર્ગની કામના કરે છે ? ' સાધુએ હસીને કહ્યું. ' હે માતા, જે સ્વર્ગનો માલિક છે તેજ શું આ પૃથ્વીનો પણ નથી ? '

આ શબ્દો સમજી ન શકવાથી બાઇ વિસ્મયથી મૂક બની જોઇ રહી—

પછી હાથ જોડીને બોલી : ' પતિ જો મળે તો સ્વર્ગનું મારે કામ નથી ! '

તુલસીદાસ હસીને બોલ્યા : ' તો ઘેર પાછાં વળો; મારું વચન છે, આજથી એક મહિના પછી તું તારા પતિને પાછો પામીશ ! '

આશાને વશ થઈ રમણી, સ્મશાનનો ત્યાગ કરી ઘેર પાછી ગઈ.

તુલસીદાસ એ ગંગાને કિનારે શાંત રાત્રિ બધી જાગતા રહ્યા.

બાઇ શુદ્ધ ચિત્તે એકલી ઘરમાં રહે છે.

તુલસીદાસ રોજ તેને કંઈ મંત્ર આપે છે, બાઇ એકચિત્તે એનું ધ્યાન કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મહિનો પૂરો થતાં પડોશીઓએ ટોળે મળી એને ઘેર આવી પૂછ્યું : 'પતિ મળ્યો ?'

બાઈ હસીને કહે છે : 'હં, મળ્યા.'

એ સાંભળી, વ્યગ્ર બની લોકો પૂછે છે : 'કહે ત્યારે કહે, એ ક્યાં છે ?'

બાઇ કહે છે : 'પ્રભુ રાત દિવસ મારા અંતરમાં વિરાજી રહ્યા છે.'

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારસમણિ

[ભક્તમાલ]

વૃંદાવનમાં નદી તીરે સનાતન ગોસ્વામી એકચિત્તે નામ જપી રહ્યા છે.

એવામાં કોઈ કંગાલ બ્રાહ્મણે આવી એમનાં ચરણમાં પ્રણામ કર્યા.

સનાતને પૂછ્યું: 'ક્યાંથી આવો છો, મહારાજ! તમારું નામ?'

બ્રાહ્મણે કહ્યું: 'શું કહું, કેટલું રખડીને છેવટે આજે તમારાં દર્શન પામ્યો છું! મારું નામ જીવન, વર્ધમાન જિલ્લામાં માનકર મારું ગામ છે. મારા જેવો અભાગિયો, કંગાલ અને અકિંચન ક્યાંયે કોઈ નહિ હોય! ટુકડો જમીન છે, તે પર મહેનત કરી જરાતરા મેળવું છું, બાકી શરમથી ઊંચું જોવા જેવું નથી રહ્યું. ક્રિયાકર્મ, યજ્ઞયાગ માટે પહેલાં બહુ ખ્યાતિ હતી, આજે એમાંનું કાંઈ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એટલે મારી ઉન્નતિને માટે શિવની આરાધના કરી મેં વરદાન માગ્યું—

એક દિવસ મધરાતે દેવે મને સ્વપ્નું આપ્યું ને કહ્યું:

'તારી ઇચ્છા પૂરી થશે; તું યમુના તીરે જા, ને સનાતન ગોસ્વામીનું શરણું લે; એમને પિતા તુલ્ય માનજે, એમના હાથમાં ધનનો ઉપાય છે!'

આ વાત સાંભળી સનાતન વ્યાકુળ બની વિચારમાં પડી ગયા—

'મારી પાસે શું છે? જે કંઈ હતું તે તો બધું ફેંકી દઈને ચાલ્યો આવ્યો છું—માત્ર આ ભિક્ષાપાત્ર મિલકતમાં છે.'

એકાએક વિસ્મૃતિ હટી જાય છે,—સાધુ મોટેથી બોલી ઊઠે છે—

'ખરું, હા! ખરું! એક દિવસ નદી કાંઠેથી એક પારસમણિ જડી આવ્યો છે ખરો! વખતે કોઈવાર કોઈને આપવા થાય ધારી મેં એ ત્યાં રેતીમાં દાટયો છે. એ લઈ જાઓ, મહારાજ! એને અડતા અડતામાં જ તમારું દુઃખ દૂર થઈ જશે!'

બ્રાહ્મણે એકદમ દોડતા જઈ રેતી ખોદી મણિ શોધી કાઢયો.

લોઢાનાં બે માદળિયાં એનો સ્પર્શ થતાં જ એકદમ સોનાનાં થઈ ગયાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણ નવાઈ પામી રેતી ઉપર જ બેસી પડયો—ને મનમાં મનમાં વિચાર કરવા લાગ્યો :

યમુના કલકલ ગાન કરતી એના કાનમાં કંઈ કહી રહી હતી.

નદીની સામે પાર, દિવસને અંતે થાકેલો લાલચોળ સૂરજ અસ્તાચળ પર ઉતરી ગયો,—

તે વખતે બ્રાહ્મણ ઊભો થઈ સાધુનાં ચરણમાં લેટી પડી, આંસુભરી આંખે બોલ્યો,—

'જે ધનથી ધનવાન બનીને, તમે મણિને મણિ ગણતા નથી, તે ધનનો જરાક અંશ મને આપો, એટલું હું માથું નમાવીને માગી લઉં છું !'

આટલું બોલી એણે પારસમણિ નદીમાં ફેંકી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીર બંદા

પાંચ નદીઓને કિનારે,

માથા ઉપર વેણી બાંધીને,

જોત જોતામાં ગુરુના મંત્રથી શીખો નિર્મમ અને નિર્ભય બનીને જાગી ઉઠયા.

'ગુરુકી જય!'

—હજાર હજાર કંઠમાંથી નીકળતા એ ધ્વનિથી દિશાઓ ભરાઈ ગઈ!

નવી જાગૃતિ પામેલા શીખોએ નવીન ઉષાના સૂર્યની સામે મીટ માંડી જોયું.

'અલખ નિરંજન!—'

એવો મહાઘોષ ઊઠયો, બંધનો તૂટવા લાગ્યાં, ભય ભાગવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાતીની પાસે લટકતી કિરપાણુ મહા ઉલ્લાસથી ઝણઝણવા લાગી.

આખું પંજાબ આજે ગાજી ઊઠ્યું—

'અલખ નિરંજન!'

એવો એ દિવસ આવી પહોંચ્યો છે, જ્યારે લાખો પ્રાણો શંકા શી ચીજ છે એ જાણતા નથી, કે કોઈનું યે ઋણ શિર પર રાખતા નથી.

જીવન અને મૃત્યુ તો એમના ચરણનાં દાસ માત્ર છે. ચિત્ત બિલકુલ ચિંતારહિત છે.

પાંચે નદીઓના દશે તીરને ઘેરીને એવો એ દિવસ આવી પહોંચ્યો છે.

દિલ્લીના રાજમહેલની અગાશીએ, બાદશાહ ઘડીએ ઘડીએ તંદ્રામાંથી ઝબકીને જાગી ઊઠે છે:

આ કોના અવાજથી ગગન વલોવાઈ રહ્યું છે? કોના અવાજથી ગાઢ રાત્રિના ટુકડા થઈ રહ્યા છે? કોની મશાલોથી આકાશના લલાટમાં આગ લાગી ગઈ છે?

પાંચ નદીઓને કિનારે, ભક્ત શરીરોની રક્ત-લહરીઓ મુક્ત થઈ કે શું?

લાખ લાખ છાતી ચીરીને, જાણે પ્રાણ-પંખીઓનાં ટોળાં પોતાના માળા ભણી દોટ દઈ રહ્યાં છે!

પાંચ નદીઓને તીરે આજે માતાઓએ પોતાના વીરપુત્રોને લલાટમાં રક્તનાં તિલક કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોગલો અને શિખોના યુદ્ધમાં મરણનાં આલિંગન મંડાયાં. બંને પક્ષના જોદ્ધા સામસામા એકબીજાની ગરદન ઝાલી, અંગો-અંગના આંકડા ભીડવા લાગ્યા.

જાણે દંશથી છેડાયેલું બાજપંખી ભુજંગની સામે ઝૂઝી રહ્યું છે!

— એ દિવસના એ ઘોર સંગ્રામમાં વીર શીખો ઘનગંભીર અવાજે પુકારતા હતા: ‘ગુરુજીની જય!’

રક્ત માટે પાગલ બનેલા મત્ત મોગલો જવાબમાં ગરજતા હતા: ‘દીન દીન!’

ગુરુદાસપુરના ગઢમાં બંદા જ્યારે મુગલસેનાના હાથમાં કેદ પકડાયો ત્યારે, સિંહની પેઠે સાંકળે બાંધીને તેઓ એને દિલ્લી લઈ ચાલ્યા.

ગુરુદાસપુરના ગઢમાં બંદા લડતાં લડતા કેદ પકડાયો.

ભાલાનાં ફળાં પર શિખોનાં કપાયેલાં માથાં પરોવીને, મુગલસેના રસ્તાની ધૂળ ઉડાડતી આગળ ચાલે છે.

સાતસો શીખો એની પાછળ ચાલે છે, એમની જંજિરોનો ખણખણાટ થઈ રહ્યો છે.

રાજમાર્ગ પર લોકો માતા નથી.

બારીઓ ટપોટપ ઊઘડી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણની મમતા ભૂલીને શીખો ગર્જના કરે છે: 'ગુરુજીની જય!'

મુગલો ને શિખો બંનેએ આજે દિલ્લીના રસ્તાની ધૂળ ઉડાડી!

પડાપડી મચી ગઈ. પહેલો હું, પહેલો હું, એવી માથું કપાવવા માટે ચડસાચડસી જામી ગઇ.

રોજ સવારે, મારાઓને હાથે, સો સો બંદી વીર હારબંધ ઊભા રહી 'ગુરુજીની જય' ઉચ્ચારી સો સો માથાં ઉતારી આપે છે.

સાત દિવસમાં સાતસો પ્રાણ ખલાસ થઇ ગયા પછી બંદાના ખોળામાં કાજીએ બંદાના છોકરાને લાવીને મૂક્યો, ને કહ્યું:

'તારે જ તારે હાથે આનો વધ કરવાનો છે.'

આમ કહી એણે છોકરાને એના ખોળામાં ફેંક્યો—

કિશોર બાલક—એના હાથ બાંધેલા હતા, બંદાનો એ એકનો એક પુત્ર હતો!

કંઇ પણ બોલ્યા વગર, બંદાએ ખૂબ ધૈર્યથી એ નાના બાળકને પોતાની છાતી સરસો ખેંચી લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી વાર એના માથા પર એણે પોતાનો જમણો હાથ મૂક્યો, માત્ર એક જ વાર એની લાલ પાઘડી ઉપર ચુંબન કર્યું.

ત્યાર પછી, ધીરેથી પોતાની કમરેથી કિરપાણુ ખેંચી કાઢયું—

બાળકના મોં સામું જોઈ એના કાનમાં હળવેથી કહ્યું : ' ગુરુજીની જય ! બેટા, બીતો નહિ ! '

બાળકના વદન ઉપર નિર્ભયતાનો પ્રકાશ એકદમ ઝળહળી ઊઠયો—

બાળકના કંઠથી સભામંડપ કંપવા લાગ્યો. —બંદાના મુખ સામે જોઈ બાળકે પુકાર કર્યો :

' ગુરુજીની જય! નથી કશો ભય ! '

બંદાએ, પછી, પોતાનો ડાબો હાથ એના ગળે વીંટાળીને જમણા હાથે છોકરાની છાતીમાં જોરથી કીરપાણુ ખોસી દીધું—

' ગુરુજીની જય ! '

—પુકારી બાળક ધરતી પર લેટી પડયો.

સભા સ્તબ્ધ બની ગઈ.

મારાઓએ સાણસા તપાવીને બંદાના શરીરને છોણી નાખ્યું.

શાંતિથી એ વીર મરણને ભેટયો, એક પણ કાતર શબ્દ એણે ઉચ્ચાર્યો નહિ.

જોનારાઓએ આંખો બંધ કરી દીધી.

સભા સ્તબ્ધ બની ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વમાની

ઔરંગઝેબ ભારતવર્ષને જ્યારે ખેદાન મેદાન કરી રહ્યો હતો, ત્યારે મારવાડના ધણીએ આવી કહ્યું :

'ખુદાવિંદ, સાંભળો,—

'સિરોહીના રાજા સુરતાન જેમને અચલગઢથી છુપી રીતે રાતે નહરખાં પકડી લાવ્યો છે, તેઓ મારા ઘરમાં કેદી છે; હવે એમનું શું કરવાનું છે તે આપ ફરમાવો.'

આ સાંભળીને ઔરંગઝેબે કહ્યું :

'ઓહ! શું કહો છો! આટલે દિવસે શું વર્જ્જરની વીજળી પકડાઈ ગઈ? થોડાક સેંકડો પહાડી માણસોને લઈને ઝાંઝવાનાં જળની પેઠે એ સ્વતંત્ર રાજપૂત, પહાડોમાં ને જંગલોમાં ફર્યા કરતો!

'મારે એને જોવો છે,—એને લઈ આવવા માટે કોઈ રાજદૂતને મોકલો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે મારવાડના રાજા જશવંતસિંહે હાથ જોડીને કહ્યું :

'ક્ષત્રિયકુળના એ સિંહબચ્ચાએ આજે મારા ઘરમાં આશ્રય લીધો છે,—બાદશાહની ઈચ્છા જો એને જોવાની હોય તો પહેલાં મને વચન આપો કે કદીએ એનું કોઈ રીતે કંઈ અપમાન નહિ થાય. તો પછી હું જાતે જ એને માનપૂર્વક દરબારમાં તેડી લાવીશ.'

ઔરંગઝેબ હસીને બોલ્યો :

"કેવી વાત કરો છો તમે આજે! તમે પ્રવીણ છો, પ્રબળ પરાક્રમી છો, મારવાડના ધણી છો; તમારા મુખથી આવા શબ્દો સાંભળીને મને શરમાવા જેવું લાગે છે; તમે જ કહો, માનીનું માનભંગ કરવું, માનીને શોભે ખરું ?

'મારું વચન છે, ચિંતા ન કરો, એમને દરબારમાં લઈ આવો.'

મારવાડપતિની સાથે સિરોહીપતિ સભામાં આવ્યા.

ઉન્નત મસ્તક ઊંચું રાખી, એણે સામે દૃષ્ટિપાત કર્યો.

સૌ વજ્રના જેવી ગર્જના કરી બોલી ઊઠ્યા : 'સલામ કરો બાદશાહને !'

યશવંતસિંહના ખભાનો ટેકો લઈ રાજા ધીરેથી બોલ્યો :

'ગુરુજન સિવાય કોઇના યે ચરણમાં હું માથું નમાવતો નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધથી લાલ આંખ કરી બાદશાહના અનુચરો બોલ્યા :

'તો માથું કેવી રીતે ભોંય પર લેટી પડે છે એ હમણાં બતાવીશું.'

હસીને સિરોહીપતિ બોલ્યો : 'બીને કોઈને પગે પડું એવી બુદ્ધિ કદી ન આવજો!—હું ભય કે ડરને કદી ઓળખતો જ નથી.'

આટલું બોલી રાજા, તલવારનો ટેકો લઈ ઊભો રહ્યો.

બાદશાહે સુરતાનનો હાથ પકડી એને પોતાની પડખે બેસાડી દીધો, ને કહ્યું :

'હે વીર ! ભૂમિ ભારતમાં કયા દેશ ઉપર તારી નજર છે ?'

રાજાએ કહ્યું : 'અચલગઢથી ચઢિયાતો જગતમાં કોઈ દેશ નથી.'

સભામાં સૌ એક બીજાની સામે જોઈ ધીમું ધીમું મજાકમાં હસવા લાગ્યા.

બાદશાહે કહ્યું : 'તો ભલે, અચલગઢમાં અચલ વાસ કરો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગ્યા કરતાં અધિક દાન

સુહિદૃગંજની ધરતી લોહીથી રાતી થઈ, અને પઠાણો જ્યારે કેદી શિખોને બાંધીને લઈ આવ્યા ત્યારે નવાબે કહ્યું :

'તરુસિંહ, હું તમને માફી આપવા ચાહું છું.'

તરુસિંહે કહ્યું : 'રે! શા સારુ મારી આટલી બધી અવમણના?"

નવાબે કહ્યું : 'તમે મહા પરાક્રમી છો, તેથી તમારા ઉપર હું ક્રોધ કરતો નથી. મારે માત્ર એટલું જ કહેવાનું છે કે તમારી વેણી કાપીને મને માત્ર દેતા જાઓ!'

તરુસિંહે કહ્યું : 'તમારી દયા હું કદી નહિ ભૂલું—તમે માગ્યું છે તેના કરતાં હું જરા વધારે દઈશ—વેણીની સાથે આ માથું!'

• શિખોને મન વેણીછેદન એ ધર્મત્યાગ સમું નિંદ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાનો ન્યાય

[રાજસ્થાન]

બ્રાહ્મણ કહે :

'મારી સ્ત્રી સૂતી હતી તે ઓરડામાં, મધરાતે એક ચોર પેઠો—એની લાજ લેવા.

'એ ચોરને મેં બાંધ્યો છે. હવે ફરમાવો એને શી સજા કરું ?'

'મૃત્યુ !'

રતનરાવ રાજાએ એને માત્ર આટલું કહ્યું.

દોડતા આવીને દૂતે કહ્યું—

'મહારાજ! એ ચોર તો યુવરાજ છે. બ્રાહ્મણે એને રાતે પકડયો હતો, ને આજે સવારે મારી નાખ્યો.

'એ બ્રાહ્મણને હું પકડી લાવ્યો છું, એને શી સજા કરું ?'

'છોડી દો !'

રતનરાવ રાજાએ માત્ર આટલું કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ ગોવિંદ

'દોસ્તો, તમે સૌ ઘેર પાછા જાઓ, હજી વખત નથી થયો—'

રાત પૂરી થઈ છે, યમુનાનો કિનારો છે, નાનકડી ડુંગરમાળ છે, ગાઢ વન છે.

એવે વખતે ગુરુ ગોવિંદે પોતાના છ અનુચરોને બોલાવીને ઉપર પ્રમાણે કહ્યું.

'રામદાસ! જાઓ, લેહારી! જાઓ, સાહુ! તમે પણ જાઓ.

'મને લોભ ન દેખાડશો, કર્મ-સાગરમાં ઝંપલાવવા મને બોલાવશો નહિ.

'જીવનની રંગભૂમિ હજી ભલે બહુ દૂર પડી રહી!'

'એ લોકાલયમાંથી માનવપ્રાણ જાણે મને પુકારી પુકારીને બોલાવી રહ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથી તો હું અડધી રાતે ઊંઘતો જાગી ઊઠું છું, ને, ચમકી ઊઠી બોલું છું : 'આવ્યો ! આવ્યો !'

મારા પ્રાણ, મન, અને શરીર તમામને હું પ્રબળ માનવ-પ્રવાહમાં ફેંકી દેવા ચાહું છું.

તમારું સૌનું ચિત્ત આવું ચંચળ જોઈને, મારું મન હાથ નથી રહેતું.

રક્તનો અગ્નિ સો સો શિખાઓ પ્રસારીને સર્પની પેઠે ગેલમાં આવી જાય છે.

અને મ્યાનમાં ઝણઝણતી તલવાર જાણે મારો તિરસ્કાર કરી રહી છે.

આ ગહન વન તજી, હાથમાં જયભેરી લઈ, લોકોની વચમાં દોડી જવું, રાજાઓ અને રાજ્યોને તોડવાં ને નીપજાવવાં, અત્યાચારની છાતી પર ચઢીને તીક્ષ્ણ છુરી ભોંકવી ! હાય ! એ શું સુખ છે ?

ભાવિ તોફાની તોખાર જેવું અંધ છે; તેને કબજે કરી, લગામ પોતાના હાથમાં રાખી, વિઘ્નો ને વિપત્તિઓને વટાવીને, પ્રતિકૂળ સંજોગોમાં હું તેને મારે ધારેલે રસ્તે દોડાવું છું.

જેઓ સામે આવતા હોય છે તેમાંના કોઈ બાજુએ ખસી જાય છે, કોઈ ભોંય પર પડી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટુકડા થઇને વિઘ્નો છિન્નભિન્ન થઈ જાય છે.
પગલાં પાછળ પડ્યાં રહે છે.
પ્રલયાગ્નિના ધુમાડાથી આકાશની આંખો ભરાઈ જાય છે.

કોઈ વાર ગાઢ નિઃશબ્દ અમાવાસ્યા હોય છે, તો કોઈ વાર પ્રખર દિવસ હોય છે.

કોઈ વાર આકાશમાં ચારે દિશાએ વજ્રને છુપાવીને વાદળાં ગોરંભાય છે.

તો કોઈ વાર માથા ઉપર વાવાઝોડું નિર્દય બની ત્રાટકી પડે છે.

આવો ! આવો ! આવો !—સૌને હું બોલાવું છું ને સૌ દોડતાં આવે છે.

વેગથી ઘરેઘરનાં બારણાં ઊઘડી જાય છે, ધક્કામુક્કી કરતાં સૌ બહાર ધસી આવે છે.

સુખ સંપત્તિ અને માયા મમતાનાં બંધન બધાં તૂટી જાય છે,
આહ્વાન સાંભળ્યા પછી કોણ કોને રોકે ?
સિંધુની અંદર જેમ પાંચ નદીઓનાં પાણી મળે છે—

તેમ ભક્તહૃદયો મને મળી રહ્યાં છે; આખા પંજાબમાં ઉન્માદ ને કોલાહલ જાગી ગયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું ક્યાં જવાનો, ભીરુ ! ગહન વનમાં ને સંતાવાની જગાઓમાં મારો અવાજ પહોંચી ગયો છે.

આવો ! આવો ! આવો !—પ્રભાતે એ સાંભળીને કામે ચડેલા લોકો કામ ભૂલી જાય છે.

આવો ! તમે સૌ આવો !—રાતે એ સાંભળીને ધસધસાટ ઊંઘ પણ ઊડી જાય છે.

જેમ આગળ ચાલું છું તેમ લોકો વધતા જ જાય છે, વાટે કે ઘાટે તલપૂર જગા ખાલી નથી.

સૌ જાતિ અભિમાન ભૂલી જાય છે, બેપરવા બની પોતાના પ્રાણ દઈ દે છે. માન અને અપમાન, બ્રાહ્મણ અને જાટનો ભેદ ભુંસાઇ જાય છે.

રહે, ભાઈ ! રહે. શાને આવાં સ્વપ્નાંમાં પડે છે ! હજુ વખત નથી થયો !

હજી તો, પૂર્વના આકાશમાં અરુણોદય જોવા વાસ્તે, પલે પલ ગણી ગણીને, પાંપણ પણ પલકાવ્યા વગર, એકલા લાંબી રાત બધી જાગતાં રહેવાનું છે.

હજી તો કલ્પના-જગતમાં વિહાર છે, અરણ્યમાં રાજધાની છે; હજી તો માત્ર મૂંગા મૂંગા ચિંતન કર્યા કરવાનું છે, એકાકી નિષ્કર્મ સાધના કરવાની છે, રાત ને દિવસ બેઠાં બેઠાં માત્ર પોતાની આતમ-વાણી સાંભળ્યાં કરવાની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી હું એકલો જ યમુનાને કાંઠે અને દુર્ગમ પર્વતોમાં ફર્યાં કરું છું.

શિલાઓના ખોળામાં ઊછરી મોટો થાઉં છું, નદીના કલ્લોલમાં મારું ગાન મિલાવું છું, મનમાં મનમાં મારું મન ઘડી રહ્યો છું, જીવનકાર્યને માટે લાયક થઈ રહ્યો છું.

આવી રીતે બાર વરસ વીતી ગયાં છે, હજી યે કેટલા દિવસ જશે !

મારે જોરથી હું ટીપું ટીપું કરીને અમર જીવન ભેગું કરી રહ્યો છું; મારી અંદર મને પોતાને પૂર્ણ બનેલો ક્યારે જોવા પામીશ ?

ગાન મૂકીને હું ક્યારે કહીશ કે મારો પાર પામ્યો છું ! :

તમે બધા મારી પાછળ આવો, ગુરુ તમને સૌને બોલાવે છે, મારા જીવનમાંથી જીવન પામીને આખો દેશ જાગી ઊઠો !

હવે કોઈ ભય નથી, સંશય નથી, હવે આઘું પાછું થવાપણું નથી.

મને સત્ય જડયું છે, મને રસ્તો જડયો છે.

આખું જગત બાજુએ ખસીને ઊભું રહે છે, એની પાસે જીવન નથી, મરણ નથી, ના, ના, કંઇ જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૈવવાણીની પેઠે હૃદયમાં સાંભળી રહ્યો છું :—

"તારા જ તેજમાં ઊઠીને ઊભો થા,

"જો પણે, કેટલે દૂર દૂરથી કેટકેટલાં સેંકડો માણસો તારે વશ થવાને માટે આવી રહ્યાં છે!

"સાંભળ, સાંભળ, એ કલ્લોલ ધ્વનિ! હૃદયના પ્રવાહો વેગથી ધસી રહ્યા છે.

"અડગ રહેજે તું, દીવડાની પેઠે આળસ તજી તું જાગતો રહેજે, આ માઝમ રાતે તું ઊંઘવા પડીશ તો એ બધા પાછા વળી જશે."

માટે જાઓ સાહુ, જાઓ રામદાસ, હે મિત્રો, પાછા જાઓ.

આવો, સૌ જતી વખતે મળી લઇએ,

બોલો સૌ : "ગુરૂજીની જય!"

બેઉ હાથ ઊંચા કરી બોલો : "જય જય!

અલખ નિરંજન!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નકલી કિલ્લો

[રાજસ્થાન]

'બુંદીનો કિલ્લો ભોંયભેગો ન કરું ત્યાં લગી જળનો સ્પર્શ નહિ કરું.'

એવું ચિત્તોડના રાણાએ પણ લીધું.

પ્રધાનો બોલી ઊઠયા: 'હાં, હાં, મહારાજ! આ કેવું પણ લઈ બેઠા! માણસને માટે જે કામ અસાધ્ય છે તે આજે તમે કેવી રીતે પાર પાડવાના છો?'

રાણો બોલ્યો: 'અસાધ્ય હશે તોયે તે સાધ્ય કરવાની મારી પ્રતિજ્ઞા છે.'

બુંદીનો કિલ્લો ચિત્તોડથી ત્રણેક જોજન દૂર છે. ત્યાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાડાવંશી રાજપૂતો મહા મહા શૂરવીર છે. હાસુ રાજા એની ચોકી કરી રહ્યો છે. ભય કોને કહે એની તો કોઈને ખબર નથી. એનાં પ્રત્યક્ષ પ્રમાણુ આ પહેલાં રાણાને અનેક મળી ગયાં છે.

એ હાડા રાજપૂતોનો બુંદીનો કિલ્લો ચિતોડથી ત્રણેક જોજન દૂર છે.

પ્રધાન કોઈ યુક્તિ ખોળી કાઢી કહે છેઃ

" આજે આખી રાત સાથે કરીને બુંદીના જેવો માટીનો નકલી કિલ્લો ઊભો કરી દઈએ. પછી, રાણાજી આવીને પોતાને હાથે એને ધૂળ ભેગો કરી નાખશે. બાકી બે શબ્દો ખાતર કંઈ આપઘાત થોડો જ થશે ?'

પ્રધાને ચિતોડમાં બનાવટી કિલ્લો ઊભો કરી દીધો.

કુંભ નામનો રાણાનો સેવક હતો. એ હાડાવંશી જોદ્ધો હરણુનો શિકાર કરી, પાછો આવતો હતો. ખભે ધનુષબાણુ હતાં.

સમાચાર સાંભળી એ બોલ્યોઃ ' કોણુ છે એ બનાવટી બુંદી ગઢને ધૂળભેગો કરી હાડાવંશી રાજપૂતનું અપમાન કરનારું ? હું હાડાવંશી જોદ્ધો એ નકલી કિલ્લાનું રક્ષણ કરીશ.'

માટીનો કિલ્લો તોડવા રાણાજી આવે છે.

' ખબરદાર!'

કુંભે પડકાર કર્યો—જાણે વીજળીની ગર્જના.

' બુંદીના નામે તમે રમત રમો, એ અપમાન હું નહિ સહન કરું—બનાવટી કિલ્લાના માટીના ઢગલાનું આજે હું રક્ષણ કરીશ. માટે, મહારાજ! ખબરદાર !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન પર ઘૂંટણ માંડી, હાથમાં ધનુષબાણ લઈ એકલો કુંભ બનાવટી બુંદીગઢનું રક્ષણ કરવા લાગ્યો.

રાણાની સેનાએ એને ઘેરી લઈ, તલવારથી એનું માથું ઉડાવી દીધું. બનાવટી કિલ્લાને દરવાજે એ પડ્યો.

નકલી બુંદીગઢ એના રક્તથી ધન્ય બની ગયો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોળી—ખેલન

[રાજસ્થાન]

બૂનામ રાજાની રાણીએ કેતુનપુરથી પઠાણ કેસરખાંને કાગળ લખ્યો—

'લડાઇએ લડીને હોંશ પૂરી ન થઈ, મીયાં સાહેબ? આ જુઓને, વસંત તો આંખ આગળ થઇને ચાલી જાય છે. તમારી પઠાણ સેનાને લઇને આવો, અમે રાજપૂતાણીઓ હોળી ખેલશું.'

યુદ્ધ હારીને કોટા શહેર છોડયા પછી, કેતુનથી આ પત્ર રાણીએ લખી મોકલ્યો.

-

કાગળ વાંચી કેસર એવો ગેલમાં આવી ગયો કે મનના આનંદમાં એ મૂછોને વળ દેવા લાગ્યો.

રાતી જોઇને માથે પાઘડી મૂકી, પાંપણોમાં સુરમો આંજી દીધો, અત્તરવાળો રૂમાલ હાથમાં લીધો, કંઈ સેંકડો વાર દાઢી ખંખેરી સાફ કરી.

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પઠાણુની સાથે રાણી હોળી ખેલવાની છે. કેસરખાં હસીને મૂછોને વળ દેવા લાગ્યો.

ફાગણુ મહિનામાં દક્ષિણુ દિશાના પવને બકુલવનમાં મત્ત બનીને પ્રવેશ કર્યો.

આંબાનાં ઝાડે ઝાડે મોર આવ્યો. ભમરા કદી કોઈનું કંઈ સાંભળે છે ? સૌ મન મનથી મસ્તાન બની ગણુગણુતા ફાવે તેમ ઘૂમતા ફરવા લાગ્યા.

પઠાણુ સૈનિકોનાં ટોળેટોળાં આજે કેતુનપુરમાં હોળી ખેલવા આવ્યાં છે.

કેતુનપુરના રાજાના ઉપવનમાં તે વખતે દિવસનું ઝાંખું ઝાંખું અજવાળું પડતું હતું.

પઠાણો ત્યાં આવીને ઊભા રહ્યા. વાંસળીમાં મુલતાની સૂરો વાગવા લાગ્યા. એવે વખતે રજપૂતાણીઓ—રાણીની સો દાસીઓ હોળી ખેલવાને માટે આવી પહોંચી.

સૂરજ તે વખતે લાલ રંગે રંગાયેલો હતો; હજી દિવસનું ઝાંખું ઝાંખું અજવાળું પડતું હતું.

પગલે પગલે ઘાઘરા લહેરાય છે, દક્ષિણના પવનમાં ઓઢણાં ફરકે છે.

જમણા હાથમાં ફાગની થાળી લીધેલી છે, કમરે પિચકારી લટકે છે, ડાબા હાથમાં ગુલાબની ઝારી છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા વેશમાં રાજપુતાણીઓ એક પછી એક આવે છે. પગલે પગલે ઘાઘરા લહેરાય છે, ને, દક્ષિણના પવનમાં ઓઢણાં ફરકે છે.

આંખનો ઈશારો કરી, ચતુર હાસ્ય હસી, કેસરખાં, પછી, પાસે આવીને કહે છે:

'અનેક યુદ્ધોમાંથી જીવતો આવ્યો છું, પણ આજે તો જાણે જાન ખોઈ બેસવાનો!'

એ સાંભળી રાણીની સો સહિયરોએ એકદમ અટ્ટહાસ્ય કરી દીધું.

લાલ પાઘડી નચાવી કેસરખાંએ રંગમાં આવી સલામ કરી.

હોળીની મસ્તી શરૂ થઈ.

સંધ્યાના લાલ આકાશમાં ફાગ ઊડવા લાગ્યો. ધોળાં બકુલ ફૂલ નવા રંગે રંગાયાં. ઝાડનાં મૂળમાં રાતી રજ ખરી, રાજ-પુતાણીઓના ખડખડાટ હાસ્યથી ભય પામી પંખીઓ ગાવાનું ભૂલી ગયાં.

જાણે સંધ્યાના લાલ આકાશમાં ક્યાંકથી લાલ ધુમ્મસ વેરાણું હોય એવું દેખાવા લાગ્યું.

'આંખમાં નશો કેમ દેખાતો નથી?'—મનમાં કેસરખાં વિચાર કરે છે.

'છાતી કેમ હિલોળા લેતી નથી? નારીઓના પગમાં વાંકા નુપૂર બેસૂર બોલતાં હોય એમ કેમ લાગે છે! કંકણ પણ જોઈએ એવાં કેમ વાગતાં નથી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આંખમાં નસો કેમ દેખાતો નથી?'

—મનમાં મનમાં કેસરખાં આમ વિચાર કરે છે.

પઠાણો કહે છે:

રાજપુતાણીના શરીરમાં કયાંયે શું કશી કોમલતા નથી?

એના બાહુયુગલ કમળની ડાંડલી જેવા નથી.

એનો કંઠસ્વર વજ્રને ય શરમાવે તેવો છે.

બધીયે જાણે મરૂભૂમિની, મંજરીઓ વિનાની લતાઓ જેવી ખૂબ સખત, શુષ્ક ને લાગણીહીન છે!

પઠાણો વિચાર કરે છે કે રાજપૂતાણીના દેહમાં કે મનમાં કયાંયે: શું કશી કોમલતા નથી?

યમન ભૂપાલી રાગમાં, દ્રુત તાલમાં વાંસળીઓ વાગવા લાગી. એવે વખતે,

કુંડળમાં મોતીની માળા લહેરે છે, માંસલ હાથમાં જાડાં સોનાનાં બલૈયાં છે, એવે વેશે દાસીના હાથમાં ફાગની થાળી ઉંચકાવી રાણી ઉપવનમાં આવી પહોંચી.

તે વખતે યમન ભૂપાલી રાગમાં દ્રુત તાલમાં વાંસળીઓ વાગવા લાગી.

કેસરખાં કહે છે: 'તમારી રાહ જોઇ જોઇને તો આંખો આંધળી થવા આવી!'

રાણી કહે 'મારી પણ એવી જ દશા છે!'

સોયે સાહેલીયો હસીને બહાવરી બની ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓચિંતાનો પઠાણ સરદારના કપાળમાં રાણીએ કાંસાનો થાળ ફટકાર્યો.

વેગથી લોહીની ધારા વહેવા લાગી. પઠાણ સરદારની આંખો ફૂટી ગઇ.

વગર વાદળાંએ વીજળીના કડાકા થાય એમ ઢોલ ને નોબતો ગડૂડવા લાગી.

અજવાળી રાતનો ચાંદો આકાશમાં ચમકયો. ઝણુઝણાટ કરતી તલવારો ઝબૂકવા લાગી, તે વખતે દરવાજે શરણાઇઓએ ગંભીર સૂરથી કાનડો શરૂ કર્યો.

કુંજવનમાં ઝાડેઝાડની નીચે ઢોલ ને નોબતો ગડૂડવા લાગી.

પવનમાં ઓઢણાં ઊડી ગયાં, ઘાઘરા બધા ખસી પડયા.

જાણે મંત્ર બળથી સ્ત્રીનો સાજ છોડી કયાંથી કોઈ નીકળી પડયું! ફૂલોમાંથી એકસો સાપ નીકળી પડે તેમ એકસો વીરોએ પઠાણોને ઘેરી લીધા.

સ્વપ્નની પેઠે ઓઢણાં ઊડી ગયાં, ઘાઘરા બધા ખસી પડયા.

જે રસ્તે થઇને પઠાણો આવ્યા હતા, તે રસ્તે તેમાંનો એકે પાછો જવા પામ્યો નહિ.

ફાગણની રાતે મદમત્ત કોયલ લતામંડપમાં ટહુકાર કર્યા કરે છે.

કેતુનપુરની બકુલવાડીમાં કેસરખાંનો ખેલ ખતમ થઇ ગયો.

જે રસ્તે થઇને પઠાણો આવ્યા હતા, તે રસ્તે તેમાંનો કોઈ પાછો ફર્યો નહિ.

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવાહ

[રાજસ્થાન]

માત્ર એક પહોર રાત વીતી છે. ધમ ધમ નગારાંના અવાજો થઇ રહ્યા છે.

વરકન્યા જાણે ચિત્રની પેઠે છેડાછેડી બાંધી નમણી આંખે ઉભાં છે.

બારીઓ ઉઘાડી નાખી, ગામની બધી સ્ત્રીઓ ઘુમટામાંથી ટીકી ટીકીને જોઈ રહી છે.

ચોમાસાના દિવસો છે—વાદળાં ગડુડુડુ અવાજ કરે છે—એની સાથે વિવાહનાં વાજાં વાગી રહ્યાં છે!

ઈશાન ખૂણામાંથી ધીમે ધીમે વાયરો વાય છે, આકાશ વાદળાંથી ઘેરાઈ ગયું છે.

સભામંડપમાં હજારો દીવાઓનું અજવાળું મણિમાલાઓમાં પડતાં આંખને આંજી નાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડપમાં એકાએક એ કોણ આવી પહોંચ્યું? પ્રવેશદ્વારમાં રણભેરી કેમ વાગવા માંડી?

સભામાં બેઠેલા સૌ ચમકી ગયા, ને વરકન્યાને ઘેરીને ઊભા રહ્યા.

સાથે મંડિલ પહેરેલા મેડતાના રાજકુમારને, પછી, મારવાડનો દૂત આવીને કહે છે:—

'દુશ્મનોની સામે યુદ્ધ જાગ્યું છે; રાણા રામસિંહ સમરમાં સંચર્યા છે. તમને તમામ મેડતા રાજપુતોને તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.'

'જય! રાણા રામસિંહનો જય!'—મારવાડના દૂતે ગર્જના કરી.

'જય! રાણા રામસિંહનો જય!'—મેડતાના ઠાકોરે જોરથી જયઘોષ કર્યો.

કન્યાની છાતી ભયથી કંપી ઊઠી. આંખો છલછલ કરતી ઉભરાઇ આવી.

જાનૈયાઓ એક અવાજે પોકારવા લાગ્યા: 'જય! રાણા રામસિંહનો જય!'

'મોડું થાય છે, મેડતાના ઠાકોર!' મારવાડના દૂતે મોટેથી કહ્યું.

વૃથા શા સારૂ આનંદના અવાજો થઈ રહ્યા છે? વૃથા શા સારૂ ઢોલ નગારાં વાગી રહ્યાં છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર બાંધેલી છેડાગાંઠ છોડી નાખે છે, વરકન્યા એક-બીજાનાં મોં સામું જુએ છે.

વરે કહ્યું ' 'પ્રિયે, રજા લઉં છું, મૃત્યુસભાનું આ તેડું આવ્યું છે!'

વૃથા હવે, આ આનંદના અવાજો થઇ રહ્યા છે! વૃથા હવે આ ઢોલ નગારાં વાગી રહ્યાં છે!

માથે મંડિલ પહેરેલું છે એવા વરના વેશમાં રાજકુમારે ઘોડો દોડાવી મૂક્યો.

મલિન મુખે નીચું માથું કરી કન્યા અંતઃપુરમાં પાછી ગઈ. હજાર હજાર દીવા ધીરે ધીરે હોલવાઈ ગયા. રાજમંડપમાં અંધકાર થઈ ગયો.

ગળામાં માળા ને માથે મંડિલ પહેરી, રાજકુમારે ઘોડો દોડાવી મૂક્યો.

માતા રડીને કહે છે: 'લગનના વાઘા કાઢી નાખ! હાય અભાગણી!'

શાંતિથી કન્યા માને કહે છે: 'તને પગે પડું, મા! રડીશ નહિ. કન્યાનો સાજ મારા ડીલ પર છો રહ્યો! હું એમની જ પાછળ મેડતા જાઉં છું.'

આ સાંભળી માએ કપાળ કૂટીને કહ્યું: 'હાય અભાગણી!'

ગોરે આશીર્વાદ દઈ એને માથે ધરો-ડાંગર ચડાવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કન્યા પાલખીમાં બેસે છે,

પુરાંગનાઓ આનંદનો હુલુધ્વનિ કરે છે,

કન્યાની સાથે દાસદાસીઓ ભપકાબંધ પોશાકમાં, હારબંધ ચાલે છે.

માતાએ આવીને એને મુખડે ચુંબન કર્યું.

પિતાએ આવીને માથે હાથ મૂક્યો.

રે! મધરાતે આ આકાશમાં અજવાળું પાડતું મેડતાપુરને દરવાજે કોણ આવ્યું છે?

'બંધ કરો શરણાઈઓ! રે, શરણાઈઓ બંધ કરો,'—દાસદાસીઓ, પાલખી હેઠે ઉતારો! મેડતાનો ધણી આજે યુદ્ધમાં કામ આવ્યો છે, મેડતાપુરની પ્રજા બધી અત્યારે અહીં એને દાહ દેવા મળી છે. આવે અશુભ સમયે નગરમાં આવનારાં તમે કોણ છો?'

'શરણાઈઓ વગાડો! ઓઈ, શરણાઈઓ વગાડો!'—પાલખીમાંથી કન્યા બોલી.

'હવે લગ્ન અધૂરાં રહેવાનાં નથી, હવે છેડાગાંઠ કદી છૂટવાની નથી. બાકી રહેલા મંત્રો હવે આ સ્મશાન-માંડવામાં ભડભડતા ચિતાગ્નિ સમક્ષ પૂરા કરો! વાજાં વગાડો, રે વાજાં વગાડો!'—એમ પાલખીમાંથી કન્યા બોલી.

વરના વેશમાં, ગળામાં મોતીની માળા સાથે મેડતાનો ધણી ચિતા પર પોઢેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલખીમાંથી રાજકુમારી નીચે ઊતરી આવી. વરના લાલ વસ્ત્ર સાથે પોતાનો છેડો બાંધ્યો; પછી એ એના ઓશિકા આગળ બેઠી, ને એનું માથું પોતાના ખોળામાં લીધું.

મધરાતે લગનના વાઘા પહેરી મેડતાનો ઠાકોર ચિતા ઉપર પોઢયો.

જોરથી આનંદનો હુલુરવ * થવા માંડયો. નગરની નારીઓનાં ટોળેટોળાં છૂટયાં.

પુરોહિત બોલ્યો : 'ધન્ય સુચરિતા !'

ભાટે માર્યું : 'ધન્ય મૃત્યુજિતા !'

ભડ ભડ કરતી ચિતા સળગી ઊઠી,—

કન્યા યોગાસન વાળી બેઠી છે.

સ્મશાન જયનાદથી ગાજી ઊઠયું. નગરની નારીઓ આનંદથી હુલુરવ કરવા લાગી.

* મોં પર આંગળાં ઠોકી શ્વાસોશ્વાસ કાઢી અવાજ કરવો તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યાયાધીશ

પુના શહેરમાં રઘુનાથરાવ પેશ્વા રાજ્ય કરે છે.—ગાદીએ બેઠા પછી એ વીરે જાહેર કર્યું :+

"મૈસૂરના હૈદરઅલિનું અભિમાન ઉતારી પૃથ્વીનો ભાર ઉતારીશ !"

જોતજોતામાં એંશી હજાર લડવૈયા ભેગા થઈ ગયા.

દરેક દિશાએથી, દરેક રસ્તેથી, પહાડો ને ગુફાઓમાંથી, મરાઠા વીરોનાં ટોળેટોળાં, શ્રાવણના પૂરની પેઠે અવિરત ધસી આવે છે.

ગગનમાં વિજયપતાકાઓ ફરફરવા લાગી, સેંકડો શંખનાદ

+ પંડિત શંભુચન્દ્ર વિદ્યારત્ન કૃત 'ચરિતમાલા' માંથી. ઑકવર્થ સાહેબે લખેલા Ballads of the Marathas નામે ગ્રન્થમાં, રઘુનાથના ભત્રિજા નારાયણરાવ સંબંધમાં પ્રચલિત મરાઠી લોકવાયકાનો અંગ્રેજી અનુવાદ પ્રગટ થયેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુવા લાગ્યા. પુરાંગનાઓ આનંદથી કુલુરવ કરવા લાગી. મરાઠાઓની રાજનગરી ગર્વથી કંપવા લાગી; રહી રહીને પ્રલયના નાદે ભીષણ રણડંકા વાગવા લાગ્યા.

ધૂળની ડમરીઓમાં, અને ધ્વજપતાકાઓના અરણ્યમાં પ્રભાતનો સૂર્ય ઢંકાઈ ગયો.

રાતા ઘોડા પર સવાર થઈ રઘુનાથરાવ ચાલે છે. જય જયકારથી આકાશના કાનના પડદા તૂટી જાય છે.

એકાએક જાણે કોઇ મંત્રના બળે રણભેરીઓ ચૂપ થઇ ગઈ!

એકાએક કોના ચરણમાં ભૂપતિએ આવડી દીનતા દેખાડી?

યુદ્ધના ઉન્માદથી છૂટેલી આ એંશી હજારની સેના ઓચિંતી કોના ઇશારા માત્રથી, એકદમ નગરને દરવાજે થંભી ગઈ?

બ્રાહ્મણ આવીને સામે ઊભો રહ્યો. એ ન્યાયાધીશ રામશાસ્ત્રી હતા.

બેઉ હાથ ઊંચા કરી એમણે બૂમ પાડી કહ્યું :

"રઘુનાથરાવ, પાપની સજા ભોગવ્યા વગર, નગર છોડીને ક્યાં જઇ રહ્યા છો?"

જય કોલાહલ શાંત થઈ ગયો. રણવાદ્યો મૂંગાં બની ગયાં.

રઘુનાથ કહે છે: 'મહારાજ! કેમ આજે આવે વખતે ઓચિંતા મારો રસ્તો રોકી ઊભા છો? હું અત્યારે યવનોનો સંહાર કરવા, અને યમરાજાનો ભક્ષ જોગવવા નીકળ્યો છું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રીએ કહ્યું :

'તમે તમારા ભત્રિજાનું ખૂન કર્યું છે—જ્યાં સુધી એનો ન્યાય ન થાય ત્યાં સુધી તમે સ્વતંત્ર નથી. અમોઘ અને કઠિન એવા ન્યાયના નિયમ–સૂત્રે તમે બંદીવાન બનેલા છો."

રઘુનાથરાવ ગુસ્સે થઈ ગયો. તે હસીને બોલ્યો :

'રાજાને કોઈનું બંધન નડતું નથી. હું અત્યારે ચમકતી સમશેર ખેંચી નીકળ્યો છું; રસ્તા વચ્ચે ન્યાયના વિધિનિષેધોનું ભાષ્ય સાંભળવા નથી આવ્યો!'

શાસ્ત્રીએ કહ્યું :

'રઘુનાથરાવ, જાઓ, જઈને યુદ્ધ કરો. મેં પણ આજથી આ ન્યાયદંડ છોડયો. હવે હું મારે ગામ પાછો ચાલ્યો જાઉં છું. ન્યાયમંદિરના નાટકઘરમાં હવે હું નહિ પુરાઈ રહું!'

શંખ વાગ્યા, ડંકા વાગ્યા.

લડવૈયાઓ માર માર કરતા ધસ્યા.

દીનદરિદ્ર બ્રાહ્મણે ગૌરવનું પદ છોડી દીધું, તમામ સંપત્તિને દૂર ફગાવી દીધી, અને એ ગામડાની ઝૂંપડીએ રહેવા ચાલ્યો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞા પાલન

'મરાઠા લૂંટારાઓ આવે છે, રે, સૌ તૈયાર થાઓ!' અજમેરગઢમાં દુર્ગપતિ દુમરાજે હાકોટા કર્યો.

બપોરટાણે સૌ પોતપોતાના ઘરમાં જાર બાજરાની રોટી પકાવવા બેઠા હતા. કિલ્લાની દોઢીએ બુંગિયો વાગ્યો કે સૌ બહાર દોડી આવ્યા.

ગઢી પર ચડીને જોયું તો દૂર દૂર દક્ષિણ દિશામાં મરાઠાઓનાં ઘોડાંઓની ખરીઓમાંથી ઊડતી ધૂળથી આકાશમાં આંધી ચડી હતી.

'ખબરદાર, આ બધાં મરાઠા—પતંગિયાંમાંથી એક પણ આપણી શમશેરની આગમાં ઝંપલાવીને જીવતું પાછું ન જાય!' દુમરાજે ગર્જના કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારવાડથી દૂતે આવી કહ્યું :

'આ લશ્કર ને તૈયારીઓ નકામાં છે. દુર્ગપતિ દુમરાજ! જુઓ આ મહારાજની આજ્ઞા : સિંધિયા માર માર કરતો આવે છે, એની સાથે ફિરંગી સેનાપતિ છે—એમને માનભેર કિલ્લો સોંપી દેજો'—એવી મહારાજની તમને આજ્ઞા છે.

'વિજયલક્ષ્મી વિજયસિંહ પર રિસાઈને બેઠી છે; માટે સામનો કર્યા વગર અજમેરગઢ મરાઠાઓના હાથમાં સોંપી દેજો.'

એક બાજુ મહારાજાની આજ્ઞા અને બીજી બાજુ વીરનો ધર્મ—એ બે વચ્ચે આજે વિરોધ જાગ્યો છે.—દુર્ગપતિ દુમરાજે મુંઝાઈને નિઃશ્વાસ નાખ્યો.

મારવાડના દૂતે ઘોષણા કરી : 'છોડી નાખો, છોડી નાખો બધો રણસાજ!'

દુર્ગપતિ દુમરાજ પાષાણની મૂર્તિ જેવો બની ગયો.

વખત વહી જાય છે, ખેતરો ખાવા ધાય છે, દૂર દૂર ગોધણ ચરી રહ્યું છે, ઝાડોની છાયામાં ગોવાળિયાઓની વાંસળી કરૂણ રવે વાગી રહી છે.

'આ અજમેર ગઢ જ્યારે મને સોંપાયો ત્યારે મેં મનમાં પ્રતિજ્ઞા કરી હતી કે આ દેહમાં જીવ છે ત્યાં લગી માલિકનો આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઢ દુશ્મનના હાથમાં નહિ જવા દઉં.

માલિકના જ હુકમથી શું આજે મારે એ પ્રતિજ્ઞા તોડવી પડશે!'

આમ વિચાર કરી દુર્ગપતિ દુમરાજા નિ:શ્વાસ નાખે છે.

રાજપૂત સેનાએ ગુસ્સામાં ને શરમમાં લડાઈની તૈયારીઓ પડતી મૂકી.

એકલો દુર્ગપતિ દુમરાજ ગઢના તોરણમાં શાંતિથી ઊભો રહ્યો.

પશ્ચિમ ક્ષિતિજની પેલી પાર ગેરૂઆ રંગની સન્ધ્યા ઊતરી; મરાઠાઓનું લશ્કર ધૂળ ઉડાડતું ગઢના દરવાજે આવી ઊભું.

'દરવાજા આગળ આ કોણ સૂતું છે—ઊઠ, ઊઠ, દરવાજો ખોલ!'

કોઈ સાંભળતું નથી,—નિર્જીવ શરીરે કંઈ જવાબ દીધો નહિ.

રાજાની આજ્ઞા અને વીરનો ધર્મ—એ વચ્ચેનો વિરોધ ટાળવા માટે આજે દુર્ગપતિ દુમરાજે ગઢના પ્રવેશદ્વારમાં પોતાના પ્રાણ તજી દીધા હતા.

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લો પાઠ

એક દિવસ શીખ ગુરુ ગોવિંદ એકાંતમાં એકલા બેસીને પોતાના મનમાં પોતાની જીવનકથા વિચારી રહ્યા હતા.

યૌવનના સુવર્ણપટ ઉપર પડેલી સંકલ્પની રેખાઓ અખંડ અને સંપૂર્ણ રૂપે દેખાઈ રહી હતી,—સમગ્ર ભારતવર્ષને સર કરવાની એ મહત્ત્વાકાંક્ષા આજે ટુકડે ટુકડા થઈ ગઈ છે. આજે તે સંકુચિત જીર્ણશીર્ણ અને શંકાકુલ બની ગઈ છે. આજે તે આપદાઓમાં ડૂબી ગઈ છે.

તો શું એ ભૂલ હતી?

તો શું જીવન વ્યર્થ ગયું છે?

દારુણ વિમાસણમાં પડી, થાકેલે શરીરે, ક્ષુબ્ધ ચિત્તે સંધ્યાના અંધારામાં બેઠા બેઠા ગુરુ ગોવિન્દ વિચારતા હતા.

એવામાં એક પઠાણે આવીને એમને કહ્યું: 'મારે દેશમાં જવું છે. તમે જે ઘોડો લીધો છે તેના પૈસા આપો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ ગોવિંદે કહ્યું : 'સલામ શેખજી! કાલે એના પૈસા આપીશ, આજે પાછા જાઓ ભાઇ!'

પઠાણ ગુસ્સો કરી બોલ્યો: 'બસ, આજે જ પૈસા જોઇએ!'

આમ કહી એણે જોરથી એમનો હાથ પકડી ચોર કહીને એમને ગાળ દીધી.

એ સાંભળી એકદમ ગોવિંદે વીજળી વેગે તલવાર ખેંચી; પલકમાં પઠાણનું માથું ધડથી જુદું થઇ પડ્યું.

ધરતી લોહીથી લાલ થઇ ગઈ.

પોતાનું આ કૃત્ય જોઇ ગુરુ માથું ધુણાવી બોલ્યા:

'આજે સમજ્યો—મારો સમય વીતી ગયો છે. પાપની તલવારે આજે પોતાનો ધર્મ ભંગ કર્યો, નિરર્થક રક્તપાત કર્યો. હવે આ બાહુ ઉપરથી હંમેશને માટે મારો વિશ્વાસ ઊઠી ગયો.

'આ પાપ, આ કલંક ધોઈને સાફ કર્યા વગર નહિ ચાલે. આજથી આને જીવનનું છેલ્લું કાર્ય ગણીશ.'

એ પઠાણનો નાની વયનો દીકરો હતો. ગોવિંદે એને પોતાની પાસે બોલાવી લીધો.

રાત દિવસ તેમણે એને પોતાના સન્તાનની પેઠે નજર આગળ મોટો કરવા માંડ્યો.

બધાં શાસ્ત્રો અને બધી અસ્ત્રવિદ્યા પોતે જ તેને શીખવી.

એ બાળકની સાથે વૃદ્ધ વીરગુરુ સવાર સાંજ બાળકની પેઠે રમતા ખેલતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જોઈ શિષ્યો આવીને ગુરુને કહેવા લાગ્યા :

"આ શું, ગુરુજી! આ શું? અમને વહેમ પડે છે. વાઘના બચ્ચા પર અમે એટલું લાડ કરો, પણ એનો સ્વભાવ કંઈ બદલાય છે? એ મોટો થશે ત્યારે એના નખ જરૂર તીણા થવાના! ગુરુજી, આ વાત ભૂલવા જેવી નથી."

ગુરુએ કહ્યું : 'એ જ જોઈએ છે, વાઘના બચ્ચાને જો વાઘ ન કરી શકું તો મેં શીખવ્યું શું?'

જોત જોતામાં ગોવિંદને હાથે ઊછરીને બાળક યુવાન થયો.

છાયાની પેઠે એ એમની સાથે ફરે છે, પુત્રની પેઠે એ એમની સેવા કરે છે.

જીવની પેઠે એ એમને ચાહે છે—જમણા હાથની પેઠે એ હમેશાં પડખે જાગતો રહે છે.

શીખ ગુરુ ગોવિંદના તમામ પુત્રો યુદ્ધમાં ખપી ગયા છે,—આજે એમની વૃદ્ધાવસ્થામાં પઠાણનો પુત્ર એમનું શૂન્ય હૃદય ભરીને બેઠો છે.

સંભાળ વગર પડેલા વડની બખોલમાં, બહારથી બી, પવનમાં ઊડી આવી પડી, ઊગીને વધી વધી મોટું વૃક્ષ બની જાય છે અને ડાળપાંદડાં ફેલાવી વૃદ્ધ વૃક્ષને ઢાંકી દે છે.

એક દિવસ પઠાણ ગુરુને પગે લાગીને કહે છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આપની ચરણકૃપાએ કરીને મારી તાલીમ પૂરી થઈ છે. હવે જો આપ આજ્ઞા કરો તો રાજ્યની સેનામાં મારું બાહુબળ અજમાવું.'

એની પીઠ પર હાથ મૂકી ગોવિંદે કહ્યું:

'હજી તારા પૌરુષનો એક પાઠ બાકી છે!'

બીજે દિવસે બપોર પછી ગુરુ ગોવિંદ એકલા બહાર નીકળી પડ્યા,—પઠાણને બોલાવીને કહ્યું:

'હાથમાં હથિયાર લઈ ચાલ મારી સાથે.'

'અમે સાથે આવીશું,' 'અમે સાથે આવીશું'—એવો શિષ્યોએ કોલાહલ કરી મૂક્યો.

ગુરુએ કહ્યું: 'જાઓ, સૌ પાછા જાઓ!'

બંને જણા મૂંગા મૂંગા ધીરી ગતિએ નદી તીરે આવેલા વનમાં ચાલ્યા. પથરાવાળા કિનારા પર, વરસાદની જળધારાઓએ હજારો આંગળીઓ વડે લાલ રંગની જમીન ખોતરી નાખેલી છે.

વિશાળ શાલ વૃક્ષો હારબંધ ઊભાં છે—એની નીચે નાનાં નાનાં ઝાડ થોડીક અમથી જગા મેળવવા ભીડ કરી ધક્કામુક્કી કરી રહ્યાં છે. નદીનાં ઘુંટણસમાણાં નીર સ્ફટિકના જેવાં સ્વચ્છ છે—એક કોરે લાલ રેતીના કિનારે ઘસાઈને એ વહ્યાં જાય છે.

નદી ઊતર્યા પછી ગુરુએ ઈશારો કર્યો. પઠાણ ઊભો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથમતા દિવસનું બળેલું જળેલું લાલ અજવાળું વાગોળની પાંખની પેઠે, લાંબો પડછાયો પાડતું, શાંત આકાશમાં પશ્ચિમ ક્ષિતિજની પેલી પાર, ઊડી ભાગી રહ્યું હતું.

ગુરુએ પઠાણને કહ્યું :

'માસુદ, અહીં આવ, અહીં ખોદ !'

રેતી ખોદતાં અંદરથી લોહીના ડાઘવાળી એક શિલા નીકળી આવી.

ગોવિંદે કહ્યું :

'આ શિલા ઉપર જે લોહીના ડાઘ છે, તે તારા સગા બાપનું લોહી છે. અહીં જ મેં એનું માથું કાપી નાખ્યું હતું, એના લેણા પૈસા પણ ન આપ્યા, એને બચાવનો વખત પણ ન આપ્યો. આજે તારો વખત આવ્યો છે, પઠાણ ! બાપનો સાચો બેટો હોય, તો ખેંચ તલવાર,—બાપના હણનારને પૂરો કરી, એના ઊના ઊના લોહીથી, તરસ્યા પ્રેતાત્માને શાંત કર !'

લાલચોળ આંખો કરી, વાઘની પેઠે હુંકાર કરી, છલંગ મારી એ વીર ગુરુની ઉપર આવી પડયો,—

ગુરુ લાકડાની મૂર્તિની પેઠે થડકયા વગર ઊભા રહ્યા !

એકદમ તલવાર ફેંકી દઈ પઠાણ એમના પગમાં પડયો. બોલ્યો :

'ગુરુદેવ, શયતાનની સાથે આવી રમત ન કરો. ધર્મના સોગન ખાઈ કહું છું કે પિતાનું ખૂન હું ભૂલી ગયો હતો. આજ સુધી હું પિતા, ગુરુ કે બંધુ જે કહો તે તમને જ સમજતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો છું. એ જ સ્નેહ સદાકાળ મનને છાઇ રહો, વૈરવૃત્તિ દબાઈ ચંપાઇને મરી જાઓ. પ્રભુ! આપના ચરણની રજ આપી પાવન કરો!'

આમ કહી એ એકીશ્વાસે દોડતો વનની બહાર નાસી ગયો, પાછું વાળીને એણે જોયું નહિ. ઘડી થંભ્યો પણ નહિ.

ગોવિંદની આંખો એ આંસુનાં ટીપાંથી ભીની થઈ.

પઠાણ એ દિવસથી આઘો ને આઘો રહે છે. જુદા ઓરડામાં પોતાની પથારી કરે છે. સવારે ગુરુને જમાડવા જતો નથી, રાતે હથિયાર સાથે એ ઘરમાં રહેતો નથી, નદીપાર ગુરુની સાથે મૃગયા રમવા એ એકલો જતો નથી. એકાંતમાં ગુરુ બોલાવે તો દેખા દેતો નથી.

એક દિવસ ગોવિંદે પઠાણની સાથે શેતરંજની રમત માંડી.

રમતાં રમતાં સાંજ પડવા આવી તેની કોઇને ખબર ન પડી.

ઘડીએ ઘડીએ હારવાથી મામુદ જીદે ચડયો.

સાંજ પડી. રાત વધવા માંડી.

જોનારા સૌ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

રાત્રિ વેગથી વહી રહી છે.

નીચું માથું રાખી પઠાણ એકચિત્તે રમતમાં મશગૂલ બની ગયો છે.

ઓચિંતાના એકદમ શેતરંજનું સોગઠું ઉપાડી ગુરુએ મામુદના માથામાં માર્યું, ને અટ્ટહાસ્ય કરી કહ્યું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બાપના હણનારની સાથે રમવા બેઠેલો બાયલો તે કદી જીતતો હશે?'

તરત જ વીજળી જેવી ધારદાર છુરી મ્યાનમાંથી ખેંચી કાઢી પઠાણે ગોવિંદની છાતીમાં ભોંકી દીધી.

ગુરુ હસતે મોંએ બોલ્યા :

'આટલે દિવસે આજે તું શીખ્યો કે અન્યાયનો બદલો કેવી રીતે લેવાય! છેલ્લો પાઠ આજ પૂરો થયો--આજે તને મારા છેલ્લા આશીર્વાદ છે, બેટા!'

☆

સૌન્દર્યનો સંયમ

નર કહે છે : 'અમે વીર છીએ, ફાવે તે કરીએ.'
નારી જીભ કાઢી કહે છે : 'સાંભળીને હું લાજી મરું છું.'
'પગલે પગલે તને તો પ્રતિબંધો નડે છે.'—નારીને નર કહે છે.
કવિ કહે છે : 'તેથી જ તો નારી સુન્દર છે.'

[કણિકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રેષ્ઠ ભિક્ષા

[અવદાન શતક]

'ભગવાન બુદ્ધને માટે હું ભિક્ષા માગું છું, હે નગરજનો, કોઈ જાગો છો?'

અનાથ-પિંડદે* મેઘગર્જના કરી સાદ પાડ્યો.

શ્રાવસ્તિપુરીના આકાશને અડેલા મહેલો પર બાલસૂરજ હજી તો હમણાં જ, પોતાની આળસથી લાલ દેખાતી, હસું હસું થતી આંખો ઉઘાડે છે.

વૈતાલિકોની મંડળી કાગાનિંદરમાં ઢળેલી છે, હજી એણે માંગલિક ગાન ગાવું શરૂ કર્યું નથી. સવાર થયું ન થયુંની વિમાસણમાં પડેલી કોયલ ધીરેથી કુહૂ કુહૂ કરે છે.

---

*અનાથ-પિંડદ બુદ્ધનો એક મુખ્ય શિષ્ય હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિક્ષુ સાદ પાડે છે : 'હે નિદ્રિત નગર ! મને ભિક્ષા આપ ! તારી ઊંઘ ઉડાડ !'

સૂતેલા નગરજનો આ સાદ સાંભળી કાંપે છે.

સાધુ કહે છે :

'સાંભળો, વર્ષાની વાદળીઓ પોતે નિઃશેષ બનીને જગતને વરસાદ આપે છે. તમામ ધર્મોમાં ત્યાગધર્મ જગતમાં શ્રેષ્ઠ છે !'

દૂરદૂર કૈલાસના શિખરથી આવતા ભૈરવના મહાસંગીત સમી આ વાણી સુખતંદ્રામાં પડેલાં ભવનોમાં મંદ મંદ પડછંદા પાડવા લાગી.

રાજા જાગીને વિચાર કરે છે : આ રાજ્યધન શા ખપનું છે ? ગૃહસ્થ વિચાર કરે છે : આ તુચ્છ માલમિલકત શું કરવાની છે ? અને બાલિકા વગર કારણે અશ્રુ વહાવે છેઃ

જે મધુર સુખથી હૃદય અધીર બની જતાં હતાં, તે સુખો આજે કામિનીઓની ગઈ રાતની તૂટેલી, છુંદાયેલી, સુકાયેલી ફુલમાળાઓ જેવાં લાગતાં હતાં.

ઘરેઘરની બારીઓ ફટોફટ ખૂલવા માંડે છે, અને અંધારા માર્ગ ભણી કુતૂહલથી જોતી તંદ્રાભરી આંખો ટપોટપ ઉઘડવા માંડે છે.

'જાગો ! ભિક્ષા આપો !'

એમ સાદ પાડતો, ઊંઘતી અટારીઓ પર પોતાની નિદ્રાહીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખો માંડતો, ભિખારી જનહીન રાજમાર્ગ પર થઈને એકલો ચાલી રહ્યો છે.

વણિકો અને ધનિકોએ મૂઠીએ મુઠીએ રત્નો રસ્તામાં ફેંક્યાં. કોઈએ કંઠહાર, તો કોઈએ માથાનો મણિ.

થાળમાં ભરી ભરીને ધનિકો સોનું ધરે છે; સાધુ એ લેતો નથી. એ બધું દૂર પડ્યું રહે છે.

ભિક્ષુ કહે છે : 'કોઈ મારા પ્રભુને ભિક્ષા આપો !'

વસ્ત્રો અને અલંકારોથી રસ્તાની ધૂળ ઢંકાઈ ગઈ. સોનું અને રત્નોમાં જાણે વીજળી ઝબૂકતી હતી ! પણ સંન્યાસી ખાલી ઝોળી ઉપાડી જોરથી પુકાર કરે છે :—

'હે નગરજનો, જરા સાંભળો. ભગવાન બુદ્ધ સર્વશ્રેષ્ઠ ભિક્ષુ છે, માટે સમજીને એમને તમારું શ્રેષ્ઠ દાન આપો !'

રાજા પાછો વળ્યો. શેઠ પાછો વળ્યો, પ્રભુને યોગ્ય કોઈ ભેટ એમની પાસે નથી. વિશાળ નગરી જાણે શરમથી મુખ નીચું ઢાળી રહી છે.

તડકો ચડ્યો, દેશ જાગી ઊઠ્યો. મહાનગરીનો માર્ગ પૂરો થઈ ગયો, સાધુએ ગામ બહાર ઉપવનમાં પ્રવેશ કર્યો.

એક કંગાલ બાઈ હતી. ધરતી એની પથારી. ન મળે એની પાસે અન્ન, કે ન મળે આભૂષણ. તે આવીને સાધુના ચરણકમળમાં નમી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી,

ઝાડવાંની ઓથે છુપાઈ, પોતાનાં અંગ પરનું એક માત્ર વસ્ત્ર તેણે જોર કરી ખેંચી કાઢ્યું, અને હાથ લાંબો કરી રસ્તામાં જમીન પર એ નાખી દીધું.

હાથ ઊંચા કરી ભિક્ષુ જયજયકાર કરે છે. કહે છે: 'ધન્ય મારી મા! તને મારા આશીર્વાદ છે! મહા ભિક્ષુકની આશા તેં ઘડીકમાં પૂરી કરી!'

ફાટ્યું તૂટ્યું એ વસ્ત્ર માથે ચઢાવી નગર છોડીને સંન્યાસી ચાલ્યો ગયો—ભગવાન બુદ્ધના ચરણના નખચંદ્ર-પ્રકાશમાં એ સમર્પવા.

☆

મોહ

નદીનો આ કિનારો નિસાસો નાખી કહે છે:
'સામે જ કિનારે બધું સુખ છે, મારી ખાતરી છે.'

નદીનો સામો કિનારો બેઠો બેઠો દીર્ઘ નિઃશ્વાસ નાખે છે ને કહે છે: 'જગતમાં જેટલું સુખ છે તે બધું પેલે જ કિનારે છે.'

[કણિકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋણનો બદલો

[મહાવસ્ત્વાવદાન]

'રાજભંડારમાં ચોરી ?

'પકડી લાવો ચોરને, નહિ તો. હે નગરપાલ, તારું આવી બન્યું, ધડ પર માથું નહિ રહે !'

—રાજાના હુકમથી રક્ષકો માર્ગે માર્ગે ને ઘેરઘેર ચોરને શોધતા ફરે છે !

નગર બહાર, એક જીર્ણ દેવાલયમાં, વજ્રસેન નામે એક પરદેશી વણિક પ્રવાસી સૂતેલો હતો. તક્ષશિલાનો એ વતની હતો; ઘોડા વેચવા માટે કાશી આવ્યો હતો. રસ્તામાં ચોરોના હાથમાં સપડાતાં બધું ખોઈ બેસી, નિરાશ થઈ, ખાલી હાથે, પોતાને દેશ પાછો જતો હતો.

એને રક્ષકોએ ચોર સમજી પકડ્યો, અને હાથે પગે લોઢાની બેડીઓ નાખી તેઓ એને બંદીખાને લઈ ચાલ્યા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વખતે સર્વોત્તમ સુંદરી શ્યામા આળસમાં અને કુતૂહલમાં રસ્તે ચાલતા લોકોને જોતી વખત વીતાવતી ઝરૂખામાં બેઠી હતી:—એની આંખો આગળ સ્વપ્નની પેઠે લોકપ્રવાહ ચાલી રહ્યો હતો.

એચિંતી ધ્રૂજી ઊઠી શ્યામા. બોલી : 'હાય મા ! મહેન્દ્રને પણ શરમાવે એવી કાન્તિવાળા, અતિ સુંદર, એવા આ કોણ પુરુષને કેદી કરી, કઠિન બેડીઓમાં બાંધીને, આ લોકો ચોરની પેઠે લઈ જઈ રહ્યા છે !

'જલદી જા, જલદી જા, સાહેલી, નગરપાલને મારું નામ દઈને કહે, જા.—શ્યામા તમને બોલાવે છે; કેદીને સાથે લઈને જરા મારા ગરીબ ઘરમાં દયા કરીને આવી જાઓ !'

શ્યામાના નામમાં મંત્રના જેવો એવો ગુણ હતો કે બહાવરો નગરરક્ષક, એ બોલાવે છે સાંભળી હર્ષથી પુલકિત બની ગયો. તેણે તરત જ ઘરમાં પ્રવેશ કર્યો, એની પાછળ કેદી વજ્રસેન નીચું જોઈ ચાલતો હતો, એના ગાલ પર શરમની લાલી ચડી આવી હતી.

હસીને નગરપાલે કહ્યું :

'કાંઈ અસમયે અયોગ્ય પર વણમાગ્યો અનુગ્રહ કર્યો ! —અત્યારે તો રાજના કામે જાઉં છું,—હે સુન્દરી ! રજા આપો !'

એકદમ માથું ઊંચું કરી વજ્રસેન બોલ્યો :—

'આ કેવી રમત, હે સુન્દરી ! આ તારી કેવી રમત ! રસ્તા પરથી ઘરમાં બોલાવી; શા કૌતુકથી તું આ નિર્દોષ પ્રવાસીના અપમાન–દુઃખમાં પાછું અપમાન ઉમેરે છે ?'

આ સાંભળી શ્યામા બોલી :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અરેરે પરદેશી પથિક ! આ કૌતુક નથી ! મારા શરીર પરના તમામે તમામ સુવર્ણ અલંકારો ઉતારી દઈને તારી બેડીઓ મારા શરીર પર લઈ શકું તો સારું ! તારા અપમાનમાં મારો અંતરાત્મા આજે પોતાનું અપમાન જુએ છે.'

આટલું બોલી, ભીંજાયેલી પાંપણોવાળી આંખો દ્વારા જાણે પરદેશીના અંગ પરથી તમામ શરમ એણે લૂછી લીધી.

પછી એણે નગરપાલને કહ્યું :

'મારી બધી માલમિલકત લઈને આ નિર્દોષ કેદીને છોડી મૂકો !'

નગરપાલે કહ્યું : 'તારી વિનતિ આજે પાછી ઠેલવી પડે છે, સુંદરી, એવું અશક્ય આ કામ છે ! રાજભંડારમાં ચોરી થઈ છે, અને કોઈનો પણ જાન લીધા વગર રાજાનો ક્રોધ આજે શમવાનો નથી !'

નગરપાલનો હાથ પકડીને શ્યામા કાતર સ્વરે કરગરવા લાગી : 'માત્ર બે રાત કેદીને જીવતો રાખો, એટલી મારી વિનતિ છે.'

'કબૂલ'—નગરપાલે કહ્યું.

બીજી રાત્રિના પાછલા પહોરે, રમણીએ કેદખાનું ઉઘાડ્યું ; એના હાથમાં પેટાવેલો દીવો હતો. અને, જે ઓરડામાં લોઢાની બેડીઓએ બંધાયેલો વજ્રસેન મૃત્યુ માટે સવાર થવાની રાહ જોતો, મનમાં મનમાં ઈષ્ટ નામ જપી રહ્યો હતો ત્યાં તેણે પ્રવેશ કર્યો.

રમણીનો ઇશારો થતાં જ, રક્ષકે આવીને એકદમ બેડીઓ ઉઘાડી નાખી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિસ્મયથી વિહ્વળ બનેલી આંખે કેદીએ એ શુભ્ર સુકોમલ, ઊઘડું ઊઘડું થતા કમળ જેવા સુંદર મુખનું દર્શન કર્યું.

તે ગદ્દ્ગદ સ્વરે બોલ્યો :

'દુઃખની ભયરાત્રિ પછી, હાથમાં શુક્રનો તારો લઈને શુભ્ર ઉષા ઊગે એવી કોણ તું મારા કારાગૃહમાં આવી છે ?—

'તું મુમૂર્ષુના પ્રાણરૂપ છે, અરે, મુક્તિરૂપ છે! આ નિષ્ઠુર નગરીમાં તું સાક્ષાત દયાની દેવી છે!'

'હું દયાની દેવી!'

રમણીના ઉચ્ચહાસ્યથી, ભયંકર કારાગાર પણ નવા ભય અને ત્રાસથી ચમકીને જાગી ઊઠયું.

હસતાં હસતાં એ ઉન્મત્ત ઉત્કટ હાસ્ય શોકાશ્રુરૂપે ટુકડા ટુકડા થઈને ભાંગી પડયું !

તે રડીને બોલી :

'આ નગરીના રસ્તામાં જેટલા પથ્થરો છે, તેમાંનો એક પણ શ્યામાના જેટલો કઠણ નથી!'

આમ કહી જોરથી તેનો હાથ પકડી, તે વજ્રસેનને કારાગૃહમાંથી બહાર લઈ ગઈ.

તે વખતે પૂર્વના વતાન્તરમાં, વરૂણા નદીના કિનારે ઉષા ઊગતી હતી.

ઘાટ પર નૌકા બાંધેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હે પરદેશી, આવો, આવો!'—નૌકા ઉપર ઊભી રહીને સુન્દરીએ કહ્યું.

'હે મારા પ્રિય, મારા માત્ર આટલા શબ્દો યાદ રાખજે—સઘળાં બંધન તોડીને, હું તારી સાથે એક પ્રવાહમાં વહી રહી છું, હે હૃદય સ્વામી! મારા જીવન મરણના પ્રભુ!'

—પછી નૌકા છોડી મૂકી.

બેઉ તીરે વને વને પંખીઓ આનંદ ઉત્સવનું ગાન ગાય છે. બેઉ હાથે પ્રેયસીનું મુખ છાતી સરસું દબાવી વજ્રસેને પૂછયું :

'હે પ્રિયા, મને કહે, શું આપીને તેં મને છોડાવ્યો છે? હે વિદેશિની, આ દીન દરિદ્ર માણસને માથે તારું કેટલું ઋણ ચડયું છે એ બધું પૂરેપૂરું જાણવાનું મને મન છે!'

ગાઢ આલિંગન કરી સુન્દરીએ કહ્યું : 'એ વાત હમણાં નહિ.'

નદીના ખરતર પ્રવાહમાં, પવનથી ભરાઇને નૌકા વેગથી વહેતી જાય છે.

મધ્યાકાશમાં પ્રચંડ સૂર્ય તપવા લાગ્યો.

ગામની વહુવારૂઓ નહાઈધોઇને, ભીને કપડે, કાંસાના ઘડામાં ગંગાજળ ભરી ઘેર જતી રહી છે.

સવારનું હાટિયાણું પતી ગયું છે.

બન્ને કાંઠે કોલાહલ શમી ગયો છે. રસ્તાઓ સૂના થઈ ગયા છે.

વડ હેઠળ પથ્થરનો ઘાટ બાંધેલો હતો, ત્યાં ખલાસીએ સ્નાનાહાર પતવવા નૌકા બાંધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તંદ્રાવશ વિશાળ વડની શાખાઓ પર, છાયામાં છુપાયેલી પંખીઓના માળાઓમાં ગીત કે કલરવ નથી થતો. આળસુ કીટપતંગ માત્ર આખો દિવસ ગુંજારવ કર્યા કરે છે.

ખેતરમાંથી પાકેલા ધાનની સુગંધ વહી લાવતા મધ્યાહ્નના પવને શ્યામાનો ઘૂમટો જ્યારે ઓચિંતો ખસેડી નાખ્યો ત્યારે—ભરપૂર પ્રણયની પીડાથી વ્યાકુળ રીબાતા હૃદયે—રૂંધાતા કંઠે વજ્રસેન શ્યામાના કાનમાં ધીરેથી બોલ્યો—

'ક્ષણિક શૃંખલામાંથી મુક્ત કરીને, મને તેં અનંત શૃંખલાએ બાંધ્યો છે! કેવી રીતે આ દુઃસાધ્ય વ્રત તેં સિદ્ધ કર્યું તે મને વર્ણવીને કહે.

'મારી ખાતર તેં શું કર્યું છે એ હું જાણું, તો હે પ્રિયે, આ જીવન આપીને હું એ ઋણ વાળીશ, એ મારી પ્રતિજ્ઞા છે!'

મોં ઉપર વસ્ત્ર ખેંચી લઈ સુન્દરી બોલી: 'એ વાત હમણાં નહિ.'

દિવસની પ્રકાશનૌકા જ્યારે સોનાના સઢ સંકેલીને નીરવપણે દૂરદૂર અસ્તાચલના ઘાટ પર ચાલી ગઈ,--ત્યારે સાંજના પવનમાં શ્યામાની નૌકા કાંઠા પરના ઉપવનમાં લાંગરી.

સુદ ચોથનો ચંદ્રમા આથમું આથમું કરતો હતો.—શાન્ત સ્થિર પાણી પર એનો ક્ષીણ પ્રકાશ લાંબા લિસોટા પાડી ચમકતો હતો.

કંસારી-તમરાંના અવાજથી ઝાડોની નીચેનો અંધકાર વીણાના તારની પેઠે જોરથી થરથરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીવો હોલવીને, નૌકાની બારીએ દક્ષિણ દિશાનો પવન ખાતી, અને, ગાઢ નિસાસા નાખતી શ્યામા, યુવકનો ખભો અઢેલીને બેઠી હતી.

એના છુટ્ટા સુગંધીદાર વાળ, ઘેરી તંદ્રાની જાળની પેઠે, પરદેશીની છાતીને સુકોમળ તરંગિત તમોજાળથી આવરીને પડયા હતા.

અસ્ફુટ કંઠે શ્યામા બોલી :

" પ્રિયતમ, તમારી ખાતર મેં જે કામ કર્યું છે તે કઠિન છે, અતિ કઠિન છે—પણ આજે એ વાત તમને કહેવી એ એના કરતાં યે વધારે કઠિન છે! ટૂંકમાં એ કહું છું—એક વખત સાંભળીને પછી એ વાત જ મનમાંથી ભૂંસી નાખજો.

" કિશોર બાળક. ઊત્તીય એનું નામ. મારા પ્રેમમાં પડી એ પાગલ અને ચંચળ બની ગયા હતા. મારા કહેવાથી તેણે તમારા પરના ચોરીનો આરોપ પોતાને માથે ઓઢી લઈ પોતાનો જીવ આપ્યો છે.

' આ જીવનમાં મારા સૌથી મોટા પાપને, હે સર્વોત્તમ, મેં તમારી ખાતર મારું ગૌરવ ગણ્યું છે!'

ક્ષીણ ચંદ્ર અસ્ત થઈ ગયો!

નીરવ જંગલ સેંકડો પંખીઓની ઊંઘ માથા પર લઈને શાંત બની ઊભું.

ખૂબ ધીરે ધીરે રમણીની કમરેથી પ્રિતમનો બાહુપાશ શિથિલ થઈને ખસી પડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઠોર વિચ્છેદ બંનેની વચ્ચે મૂગો બની ને બેસી ગયો.

મૂંગો મૂગો વજ્રસેન જડ કઠણુ પાષાણુની પૂતળીની સામે જોઈ રહ્યો.

આલિંગનભ્રષ્ટ શ્યામા એના પગમાં માથું મૂકી કપાયેલી લતાની પેઠે તૂટી પડી.

નદીનાં કાળાંમેશ પાણીમાં ધીરે ધીરે કાંઠા પરનો અંધકાર જામતો ગયો.

એકાએક જોરથી યુવાનના પગ પોતાના બાહુપાશમાં બાંધી લઈ—દુઃખી સ્ત્રી અશ્રુહીન શુષ્ક કંઠે રડી પડી—

"ક્ષમા કરો, નાથ! આ પાપની ભારેમાં ભારે સજા મને વિધાતાને હાથે થજો—પણ તમારી ખાતર મેં જે કર્યું છે તેની મને ક્ષમા કરો.'

પગ ખેંચી લઇ એની સામે જોઈ વજ્રસેન બોલી ઊઠયો.

મારા આ પ્રાણની તારે શી જરૂર હતી? તેં પાપમૂલ્યથી ખરીદેલું મહાપાપનું ભાગીદાર આ જીવન. આ જન્મ પૂરતું તો ધિક્કારપાત્ર બન્યું છે!

'હે કલંકિતા! તારા ઋણી બનવાથી મારા આ શ્વાસોશ્વાસનેય ધિક્કાર છે! અને પળે પળે થતા આ નિમેષપાતને પણ ધિક્કાર છે!"

આટલું બોલી એ બળપૂર્વક ઊભો થઈ ગયો, અને નૌકા છોડી કાંઠે ઊતરી ગયો—અંધારામાં વનમાં ગમે ત્યાં જતો રહેવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાયુહીન સુગંધિત વનમાં ક્ષણે ક્ષણે સૂકાં પાંદડાંએ પગ નીચે ચંપાતાં અવાજ કરી અરણ્યને ચકિત કર્યું.

ઝાડોએ ચારે બાજુ વાંકી ચૂંકી અનેક ડાળીઓ કાઢી અંધારામાં અસંખ્ય આકાર અને વિચિત્ર રૂપો ધારણ કર્યાં છે ચારે દિશાઓ રૂંધાઈ ગઈ છે. લતાઓરૂપી શૃંખલાઓવાળા વને મૂંગો નિષેધ કરતું હોય તેમ હાથ લાંબો કર્યો.

થાકીને પથિક જમીન પર બેઠો.

તેની પાછળ છાયાની પેઠે કોણ ઊભું છે?

એની પાછળ પાછળ, અંધારામાં, પગલે પગલે એને અનુસરતી રમણી કંઈ પણ બોલ્યા વગર આટલો લાંબો પંથ વટાવી લોહી નિંગળતે પગે આવી છે.

બેય હાથે મૂઠીઓ વાળી પથિકે રાડ પાડી : 'હજી મને છોડવો નથી?'

રમણીએ વીજળી વેગે દોટ મૂકી પાણીના પૂરનાં મોજાંની પેઠે આલિંગનથી, કેશપાશથી, ખસી પડેલા પહેરવેશથી, ગાઢ નિઃશ્વાસથી, સૂંઘીને, ચુંબન કરીને અને સ્પર્શ કરીને, યુવકને અંગે અંગે આવરી લીધો.

તે રૂંધાતે કંઠે આર્દ્ર ગદ્ગદ વચને બોલી : 'નહિ છોડું, નહિ છોડું.'

ફરી ફરીને તે કહેવા લાગી : 'તમારી ખાતર પાપ કર્યું છે, નાથ! તમે મને સજા કરો, મારી નાખો, મને જે દંડ દેવો હોય તે દઈ દો.'

અરણ્યના ગ્રહ તારા વગરના અંધકારે અંધભાવે જાણે કંઈક ભયનો અનુભવ કર્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાખો લાખો તરુમૂલ ધરતીની અંદર રહ્યાં રહ્યાં ત્રાસથી કંપી ઊઠ્યાં !

રૂંધાયેલા પીસાયેલા શ્વાસે છેલ્લી વારનો કરુણુ સ્વર જરાક સંભળાયો.

અને બીજી જ પળે કોઈ પછાડ ખાઈ ભૂમિ ઉપર તૂટી પડ્યું.

વજ્રસેન વનમાંથી પાછો આવ્યો ત્યારે જાહ્નવીના સામે કિનારે મંદિરનાં ત્રિશૂળ અને શિખરો ઉષાનાં પ્રથમ કિરણોથી વીજળી વર્ણાં થઈ ગયાં હતાં.

નિર્જન ભાઠામાં નદીને કિનારે કિનારે ફરીને એણે આખો દિવસ ગાંડાની પેઠે ઉદાસીન ભાવે વીતાવ્યો.

બપોરના બળબળતા સૂરજે એના આખા શરીર પર અગ્નિના ચાબખા લમાવ્યા.

કેડે ઘડો લઈને જતી ગામની વહુવારુઓ એની દશા જોઈ કરુણ કંઠે કહેવા લાગી :

'કોણ છો ઘરબાર વગરના ! ચાલો અમારે ઘેર !'

એણે કંઈ જવાબ ન દીધો.

તરસથી છાતી ફાટી જતી હતી—તોયે તેણે પાસે જ વહેતી નદીમાંથી એક છાંટો પાણી પીધું નહિ.

સાંજ પડતાં, પતંગિયું જેમ અગ્નિને જોઈને વેગથી ઉત્સાહભેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોડે, તેમ એ તાવથી તપતા બળતા કલેવરે દોડીને નૌકામાં જઇ ભરાયો.

જોયું તો પથારીમાં એક નુપૂર પડેલું હતું.

સેંકડો વાર એણે એ છાતી પર ચાંપી રાખ્યું. એનો ઝંકાર શતમુખી બાણની પેઠે એના હૃદયમાં વરસી રહ્યો.

એક તરફ આસમાની વસ્ત્ર પડેલું હતું,--એનો ગોટો વાળી, એના ઉપર મોં રાખી એ પડી રહ્યો,—એમાંથી નીકળતી સુકોમળ શરીરની ગંધ અતૃપ્ત આવેશથી એણે શ્વાસ ભરી ભરીને છેલ્લા કણ લગી શોષી લીધી.

આથમવાનું કરતો શુકલ પંચમીનો ચંદ્ર સપ્તપર્ણ વૃક્ષની ઉપર શાખાઓના અંતરિયાળ ઊતરી પડયો છે.

જંગલ તરફ જોઇ, બંને હાથ પહોળા કરી, વજ્રસેન પુકારે છે: ' આવ, આવ, પ્રિયા !—'

એવે વખતે, નદી તીરે, રેતીના ભાઠામાં ઘનઘોર વનના અંધકારમાં છાયા જેવી કોઇની મૂર્તિ દેખાઇ.

" આવ આવ પ્રિયા ! '

' આવી છું પ્રિયતમ ! '

શ્યામા આવીને પગમાં પડી.

' ક્ષમા કરો, મને ક્ષમા કરો ! તમારા કરૂણ હાથે મારા આ કઠોર પ્રાણ ન ગયા ! '

માત્ર પળવાર વજ્રસેન એના મોં સામું જોઇ રહ્યો,—પળવાર આલિંગન માટે હાથ લંબાવ્યા ને ચમકી પડયો; તેને દૂર હડસેલી દઇ ગરજી ઊઠયો ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમ આવી, કેમ પાછી આવી?'

છાતીએથી નુપૂર લઈ—ફેંકી દીધું.

જલતા અંગારા જેવું નીલ વસ્ત્ર પણ આમળથી ખેંચીને—ફેંકી દીધું.

પથારી જાણે અગ્નિની પથારી હોય એમ પણ નીચે રહી એને દઝાડવા લાગી.

આંખો મીંચી દઈ, મોં ફેરવી લઈ એ બોલ્યો:

'જા, જા, પાછી જા, મને છોડીને જતી રહે!'

નીચું જોઈ થોડી વાર નારી ત્યાં ઊભી રહી, બીજ જ ક્ષણે જમીન પર ઘુંટણિયે બેસી યુવાનના પગમાં તેણે પ્રણામ કર્યા.

ત્યાર પછી નદી કિનારે ઊતરીને અંધારી વનને વાટે એ ધીરે ધીરે ચાલી ગઈ—પલકનું અપૂર્વ સ્વપ્ન, નિદ્રા ભંગ થતાં રાત્રિના અંધકારમાં ભળી જાય તેમ.

સગપણ બુદ્ધિ

કેરોસિનનો દીવો માટીના કોડિયાને કહે છે: 'ખબરદાર! જો ભાઈ કહી મને બોલાવ્યો છે તો ગળું પીસી નાખીશ.'

એટલામાં આકાશમાં ચાંદો ઊગ્યો—

એ જોઈ કેરોસિનનો દીવો બોલી ઊઠયો: 'ભાઈ, આવો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલ્મીકિ

જ્યારે હિમાલયનાં શિખરો પર અષાઢી મેઘ ઊતરી આવે છે, ત્યારે મહા નદી બ્રહ્મપુત્રા એકદમ દુર્દમ્ય, દુર્નિવાર્ય, દુઃસહ હૃદયવેગથી, કિનારા પરનાં વૃક્ષોને મૂળમાંથી ઉખેડી નાખી, પ્રમત્ત ધૂર્જટિની પેઠે તરંગોનાં ડમરૂ બજાવતી, પોતાના બેઉ કાંઠા અને કિનારા પરનાં જંગલોમાં પાગલની પેઠે ફરી વળે છે.

તેવી રીતે મહાવનની છાયામાં, સ્વચ્છ, સાંકડા પટવાળી પણ વેગથી વહેતી તમસા નદીને કિનારે અપૂર્વ ઉદ્વેગપૂર્ણ હૃદયે મહર્ષિ વાલ્મીકિ કવિ એકલા ભમી રહ્યા છે;—રક્તના વેગથી છલકતા હૃદયે જલદ ગંભીર અવાજે નવીન છંદનું એ વારંવાર રટણ કરી રહ્યા છે. વેદનાથી અંતરને વિદારિત કરી, પલકમાં, પરિપૂર્ણ વાણીના સંગીતે જે જન્મ લીધો હતો, તેનું હવે શું કરવું, તેનો શો ઉદ્દેશ હતો, એનો મુનિ વિચાર કરી રહ્યા હતા. —બાલ ગરૂડની પેઠે કોઈ મહાન ક્ષુધાનો આવેશ તેને પીડી રહ્યો છે, શી ખબર એને શું જોઈએ છે, અમર પંખીનું બચ્ચુ કયા વિશ્વમાં પોતાનો વિરાટ માળો બાંધવાનું છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલૌકિક આનંદનો ભાર વિધાતા જેના માથા પર નાખે છે, તેના હૃદયમાં અપાર વેદના થાય છે, તેને નિત્ય જાગરણ થાય છે; અગ્નિની પેઠે દેવતાનું દાન ચિત્તમાં ઊંચી જ્વાળાઓ સળગાવીને હૃદયને દગ્ધ કરે છે.

સૂરજ આથમી ગયો.

સાંજે ઝાડોની ડાળીઓમાં સૂતેલાં પંખીઓને જટાનાં કિરણો-થી ચમકાવતા, સ્વર્ગના નંદનવનની ગંધથી, થાકેલા ભમરાઓને અસમયે વિસ્મિત અને વ્યાકુળ બનાવતા, મહર્ષિ નારદ તપોભૂમિ પર ઊતર્યા.

કવિએ એમને નમસ્કાર કરી આસન આપ્યું અને પ્રશ્ન કર્યો: ‘ કયું મહત્ દેવકાર્ય કરવા માટે, પ્રભુ, તમારું મર્ત્યલોકમાં આગમન થયું છે ? ’

નારદે હસીને કહ્યું : ‘ હે મુનિ, કરુણાના ફુવારામાં જે છંદ ઊંચે ચડયો, તે બ્રહ્મલોકમાં સાંભળીને બ્રહ્માએ મને બોલાવીને કહ્યું : ‘ તમે તમસાને કિનારે જાઓ અને વાણીની વીજળીથી પ્રદીપ્ત, છંદરૂપી બાણથી વીંધાયેલા વાલ્મીકિને એકવાર પૂછી આવો.—એમને કહો કે ‘ હે ભાગ્યવાન ! આ અમૂલ્ય સંગીત-ધનનું તમે કોને દાન કરવાના છો ? આ છંદમાં કયા દેવતાની કીર્તિકથા ગુંથીને, સ્વર્ગના અમર દેવને તમે મર્ત્યલોકમાં અમર કરવાના છો ? ’

ભાવોન્મત્ત મહામુનિવરે માથું હલાવી જવાબ દીધો : ‘ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વ ચરાચર દેવતાનું સામગાન ગાઈ રહ્યું છે—નથી એને ભાષા, નથી અર્થ; અગ્નિ આંગળીઓ ઊંચી કરી કરી ઈશારાથી સ્તવન કરે છે; સમુદ્ર તરંગરૂપી બાહુ ઉંચા કરી શું કરે છે તે સ્વર્ગને ખબર; અરણ્ય લાખલાખ શાખાઓ ફેલાવી મહામંત્રનું મર્મગાન કરે છે; વાવાઝોડું ભીષણ પાંખો પ્રસારીને ગર્જના—ગાન ગાઈ રહ્યું છે; નક્ષત્રોની અક્ષૌહિણીથી માંડી અરણ્યનાં પતંગિયાં સુધી સૌ, સંગીતનાં વહેણોને વૈકુંઠના શાંતિસાગરને કિનારે એક જ પ્રવાહમાં મિલાવે છે.

માણસની ભાષા ચારે તરફથી અર્થ વડે જકડાયેલી છે, અને માણસની ચારે તરફ ફર્યા કરે છે. સતત રાત ને દિવસ માણસની તહેનાતમાં તેના પ્રાણ ક્ષીણ થતા જાય છે. તેનું પરિસ્ફુટ તત્ત્વ ભાવને મર્યાદિત કરે છે. અર્થના ભાર વગરના, સાત પાંખ સમા સાત સૂરોને વહેતા મૂકી, સંગીતની પેઠે સ્વતંત્રતાથી, તે એકદમ ઊંચી ડોકે અનંત ગગન ભણી ઉડી શકતી નથી.

પ્રભાતની શુભ્ર ભાષા—વાકયહીન પ્રત્યક્ષ કિરણો—જગતના મર્મદ્વારને પલકમાં ઉઘાડી નાખી ત્રિલોકના ગીતનો ભંડાર ખુલ્લો મૂકી દે છે; રાત્રિની શાન્તવાણી ક્ષણમાત્રમાં અનંત સંસારને આવરી લે છે, એનો નિઃશબ્દ મહાન નિષેધ વિશ્વનાં કર્મ અને કોલાહલનો મંત્રબળે નાશ કરી દઈ, પલકમાં તમામ દુઃખ અને તમામ શ્રમને હરી લે છે, અને જીવલોકમાં મરણનો મોટો આભાસ ઉત્પન્ન કરે છે.

નક્ષત્રની ધ્રુવ ભાષા—અખંડ અગ્નિના કણ જેવા તારાઓના સૂચિપત્રમાં, અનંત અમર મહાકાશમાં, પોતાનું સ્થાન છે એમ સૂચવે છે; દક્ષિણના પવનની ભાષા એક કેવળ નિઃશ્વાસ માત્રથી કુંજનિકુંજમાં નવી આશા જગાડે છે; દુર્ગમ પાંદડાંના દુર્ગમાં—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરણ્યના ગાઢ અંતઃપુરમાં, પલકમાં પ્રવેશ કરી, યૌવનનું જયગાન રોજ દૂર દૂર જતું જાય છે.

—આવો પ્રત્યક્ષ પ્રકાશ માણસના શબ્દોમાં ક્યાંથી! એ અનંત આભાસ ક્યાંથી! એ અર્થભેદી, અભ્રભેદી સંગીતનો ઉચ્છ્વાસ, આત્મવિદારક મર્માન્તિક મહાન નિઃશ્વાસ ક્યાંથી!

માનવની જીર્ણ ભાષામાં મારો છંદ નવો સૂર પૂરશે, અર્થના બંધનમાંથી, એને કંઈક દૂર, ભાવતણા સ્વાધીન લોકમાં લઈ જશે, પંખાળા અશ્વરાજ સમ એને ઉદ્દામ સુન્દર ગતિ દેશે,—આ આશ્વાસનમાં મારું ચિત્ત તણાય છે.

જેવી રીતે દિવ્ય અગ્નિનૌકા વિશાળ વ્યોમના નીલસાગરમાં એક પારથી બીજે પાર દરરોજ સૂર્યને વેગથી વહી લઈ જાય છે, તેવી રીતે અગ્નિ સમો એ છંદ વાણીને સમર્પણ કરીશ, કે જેથી એ મર્ત્યલોકની સીમાને વગર વિઘ્ને તરી પાર કરી જશે, ભારે મરતી પૃથ્વીને ઊંચે ખેંચી જશે, શબ્દોને ભાવ તણા સ્વર્ગમાં લઈ જશે, અને મનુષ્યને દેવના પીઠસ્થાને લઈ જશે.

મહાસાગરે જેવી રીતે નિર્વાક, નિસ્તબ્ધ ધરતીને ચારે કોરથી અનંત નૃત્ય અને ગીતથી ઘેરીને બાંધી રાખી છે,—તેવી રીતે મારો છંદ, ભાષાને આલિંગનમાં ઘેરીને, યુગયુગાન્તર સુધી સરળ, ગંભીર, મધુર સ્વરથી દિગ્દિગંતરમાં, મહામાનવનું સ્તુતિગાન ગાશે;—ક્ષણભંગુર નરજન્મને મહાન માનનું દાન કરશે.

હે મહર્ષિ, હે દેવદૂત! જઈને પિતામહના ચરણમાં આટલું નિવેદન કરજો કે સ્વર્ગમાંથી જે આવ્યું છે તેને પાછું સ્વર્ગમાં બોલાવી લેશો નહિ. દેવતાનાં સ્તુતિગાન દેવને માનવ બનાવી દે છે, હું મારા છંદોગાનથી માનવને દેવ બનાવીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવન્! ત્રિભુવન તમને તો પ્રત્યક્ષ છે. તો મને કહો, કોનું નામ અમરોની વીણાના તાર ઝણઝણાવે છે? મને કહો, કોનું વીર્ય ક્ષમાનો અતિક્રમ કરતું નથી? કોના ચારિત્રને વળગીને ધર્મના અતિ કઠોર નિયમોએ હીરા માણેકના બાજુબંધની પેઠે સુન્દર કાન્તિ ધારણ કરી છે? કહો, મહા ઐશ્વર્યમાં નમ્ર કોણ છે? મહા દૈન્યમાં પણ માથું કોણે નથી નમાવ્યું? સંપત્તિમાં કોણ ભય પામે છે? વિપત્તિમાં કોણ બિલકુલ નિર્ભય રહે છે? કોને સૌથી વધારે મળ્યું છે અને કોણે મળ્યું તેથીયે વધારે દીધું છે? કોણે પોતાના મસ્તક પર, રાજમસ્તક પર મુગટની પેઠે, વિનયપૂર્વક, ગૌરવપૂર્વક પૃથ્વી પરનું ભારેમાં ભારે દુઃખ ઝીલ્યું છે?—

હે સર્વજ્ઞ મહર્ષિ, મને કહો એ પુણ્ય નામ!"

નારદે ધીરેથી કહ્યું: 'અયોધ્યાના રઘુપતિ રામ.'

'જાણું છું, ઓળખું છું એમને; તેમની કીર્તિકથા સાંભળી છે.' વાલ્મીકિએ કહ્યું: 'તો પણ સંપૂર્ણ વાર્તા—એમની તમામ ઘટનાઓની મને ખબર નથી—ઇતિહાસ કેવી રીતે રચી શકીશ?' વખતે સત્યભ્રષ્ટ થાઉં એવો ભય મારા મનમાં જાગે છે.'

નારદે હસીને કહ્યું: 'જે તમે રચશો તે જ સત્ય છે. જે બને છે તે બધું સત્ય નથી. કવિ, તારી મનોભૂમિ રામનું જન્મસ્થાન છે, અયોધ્યા કરતાં એ વધારે સત્ય છે.'

આમ કહી દેવદૂત દિવ્ય સ્વપ્નની જેમ દૂર દૂર સપ્તર્ષિ લોકમાં અદૃશ્ય થઈ ગયો.

વાલ્મીકિ ધ્યાનાસને બેઠા. તમસા મૌન રહી. તપોવન સ્તબ્ધ બન્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિતા

ધન્ય છે તમને હે રાજમંત્રી! તમારા ચરણકમળમાં નમસ્કાર કરું છું. લો, તમારી સોનામહોરો પાછી લો, તમે દીધેલો પુરસ્કાર પણ પાછો લો.

ઋષ્યશૃંગ ઋષિને ભોળવવા માટે, રત્નાભૂષણોથી ખૂબ સજાવી કરીને જે વારાંગનાઓને વનમાં મોકલી હતી, તેમાંની હું એક છું.

તે દિવસે નદીરૂપી કસોટી પહાણ પર અરુણે પહેલ વહેલો સોનાનો લિસોટો પાડયો, ત્યારે તરુણ તપસ્વીએ સ્નાન નિમિત્તે નદીના કિનારા પર દર્શન દીધાં.

તેના લલાટ ઉપર પિંગલજટા ઝગમગતી હતી—જાણે પૂર્વાચલને માથે ઉષા. પાતળું શરીર—સેંકડો વીજળીથી જડેલી જાણે જ્યોતિની લતા!

મને થયું, જાણે મારા નવા જન્મનો ઉદયગિરિ અજવાળી, ઝાકળથી ધોવાઈ સ્વચ્છ બનેલું પરમ પ્રભાત નવું જીવન ભરીને ઊગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ યુવતીઓએ નૌકા વહાવી પંચમ સૂરે ગાવા માંડયું. ઋષિકુમારે મોહિત અને ચકિત બની, મૃગના બચ્ચાની પેઠે કાન માંડ્યા.

એકાએક સૌએ પાણીમાં ઝંપલાવી, હાથમાં હાથ પરોવી, મુનિબાલકને ફંદામાં નાખી, ઘેરી લઈ, ગોળ ફરતાં ફરતાં અનેક પ્રકારે નૃત્ય શરૂ કર્યું.

નુપૂરેનુપૂરના દ્રુત તાલમાં નદીના તળિયાની શિલાઓ બજવા લાગી. ભગવાન સૂર્યનારાયણ લાલ આંખો કરી આ નિર્લજ્જ નિષ્ઠુર લીલા નીરખી રહ્યા.

પહેલાં તો ચકિત દેવબાલકની પેઠે ઋષિકુમાર કુતૂહલથી જોઈ રહ્યો—જાણે કયાંકથી કોઈ અજાણ્યો ઉજાસ એના મારગમાં આવી પડયો ન હોય શું!

જોતજોતામાં ભક્તિનાં કિરણોએ એના શુભ્ર લલાટ ઉપર ઉજાસ પાથર્યો,—દેવનો કોઈ નવીન જ પ્રકાશ આજે પહેલીવાર પ્રભાતના પહોરમાં તેણે જોયો.

એની વિશાળ નિર્મળ અને વિસ્મિત આંખોમાં બે શુક્રના તારા ફૂટી નીકળ્યા, બંને કરકમળ જોડીને કુમારે વંદના—ગાન શરૂ કરી દીધું.

એ કિશોર-કોકિલના કરુણ કંઠમાંથી અમૃતનો ફુવારો છૂટયો; શાંતિમાં મગ્ન એવું નીરવ તપોવન પાંદડે પાંદડે કંપી ઊઠયું.

એણે તે વખતે જે ગીત ગાયું તે કદીય પણ નારીને માટે રચાયેલું નહોતું. તે માત્ર નિર્મળ ઉષાએ જ નિર્જન ગિરિશિખર પર સાંભળેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ગીત, માત્ર શાંત સંધ્યાએ નીરવ નીલ સાગરને તળિયે સાંભળેલું છે. એ સાંભળીને આર્દ્ર હૃદય ઝાકળનાં જેવાં શીતલ અશ્રુ રૂપે ઓગળી જાય છે.

પાલવનો છેડો હોઠમાં દાબી પિશાચીઓનું ટોળું હસી પડ્યું. જરાક ત્રાસનો ઝબકારો ઋષિકુમારની આંખ પર કંપી ગયો.

મનમાં દુઃખી થઈ, ઝડપથી પગ ઉપાડી, હું એની પાસે જઇ હાથ જોડી ઊભી, ને બોલી : 'હે મારા તપોધન પ્રભુ ! આ અધમ દાસી તમારા ચરણમાં આવી છે.'

એમને કિનારે લઈ જઈને, મેં એમનું ભીનું શરીર મારા ઓઢણા વડે લૂછી નાખ્યું. પછી ઘૂંટણ પર બેસી, એમના ચરણયુગલ આ કેશપાશથી લૂછી નાખ્યા.

ત્યાર પછી, સૂરજમુખી ફૂલની પેઠે મેં મોં ઊંચું કરીને જોયું,—એ તપસ્વીકુમાર મુખ નીચું કરી મારા મોં સામે જોઈ રહ્યો.

પહેલીજ વાર રમણીનાં દર્શન કરી મુગ્ધ બનેલાં એ બે સરળ નેત્રો જોઈ મારા હૃદયમાં નારીના મહિમાએ પોતાની વિજયભેરી વગાડી.

ધન્ય છે મને, વિધાતા ! તને ય ધન્ય છે કે મને રમણીરૂપે સરજી ! ઋષિકુમારના રોમેરોમમાં મારો જય પ્રગટ થાય છે, એનાં નેત્રો ભરીને મારો જયજયકાર ઊઠે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનનીનો સ્નેહ, રમણીની દયા, કુમારીની નીરવ નવીન પ્રીતિ—ત્રણેએ મળીને મારી હૃદયવીણાના તાર પર સંગીત ઉત્પન્ન કરી દીધું.

મારા મોં સામે જોઈ કુમારે કહ્યું :

'કયા દેવે આજે દિવસ ઉગાડ્યો છે? તારો સ્પર્શ અમૃત સરખો મીઠો છે, તારી આંખોમાં દિવ્ય ઉજાસ છે!'

મધુરજનીએ કેટલાંયે મુગ્ધ હૃદયોએ આ દેહને સ્વર્ગ માન્યું છે,—તે વખતે અનેક ચાટુ વચનો સાંભળ્યાં છે, પણ આવું સત્ય વચન કદી સાંભળ્યું નથી.

મારા દેવતાની તો કોઈએ કદી સ્પૃહા કરી નથી, સૌ માટીનાં ઢેફાં લઇને ગયા છે. અને મારા દેવતાને એમણે તિરસ્કાર-પૂર્વક દૂર દૂર દુર્ગમાં, મનના વનવાસમાં મોકલી દીધો છે.

ત્યાં શાંત, નીરવ, ગહન, અને ગંભીર એવા એ પથહીન નિર્જન ઘરમાં,—જ્યાં અમારૂં કોઇ કદી આવ્યું નહોતું—ત્યાં આ મારો તાપસકુમાર આવ્યો.

સાધક વિનાના બધા દેવતાઓ સાગર તીરે ઊંઘતા હતા—પહેલીજ વાર પ્રેમથી ઋષિબાલકે પૂજાનાં ફૂલથી એમની પૂજા કરી.

આનંદથી મારા દેવતા જાગી ઊઠ્યા, ભગતના પ્રાણમાં પણ આનંદ જાગ્યો,—આ વાત મારા દેવતા અને તાપસકુમાર એ બે સિવાય ત્રીજું કોઇ જાણતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમારે મારી મો સામું જોઈ કહ્યું :

'તારું સ્વરૂપ આનંદમય છે. તારા બાહુમાંથી આનંદ છૂટે છે. તારા ચરણુ ચૂમતાં આનંદ છૂટે છે.'

એ વચન સાંભળતાં, એ નેત્રો સામે નજર કરતાં, મારી આંખોમાંથી પાણી પડવા માંડયું; અને પલકમાં, ધોવાઈને નિર્મળરૂપે કુમારી નારી બહાર નીકળી આવી.

પ્રભાતના અરુણે ભાઇના વહાલથી મારા કેશમાં કિરણો ઢાળ્યાં. પલકમાં જ તપોવનના પવને આવીને મને પોતાની કરી લીધી.

પેલું પામર પાપિણીઓનું ટોળું ખડખડ હાસ્ય કરવા લાગ્યું,—અને આવેશમાં, વિલાસમાં, કપટજાળમાં, ચારે તરફથી આવી એમણે કુમારને ઘેરી લીધો.

ઓઢણાનો છેડો ધૂળમાં રગદોળાવા લાગ્યો, અંબોડો તૂટતાં વેણી ખસી પડી. બેઉ હાથ લિલાયિત કરી એમણે કુમારને ફુલ છૂટાં મારવા માંડયાં.

હે મારા પવિત્ર કિશોર તાપસ! તમને કયાં સંતાડી રાખું? મારા સમસ્ત વિહ્વળ અંતર વડે તમારી આંખો ઢાંકી દઈ શકું તો સારું.

હે મારા પ્રભાત! તમને જો ઘેરી લઈ શકી હોત તો, ઉષાના રક્તમેઘના જેવું મારું ઝગમગતું લજ્જાઢાંકણુ ઓઢણું ઉતારી દેત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મારા અનલ, હે તપોનિધિ! એ આહુતિ તમે લેશો નહિ, લેશો નહિ. હું રાખ થઈને યે તમને સંતાડું—પણ એવી તાકાત વિધિએ મને નથી આપી.

ધિક્કાર છે રમણીને, સેંકડો સેંકડોવાર ધિક્કાર છે! નિર્લજ્જ વિધિ! તને ય ધિક્કાર છે!

રમણી જાતિના ધિક્કારગાનથી તમામ દિશાઓ ગાજી ઉઠી.

શરમથી વ્યાકુળ બની, અસહ્ય વ્યથાથી, કપાયેલી લતાની પેઠે ભોંય તૂટી પડી, મેં તાપસકુમારને કહ્યું:

'હે પુણ્યચરિત! આ પાપિણીઓને ક્ષમા કરો!

મને ક્ષમા કરો, મને ક્ષમા કરો, હે કરુણાનિધિ! મને ક્ષમા કરો!'

અને,

શરમનાં બાણથી હૃદયમાં વીંધાઈને હું હરિણીની પેઠે ત્યાંથી અહીં ભાગી છૂટી.

મેં રડીને કાતર કંઠે કહ્યું: 'હે પુણ્યસ્વરૂપ! મને ક્ષમા કરો!'

મારી પાછળ પેલી પિશાચણીઓ ચપળ અંગભંગિ કરી, રંગમાં આળોટી પડી, હસી પડી.

તપોવનના તરૂએ દયા લાવી મારા માથા પર ફુલ વેર્યાં, અને દૂરથી બંસરીના જેવી મધુર વાણી મારા કાનમાં સંભળાવા લાગી:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કયા દેવે આજે દિવસ ઉગાડયો છે? તારો સ્પર્શ અમૃત સરખો મીઠો છે, તારી આંખોમાં દિવ્ય ઉજાસ છે.'

સાચે જ, તેં દેવનાં દર્શન કર્યાં છે, તારાં સરળ નેત્રોએ ભૂલ નથી કરી. મૂકો મારે માથે, તમારા હાથનું પૂજાનું ફુલ મારી સાથે લઈ જાઉં.

તમારી પૂજાની સુગંધ મારા મનોમંદિરને ભરીને રહેશે,—આજથી ત્યાંનું દ્વાર બંધ થાય છે, અને સંસારમાં જીવતી રહીશ ત્યાં લગી, એ બંધ જ રહેશે.

ભકિત અને અતિભકિત

ભક્તિ ખાલી હાથે, હસતે વદને આવે છે.

અતિભક્તિ કહે છે: 'જોઉં, શું મળ્યું તને?'

ભક્તિ કહે: 'જે મળે છે તે મનમાં મળે છે, બતાવું કેવી રીતે?'

અતિભક્તિ કહે: 'હં, મને તો બધું હાથોહાથ મળે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહાણી

•

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાનભંગ

ઉમતો યુવાન કાશીનાથ સભામંડપને ધ્વનિથી ભરી દેતો ગાન ગાઇ રહ્યો છે. એના કંઠમાં સાત સૂર, જાણે સાત પાળેલાં પંખીઓ હોય, એમ ખેલી રહ્યા છે! તલવારની ધાર જેવું તીક્ષ્ણ ગળું જાણે દશે દિશાએ નાચતું ફરે છે!—ક્યારે કઈ દિશાએ જાય છે એની ખબર પડતી નથી, વીજળીની પેઠે એ ઝબૂકે છે, પોતાની વિપત્તિની જાળ એ પોતે જ ગૂંથી કાઢે છે, ને પોતે જ એ છેદી પણ નાખે છે.

ગાન સાંભળીને સભામાં બેઠેલા લોકો આભા બની જાય છે, અને જોરથી બોલી ઊઠે છેઃ વાહ! વાહ!

માત્ર બુઢ્ઢો રાજા પ્રતાપરાય લાકડાના પૂતળાની જેમ બેસી રહ્યો છે. વરજલાલ સિવાય બીજા કોઇનું ગાન એને સારૂં લાગતું નથી. બાળપણથી એનું જ ગીત સાંભળી સાંભળીને એણે આટલો કાળ વીતાવ્યો છે. ચોમાસામાં વર્ષાસંગીતની હેલી, અને વસંતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશીની ધૂમ! શરદઋતુ બેસતાં આગમનનાં ગીતો ગાયાં છે, વિજયાનાં ગાન ગાયાં છે; સાંભળી સાંભળીને હૃદય ભરાઇ આવ્યું છે, ને આંખો અશ્રુજળે ઉભરાઈ આવી છે. જ્યારે જ્યારે દોસ્તો મળ્યા છે ત્યારે ત્યારે સભામંડપ ભરાઈ ગયો છે, અને ગોકુળના ગોવાળિયાની ગાથાઓ ભૂપાલી, ને મુલતાની સૂરોમાં ગવાઇ છે.

ઘરમાં વખતોવખત કેટલીયે વિવાહ-ઉત્સવની રાત્રિઓ આવી છે, દાસદાસીઓએ લાલ વસ્ત્રો પહેર્યાં છે, સો સો દીપ-માળાઓ પ્રગટી છે; મણિમુક્તાનાં આભૂષણો પહેરી તરૂણ વર લજ્જા-નમણા મોંએ બેઠો છે, અને સમોવડિયા દોસ્તોએ કાનમાં મોં નાખી એની મશ્કરીઓ કરી છે! એ દરેક વખતે વરજલાલે સામે બેસી આલાપ છેડયા છે.

એ બધા દિવસો અને એ બધું સંગીત હૃદયમાં છલોછલ ભરેલું છે. એથી જ વરજલાલ સિવાય કોઈનું યે ગાન સાંભળવા છતાં હૃદયમાં અસર કરતું નથી,—ચાલ્યા ગયેલા પ્રાણ મંત્રબળથી પલકમાં પાછા નથી આવતા તેમ.

તેથી પ્રતાપરાય, કાશીનું ખાલી ધૂણતું માથું જ માત્ર જોઈ રહ્યા છે. એક પછી એક સૂર પાછો પડે છે—હૃદયમાં કંઈ જ જવાબ મળતો નથી.

ગાન પૂરું થયું ત્યારે કાશીનાથે પળવાર માટે આરામ માગ્યો. પ્રતાપરાયે હસીને વરજલાલની સામે દૃષ્ટિપાત કર્યો. પછી તેના કાન પાસે મોં લઈ જઇ કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઉસ્તાદજી, ખરેખરું ગાન હવે સંભળાવો. આ તે કાંઈ ગાન છે! છિ! આ તો જાણે કોઈ પંખીને શિકારી બિલાડો છળકપટથી રમાડી રહ્યો હોય એવું લાગે છે! એ જમાનો ગયો. આજે તો હાય! સંગીતની કોઈને કદર નથી.'

બુઢ્ઢા વરજલાલે સફેદ વાળ અને સફેદ ફેંટાવાળા સાથે સૌને વિનય કરી, ધીરે ધીરે વચમાં આવી આસન લીધું. પછી, બહાર ઉપસી આવેલી નસોવાળા હાથે વાદ્ય ઉપાડયું, અને માથું નીચું ઢાળી, આંખો મીંચી, યમનકલ્યાણ સૂર છેડયો.

એનો ક્ષીણ સ્વર વિશાળ સભામંડપના ખૂણાઓમાં તરફડીને મરી જાય છે,—નાનકડું પંખી જેમ વંટોળિયામાં જીવ પર આવીને ઊડી ન શકે તેમ.

ડાબા હાથ પર બેસીને પ્રતાપરાય ઉત્સાહ પર ઉત્સાહ ચઢાવી રહ્યા છે! કાનમાં કહી રહ્યા છેઃ આહા! વાહ વાહ! ગળું વહેતું મૂકી દીધું છે કાંઇ!'

સભામાં બેઠેલા લોકો બધા વિચારમાં પડી ગયા. કોઈ ગુસપુસ વાતો કરે છે, કોઈ બગાસાં ખાયાં છે, કોઈ ઝોકાં ખાય છે, તો કોઈ ઘેર જતું રહે છે. કોઈ નોકરને બોલાવીને કહે છેઃ 'એ... ઈ, હુકો લઈ આવ.' જોરથી પંખો હલાવી કોઇ કહે છેઃ 'આજે ખૂબ ગરમી પડે છે.' બહાવરા લોકો આવ જા કરે છે, પળવાર પણ ચૂપ રહેતા નથી; જે સભા પહેલાં નીરવ હતી, ત્યાં ધીમે ધીમે સેંકડો જાતના અવાજો જાગી ઊઠયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ અવાજમાં બુદ્ધાનું સંગીત ડૂબી જવા લાગ્યું—તોફાનમાં નાનકડું હોડલું ડૂબે તેમ. વાદ્ય પર થર થર કંપતી આંગળીઓ એકલી દેખાવા લાગી.

હૃદયના જે ભાગમાંથી ગાનનો સૂર આપોઆપ આનંદથી છૂટી આવે છે, તે ફુવારાના મુખ ઉપર જ ઉપેક્ષાનો કોલાહલ શિલાની પેઠે ચંપાતો હતો. ક્યાં ગાન, ને ક્યાં પ્રાણ—એક આમ દોડે, ને બીજું તેમ દોડે. તો પણ શેઠનું માન રાખવા માટે વરજલાલ જીવ પણ આવીને ગાન ગાવા લાગ્યો.

ગીતનું એક પદ, મનની ભ્રમણામાં કોણ જાણે કેવી રીતે ભુલાઈ ગયું; ભૂલ સુધારી લેવા ફરી એકદમ એણે પહેલેથી ગાવા માંડ્યું. વળી ફરી એ ભૂલી ગયો, યાદ જ ન આવ્યું; શરમથી માથું ધૂણાવી વળી ફરીને એણે પહેલેથી ગીત શરૂ કર્યું. વળી ભૂલ પડવાથી એણે એ છોડી દીધું.

હાથ બમણા જોરથી કાંપે છે, એ ગુરુદેવનું સ્મરણ કરે છે. કંઠ ભયભીત બની થરથર ધ્રૂજે છે—પવનમાં દીવો હોલવાઉં હોલવાઉં કરે તેમ.

પછી ગાનનું પદ છોડી દઈ, માત્ર સૂરને જ એણે પકડી રાખ્યો; આ...આ...કરીને ગાવા જતાં એકાએક હાહાકારથી એ રડી પડ્યો. સૂરની રમત ક્યાં ઊડી ગઈ, તાલ ક્યાં તણાઈ ગયો, સંગીતના સૂત્રને તોડી અશ્રુમુક્તાનો હાર તૂટી પડ્યો!

ખોળામાં સૂતેલી સખી સિતાર ઉપર એણે લજ્જિત માથું ઢાળી દીધું, શીખેલું સંગીત બધું ભૂલી ગયો, બાળપણમાં રડતો એ એને યાદ આવી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશ્રુથી છલ છલ થતી આંખે પ્રતાપરાય એના શરીર પર હાથ ફેરવતો હતો. તેણે સકરૂણ સ્નેહે કહ્યું : 'ચાલો, અહીંથી આપણે જતા રહીએ !'

સેંકડો દીવાઓથી ભડભડતી આંખે, એ ઉત્સવનો ઓરડો છોડીને એ બન્ને જૂના દોસ્તો એક બીજાના હાથમાં હાથ પરોવીને બહાર નીકળી ગયા.

વરજલાલ હાથ જોડીને બોલ્યો : 'પ્રભુ, મારી સભા તૂટી ગઈ. હવે નવો માણસ આવ્યો છે, ને નવા નવા રસ લાવ્યો છે. જગતમાં આપણી નિર્જન સભામાં માત્ર તમે અને હું—ત્યાં ત્રીજા કોઈને લાવશો નહિ, એટલી તમને મારી વિનતિ છે.

'એકલો ગાયક શું ગાય ? બેય જણે સાથ રાખવો પડશે. એક જણ ગળું ખુલ્લું મૂકીને ગાશે, બીજો મનમાં ગાશે. કિનારાના હૈયા પર પાણીનાં મોજાં પછડાય છે ત્યારે અવાજ પેદા થાય છે, પવનથી વનની સભા થરથર કાંપે છે ત્યારે જ મર્મર વાણી ફૂટે છે. જગતમાં જ્યાં જેટલા ધ્વનિ છે, ત્યાં અગાઉ જુગલ-મિલાપ થયેલો છે; જ્યાં પ્રેમ નથી, એવી બોબડાઓની સભામાં સંગીત નથી જાગતું.'

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂનો ચાકર

ભૂતના જેવો એનો ચહેરો હતો, બુદ્ધિનો તો છાંટોયે નહોતો—ઘરમાં કંઈ પણ ખોવાય તો ઘરવાળી કહેતી : 'એટો કેષ્ટો જ ચોર છે !'

આખોયે દિવસ ઊઠતાં બેસતાં એને ભાંડયા કરું છું, પણ જાણે એ સાંભળતો જ નથી ! જેટલો એ માર ખાય છે એટલો તો પગાર પણ ખાતો નથી, તો યે એને ભાન આવતું નથી.

ખરેખરું કામ પડયું હોય, ને જીવ પર આવી એને બોલાવવા બૂમ પાડું—'કેષ્ટા !' હું જેમ તેટલો ધાંધલો બનું, પણ આખો દેશ શોધી વળું તો યે એનો પત્તો લાગવાનો નહિ !

એક જણુસ આપી હોય તો પલકારામાં એને તોડીને ત્રણ કરી લાવે, ને ત્રણ આપી હોય તો એક રહે, ને બાકીની બે ક્યાં ગઈ તેની ખબર નહિ !

સવારે કે બપોરે, જ્યારે જુઓ ત્યારે, જેમ ત્યાં ઊંઘવાની એણે સિદ્ધિ મેળવી છે. પાજી, અભાગિયા, ગધ્ધા ! એવી એવી એને ગાળો દઈ બૂમરાણ કરી મૂકું, ત્યારે પણ એ તો બારણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ઊભો ઊભો હસ્યા કરે; જોઇને મારું તો પેટ બળી જાય છે.

આટલું છતાં પણ એની માયા છોડવી અઘરી છે—બહુ જૂનો ચાકર છે!

ઘરની ધણિયાણી રુદ્ર રૂપ ધારણ કરી કહે છે:

"હવે તો નથી રહેવાતું. આ રહ્યાં તમારાં ઘર ને બાર, રહેવું હોય તો કેષ્ટાને લઇને રહો. નથી કોઈનું કહ્યું માનતો, ઘરનાં વાસણકુસણ, કપડાંલત્તાં, જણસભાવ બધાં કોણ જાણે ક્યાં જતાં રહ્યાં, અને પૈસા તો પાણીના રેલાની પેઠે વહી જાય છે. બજારમાં ગયો હોય, તો આખો દિવસ પછી એનું મોં જોવા મળવાનું નહિ,—જરા હાથપગ હલાવો તો કેષ્ટા વગર શું તમને બીજો ચાકર નહિ જડે?'

આ સાંભળી, ગુસ્સે થઈ હું દોટ કાઢું છું, એને ચોટલી ઝાલી ખેંચી લાવું છું, ને કહું છું: 'પાજી, નીકળ અહીંથી. જા, આજે તને નોકરીમાંથી કાઢી મૂક્યો!'

ધીરે ધીરે એ ચાલ્યો જાય છે, હું સમજું છું કે નિરાંત થઇ.

—બીજે દિવસે સવારે ઉઠીને જોઉં છું તો બેટો અક્કલનો ઓથમીર હાથમાં હુકો લઇને ઊભો છે! મોઢું એનું ખુશખુશાલ છે, કશું જ દુ:ખ નથી, મનમાં જરાએ ચિંતા નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વરસે દલાલી કરીને કંઇક રૂપિયા મફતમાં કમાઈ ગયો હતો. એટલે વિચાર કર્યો કે લાવ, જરા વૃંદાવન તરફ ફરી આવું.

વખતે ઘરવાળી સાથે આવવાનું કહે, એટલે એને સમજાવીને કહ્યું કે 'પતિના પુણ્યમાં સતીનું પુણ્ય છે'—નહિ તો ખરચ વધી જાય ને!

દોરડાં લઈ ખેંચી ખેંચીને બચકાં પોટલાં બાંધ્યા પછી, પેટીમાં સરસામાન ગોઠવતાં ગોઠવતાં, હાથની બંગડીઓ ખખડાવતી ઘરવાળી રડું રડું થઈ બોલી :

'પરદેશમાં ડેષ્ટાને સાથે લઇ જશો તો ખુબ દુઃખી થશો!'

હું બોલ્યો : 'અરે રામ રામ! નિવારણને સાથે લઈ જઈશ.'

રેલગાડી ઊપડી—

વર્ધમાન સ્ટેશને ઊતરીને જોઉં છું તો હાય! ખુબ શાંતિથી કૃષ્ણકાન્ત હુકો ભરીને લાવી રહ્યા છે! આવી એની હિંમત રોજ રોજ તે હું કેટલી સહન કરું!—ગમે એટલી ગાળ દઉં, તો યે આ વખતે તો હું એ જૂના ચાકરને જોઈ રાજી થયો.

શ્રી વૃંદાવન પહોંચ્યો. ડાબા જમણી, આગળ પાછળ પંડાઓ વળગી પડયા, ઘડીકમાં તો એમણે મારો જીવ તાળવે લાવી મૂક્યો!

અમે છ સાત જણાઓએ મળીને, ખુબ બંધુભાવપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જગાએ મુકામ કર્યો; મનમાં આશા પડી કે હવે આરામથી દિવસ જશે.

રે! ક્યાં ગઈ એ વ્રજબાળા, ક્યાં ગઈ એ વનમાળા! ક્યાં ગયો વનમાળી હરિ! હાય! ક્યાં ગઈ એ ચિર વસન્ત! હું અહીં વસન્ત રોગ (બળિયા) થી મરું છું! સાથીદારો બધા સ્વપ્નની પેઠે ઘર છોડી પોબારા ગણી ગયા!

હું ઘરમાં એકલો રહ્યો—બળિયાથી અંગેઅંગ ભરાઈ ગયું હતું. રાત ને દિવસ હું ક્ષીણ દયામણા અવાજે બૂમો પાડયા કરતો હતો.

'ઓ કેષ્ટા! પાસે આવ! આટલે દિવસે છેવટે પરદેશની ધરતી પર જીવ જવા બેઠો છે!'

એનું મોં જોઇને છાતી ભરાઈ આવે છે, જાણે એ જ મારું ખરું ધન છે! રાત ને દિવસ મારા ઓશીકા આગળ એ ખડે પગે રહેતો!—મારો જૂનો ચાકર!

મારા મોંમાં એ પાણી રેડે છે, ખબર પૂછે છે, મારા માથા પર હાથ ફેરવે છે: મૂંગો મૂંગો ઊભો રહે છે, એની આંખમાં ઊંઘ નથી, પેટમાં અન્ન નથી. ઘડીએ ઘડીએ કહે છે: 'ભાઈ, તમારે જરાયે ગભરાવાનું નથી. જુઓ, હમણાં સારું થઇ જશે, દેશમાં પાછા જશો, ને બાનું મોં ફરી જોવા પામશો!'

હું સાજો થઈ ઊઠયો; પણ એને તાવે પકડયો. જાણે મારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળરોગ એણે પોતાના માથા પર લઈ લીધો! એ દિવસ બેભાન બની એ પડી રહ્યો; પછી નાડી બંધ થઈ ગઈ!

આટલી આટલી વખત જેને છોડવા હું મથ્યો, તે આજે મને છોડીને ગયો!

ઘણા દિવસ પછી જાત્રા પૂરી કરી હું ઘેર પાછો ફર્યો. મારો હંમેશનો સાથી આજે મારી સાથે નથી—મારો એ જૂનો ચાકર!

કીડાની બુદ્ધિ

મહાભારતની પોથીમાં કીડો ઘૂસી ગયો. ખાઇ ખોતરીને એણે બે ય પીઠ કાણી કરી નાખી.

પંડિતે પોથી ઉઘાડીને જોઈ ને કપાળ કૂટયું. તે બોલ્યો: 'અરે કીટ! તેં આ શું કર્યું? તારા દાંત તીણા બને, અને તારું પેટ ભરાય એવા ખોરાકની ધૂળમાં ક્યાં ખોટ છે?

કીટ કહેઃ 'થયું છે શું? શાને આટલા ગુસ્સે થઇ જાઓ છો! એમાં વળી હતું જ શું તે!—માત્ર કાળા ડાઘ તો હતા! હું જેમાં ન સમજું તેને હું રાખ ગણું છું, અને મૂળથી ખાઈ ખોતરી નષ્ટભ્રષ્ટ કરી નાખું છું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે વીઘાં જમીન

માત્ર મારી બે જ વીઘાં જમીન રહી છે, બાકી બધી દેવામાં ડૂબી ગઈ છે.

જમીનદાર બાબુએ કહ્યું: ' સમજ્યો, ઉપેન ? આ જમીન મારે ખરીદી લેવી છે.'

મેં કહ્યું: ' આપ જમીનદાર છો, આપને જમીનની ક્યાં ખોટ છે ? બાકી વિચારી જોશો તો જણાશે કે મારી પાસે બહુ બહુ તો મરતાં સૂવા જેટલી જ જમીન છે.'

સાંભળી રાજાબાબુ બોલ્યા: ' બાપુ, તું જાણે તો છે, મેં બાગ બનાવ્યો છે. બે વીઘાં મળે તો એની લંબાઇ પહોળાઈ જરા સરખી બની શકે,—તારે તે આપ્યા વગર નહિ ચાલે.'

તો પણ મેં છાતીએ હાથ જોડી આંખમાં પાણી લાવી કહ્યું: ' દયા કરી ગરીબની ઝૂંપડી બચાવો ! મારી સાત પેઢી ત્યાં મોટી થઈ છે, એ જમીન મારે મન સોના કરતાં યે વધારે છે. ગરીબાઈને લીધે એ મારી માને વેચી દઉં એવો શું હું અકરમી છું ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલ આંખો કરી રાજાસાહેબ પળવાર મૌન બની બેસી રહ્યા, પછી ક્રૂર હાસ્ય કરી બોલ્યો: ' ઠીક જોયું જશે. '

દોઢેક મહિના પછી, ઘરબાર છોડી બહાર રસ્તા પર આવી ઊભવું પડયું,—જૂઠા દેવાના દસ્તાવેજ પર હુકમનામું થયું ને બધું વેચાઈ ગયું.

હાય! આ જગતમાં જેની પાસે ઘણું જ ઘણું છે, તેને જ વધારે જોઇએ છે, રાજાનો જ હાથ કંગાળનું તમામ ધન ચોરી જાય છે.

હું મનમાં સમજ્યો કે મને ભગવાન મોહ વમળમાં રાખવા ઇચ્છતો નથી, તેથી આ બે વીઘાંના બદલામાં આખી દુનિયા મને લખી આપી છે.

સંન્યાસીના વેશમાં, સાધુના ચેલા બની મેં દેશવિદેશ ફરવા માંડયું. કેટલાં મનોહર ધામો ને કેટલાં સુંદર દૃશ્યો જોયાં. પહાડ પર, સાગર પર, વનમાં કે નગરમાં, ગમે ત્યાં ભમું પણ રાત દિવસ મારી એ બે વીઘાં જમીન મારાથી ભુલાતી નથી.

આવી રીતે વાટે, ઘાટે, બજારમાં ને સીમમાં ફરતાં ફરતાં પંદર સોળ વરસ વીતી ગયાં.

છેવટે, એક દિવસ દેશમાં પાછા આવવાની પ્રબળ ઇચ્છા થઈ. નમો નમો નમઃ મારી બંગ મૈયા! તેં જીવનની શાંતિ આપી—ગંગાનો કિનારો, મીઠડો પવન, અફાટ મેદાનો, આકાશનું મસ્તક ચૂમતી તારી ચરણરજ! નાનાં નાનાં ગામડાં—જાણે ગાઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાયાંમાં શાન્તિના માળા! ઘટાદાર આંબાવાડિયાં! ગોવાળિ-યાઓનાં રમકડાં જેવાં ઘરો! શાંત ઊંડાં સરોવરનાં કાળાં ભમર પાણી! રાત્રિના જેવો શીતલ સ્નેહ! મીઠાશ ભર્યે હૈયે, બંગાળની પુત્રવધુઓ ઘેર પાણી ભરીને લઈ જાય છે. મા કહેતાં પ્રાણ વિહ્વળ બની જાય છે, આંખમાં આંસુ ભરાઈ આવે છે!

બે દિવસ પછી બપોરે મેં મારા ગામમાં પ્રવેશ કર્યો. કુંભારનું ઘર જમણા હાથ પર છોડ્યું, ને ડાબી તરફ વળ્યો. મંદિર વટાવ્યું ને છેવટે તરસથી પીડાતો મારા ઘરની પાસે આવી પહોંચ્યો.

ચીરાતે હૈયે ફરી ફરીને ચારે તરફ નજર કરી જોયું: દીવા-લની પાસે હજી ઊભો છે તે જ કે પેલો આંબો? એની નીચે બેસી આંસુ પાડતાં હૃદયની વ્યથા શાંત થઈ, અને એકે એકે બધી બાળ-પણની વાતો યાદ આવવા લાગી:

જેઠ મહિનાના વાવાઝોડામાં રાતે ઊંઘ નહોતી આવતી. વહેલા પરોઢમાં ઊઠી કેરીઓ વીણવા હું કેવી દોડાદોડ કરી મૂકતો! એ શાંત મધુર બપોર! નિશાળમાંથી છટકી જતો—મને થયું, હાય! હવે ફરી શું એ દિવસો આવવાના છે!

એકાએક પવન આંબાની ડાળીઓ હલાવી શ્વાસ નાખી ગયો, બે પાકી કેરીઓ મારા મોં આગળ જ ભોંય પર પડી.

મને થયું, હા! આટલે દિવસે પણ માએ તો મને ઓળખ્યો ખરો! સ્નેહનું એ દાન લઈ મેં ખૂબ માનપૂર્વક એક બે વાર માથે અડકાડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાય ! એટલામાં જમદૂત જેવા માળી કોણ જાણે ક્યાંથી આવી ચડયો. માથે ફાળિયું ઊડતું હતું, ને અવાજ સપ્તમ પર ચડાવી મારો દઈ રહ્યો હતો.

મેં કહ્યું : 'મેં તો મૂઠ્ઠાં મૂઠ્ઠાં મારું બધું યે દઈ દીધું, એમાંથી માત્ર આ બે કેરીઓ લીધી, એટલામાં આટલી બૂમાબૂમ ?'

મને એણે ઓળખ્યો નહિ. ખભે લાઠી રાખી, મને પકડીને એ લઈ ગયો.

બાપુ હાથમાં સોટી લઈ પોતાના ગોઠિયાઓની સાથે માછલાં મારવા બેઠા હતા.

વર્ણન સાંભળી તેઓ ક્રોધથી બોલ્યા : 'જાનથી મારી નાખીશ !'

બાપુ બોલે એના કરતાં એમના ગોઠિયાઓ સો ગણું બોલતા હતા.

મેં કહ્યું : 'માત્ર બે કેરીની ભીખ માગું છું, શેઠ !'

બાપુ હસીને બોલ્યા : 'બેટો સાધુનો વેશ લઇને આવ્યો છે, પણ ઉસ્તાદ ચોર છે !'

હું આ સાંભળી હસ્યો, આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. આ મારા નસીબમાં હતું ? ખરું, ભાઈ, તમે આજે સાધુ ઠર્યા, ને હું આજે ચોર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવતાનો ભોગ

ગામે ગામ ધીમે ધીમે એ વાત ફેલાઈ ગઈ કે મૈત્ર મહાશય તીર્થસ્નાન કરવા માટે સાગર સંગમે જવાના છે. કેટલાં યે બાળકો ને વૃદ્ધ સ્ત્રી પુરુષો એમની સાથે થયાં. બે નૌકાઓ ઘાટ પર તૈયાર થઈ.

પુણ્ય કમાવાના લોભે મોક્ષદાએ આવીને કહ્યું: 'દાદા ઠાકુર, હું તમારી સાથે આવીશ.'

વિધવા યુવતી—એની દયામણી આંખો દલીલમાં સમજતી નથી, માત્ર વિનતિ કરે છે,—એનો આગ્રહ પાછો ઠેલવો ખૂબ કઠણ છે.

'હવે જગા ક્યાં છે?' મૈત્ર મહાશયે એને જવાબ દીધો.

'તમારે પગે પડું.'—વિધવા રડી પડીને બોલી: 'ગમે તેમ, એક ખૂણે હું જગા કરી લઈશ.'

મન પીગળી ગયું, તો યે આનાકાની કરતાં બ્રાહ્મણે એને પૂછ્યું: 'પછી એ નાના છોકરાનું શું થશે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઇએ જવાબ દીધો: રાખાલનું પૂછો છો ? એ તો રહેશે એની માશીની પાસે. એના જન્મ પછી, હું સુવારોગથી ઘણા દિવસ માંદી રહી હતી, બચવાની યે આશા નહોતી;—તે વખતે અન્નદાએ પોતાના બાળકની સાથે રાખાલને પણ ધવડાવીને જતન કરી મોટો કર્યો છે—અને તે દિવસથી છોકરો માનો ખોળો છોડી માશીની જ પાસે રહે છે. એવો તોફાની છે કે કોઇનું માનતો નથી, મારવા લઇએ તો માશી દોડી આવી આંખમાં પાણી લાવી એને પોતાના ખોળામાં ખેંચી લે છે. માના કરતાં માશીમાની પાસે જ એ આનંદથી રહેશે.'

બ્રાહ્મણે સંમતિ આપી.

મોક્ષદા એકદમ તૈયાર થઇ ગઈ—સરસામાન બાંધી લીધો, વડીલોને પ્રણામ કર્યાં—બેનપણીઓને શોકાશ્રુજળમાં વિદાય કરી દીધી.

ઘાટ પર આવીને જુએ છે તો આગળથી દોડી આવી, રાખાલ નૌકામાં ચડી બેસી લહેરથી મૂંગોમૂંગો બેઠો છે.

'અરે, તું અહીં ક્યાંથી ?' માએ પૂછ્યું.

'સાગર–સંગમ જાઉં છું.' બાળકે કહ્યું.

'તું સાગર–સંગમ જાય છે ? લુચ્ચા, અનાડી ! ઉતર હેઠો !'

ફરી દઢતાપૂર્વક આંખો ઊઘાડી તે એના એ શબ્દો બોલ્યો: 'સાગર–સંગમ જાઉં છું.'

એનો હાથ પકડી પુષ્કળ ખેંચાખેંચ કરી, પણ એ નૌકાને વળગી રહ્યો.

છેવટે બ્રાહ્મણે હસીને કરુણ સ્નેહથી, કહ્યું: 'રહેવા દે, રહેવા દે, છો આવતો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા ગુસ્સે થઈને બોલી : 'ચાલ, તને સાગરમાં જ પધરાવી આવું !'

આ શબ્દો જેવા પોતાના કાનમાં ગયા કે તરત માનું હૃદય પશ્ચાત્તાપનાં બાણુથી વીંધાઈ કંપી ઊઠયું. આંખો મીંચી તેણે 'નારાયણ ! નારાયણ !' નો જાપ કર્યો. છોકરાને ખોળામાં ખેંચી લીધો.—તેના આખા શરીર પર કોમળ કલ્યાણમય હાથ સ્નેહથી ફેરવ્યો.

મૈત્ર એને સંબોધીને ધીરે ધીરે બોલ્યો : 'છિ છિ છિ ! આવું બોલાય !'

રાખાલનું સાથે જવાનું નક્કી થઈ ગયું,—લોકોને મોઢે એ વાત સાંભળી અન્નદા દોડતી આવી બોલી : 'બેટા, ક્યાં જાય છે તું ?'

રાખાલ હસીને બોલ્યો : 'સાગર સંગમ જાઉં છું, પાછો આવીશ, માશી !'

પાગલથી પેઠે અન્નદાએ બૂમ પાડી કહ્યું : 'દાદા ઠાકુર, મારો રાખાલ બહુ તોફાની છોકરો છે,—કોણ એને કબજે રાખશે ? જન્મ્યો ત્યારથી એની માશીને છોડીને ઝાઝો વખત ક્યાં યે રહ્યો નથી; એને તે ક્યાં લઈ જાઓ છો, પાછો ઉતારતા જાઓ !'

રાખાલે કહ્યુ : ' માશી, સાગરસંગમ જાઉં છું, પાછો આવીશ '

બ્રાહ્મણે સ્નેહપૂર્વક કહ્યું : ' હું છું ત્યાં લગી, બેન, તારા રાખાલની કાંઈ ચિંતા ન કરતી. અત્યારે શિયાળાની ઋતુ ચાલે છે. નદીનદ શાંત છે, મોટો જાત્રાળુઓનો મેળો છે,—રસ્તાનો કંઈ ભય નથી—જતાં આવતાં બહુ બહુ તો બે મહિના થશે, —તારો રાખાલ તને હેમખેમ પાછો સોંપીશ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુભ મુહૂર્તે દુર્ગાનું સ્મરણ કરી નૌકા છોડી મુકાઇ. કિનારા પર સ્ત્રીઓ અશ્રુભરી આંખે ઊભી રહી. ચૂર્ણી નદીના કિનારે હેમંતની સવારના ધુમ્મસમાં ગામ ઢંકાયેલું હતું.

જાત્રાળુઓ પાછા ફરે છે; મેળો પૂરો થઇ ગયો. નૌકા બપોરના જુવાળની આશાએ કાંઠે બાંધેલી છે.

રાખાલનું કુતૂહલ શમી ગયું છે, હવે એનો ઘર પર ચોંટેલો જીવ માશીની પાસે જવા ઝૂરે છે!—પાણી જ પાણી જોઇ જોઇને એનું મન વિહ્વળ બની ગયું છે.

સુંવાળું, ચીકણું, કાળું, કુટીલ, નિષ્ઠુર, સાપના જેવી લસલસતી જીભવાળું, લોલુપ, છળનું ભરેલું ખળજળ, લાખો ફણાઓ કાઢીને ફુંફાડા મારે છે, ગર્જના કરે છે, અને ખાઉં ખાઉં કરતા મુખે દરરોજ પૃથ્વીનાં બાળકોને ભરખવાની કામના કરી રહ્યું છે.

હે પૃથ્વી! હે સ્નેહમયી! હે મૌનમય મૂક! હે સ્થિર! હે ધ્રુવ! હે પુરાતન! તું સર્વ ઉપદ્રવોને સહેનારી છે, આનંદનું ધામ છે, સુંદર અને સુકોમળ છે!

હે મુગ્ધે! તારી બે અદૃશ્ય ભુજાઓ લંબાવી, તું સૌને સર્વ સ્થળેથી, દિગંત લગી પ્રસરેલી તારી શાંત છાતી સરસું, કેવા પ્રબળ જોરપૂર્વક રાત દિવસ ખેંચી રહી છે!

અધીરો બનેલો બાળક ઘડીએ ઘડીએ આવીને આતુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સુક અવાજે અધીરો બની બ્રાહ્મણને પૂછ્યા કરે છે: 'દાદા, આજે ક્યારે ભરતી આવશે?'

એકાએક શાંત જળમાં આવેગનો સંચાર થયો, એણે બે ય કાંઠે આશાના ખબર પહોંચાડી દીધા.

નૌકાનું મુખ ફર્યું; મૃદુ આર્તનાદ સાથે દોરડાં ખેંચાયાં,—કલરવ અને સંગીત સાથે સિંધુના વિજયરથે નદીમાં પ્રવેશ કર્યો,—ભરતી આવી.

—ખલાસીએ દેવતાનું સ્મરણ કરી ઝડપથી નૌકાને ઉત્તર દિશા તરફ છોડી મૂકી.

રાખાલ બ્રાહ્મણની પાસે આવી પૂછે છે: 'ઘેર પહોંચતાં કેટલા દિવસ લાગશે?'

હજી સૂરજ આથમ્યો નથી. એક કોશ ગયા હશે ત્યાં ઉત્તર દિશાના પવનનું જોર ધીમે ધીમે વધવા માંડયું.

રૂપનારાયણ નદીના મુખમાં ભાઠું હતું, તેથી સાંકડા નદીના માર્ગમાં ભરતીનો પ્રવાહ અને ઉદ્દામ ઉત્તાલ ઉત્તરદિશાના પવનથી વચ્ચે જુદ્ધ મચ્યું.

'નૌકા કાંઠે બાંધી દો.' બૂમો પાડી પાડી જાત્રાળુઓ ફરી ફરીને કહેવા લાગ્યા.

પણ કાંઠો જ ક્યાં છે?

ચારે કોર પાગલની પેઠે ઊછળતું પાણી ભયંકર નૃત્ય કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યું હતું અને લાખ લાખ હાથ વડે તાલ દઈ રહ્યું હતું, ફીણના બરાડા પાડી આકાશને ગાજો દઈ રહ્યું હતું.

એક તરફ દૂર દૂર ક્ષિતિજમાં નીલ વનરેખા દેખાતી હતી,—બીજી તરફ લુબ્ધ, ક્ષુબ્ધ, હિંસ્ર જળનો અફાટ વિસ્તાર, પ્રશાંત સૂર્યાસ્ત ભણી ઉદ્ધત વિદ્રોહપૂર્વક ઉછળી રહ્યો હતો.

હલેસાં ચાલતાં નથી. ડગમગતી નૌકા ચંચળ અને મૂઢ દારૂડિયાની પેઠે ગોળ ગોળ ફર્યા કરે છે. શિયાળાના કાતિલ ઠંડા પવનની સાથે મળીને ત્રાસનું હીમ સ્ત્રીપુરૂષ તમામને થરથર કંપાવી રહ્યું છે.

કોઈની વાચા હરાઈ ગઈ છે, તો કોઈ સગાંવહાલાંને બોલાવતું પોક મૂકી રડી રહ્યું છે.

મૈત્ર મહાશયનો ચહેરો શુષ્ક ને ફિક્કો પડી ગયો છે. તેઓ આંખો મીંચી જપ કરી રહ્યા છે.

માની છાતીમાં લપાઇને રાખાલ મૂંગો મૂંગો ધ્રૂજે છે.

તે વખતે પરેશાન બનેલો ખલાસી સૌને બૂમ પાડી કહે છે:

'તમારામાંથી કોઇએ ભગવાનને છેતર્યા છે, કહ્યું હશે તે કર્યું નથી, તેથી આ આટલાં મોજાં ઉછળે છે, તેથી જ કવખતે આ તોફાન થાય છે. માટે કહું છું, સાંભળો, માનતા પૂરી કરી દો—રોષે ભરાયેલા દેવતાની સાથે રમત ન કરશો.'

સૌએ પોતાની પાસે જેટલો પૈસો ટકો, લુગડાં લત્તાં કે જે હતું તે બધું યે વિચાર કર્યા વગર પાણીમાં ફેંકી દીધું.

આટલું થવા છતાં, પલકમાં જ એક ભયંકર છાલકથી પાણી નૌકામાં પેઠું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખલાસીએ ફરીથી કહ્યું : 'દેવતાનું ધન અત્યારે કોણ ચોરીને પાછું લઈ જાય છે, બોલો ?'

બ્રાહ્મણે એકદમ ઊઠી મોક્ષદાની સામે જોઈ કહ્યું :

'આ રહી એ બાઇ, જે પોતાનો છોકરો દેવતાને સોંપી દીધા પછી ચોરી કરીને લઇ જાય છે !'

'ફેંકી દો એને.' ત્રાસથી નિષ્ઠુર બનેલા જાત્રાળુઓ એક સાથે બૂમ પાડી ઊઠયા.

બાઈ બોલી : 'દાદા ઠાકુર ! બચાવો ! બચાવો !'

આમ કહી એણે મજબૂત હાથે રાખાલને તનતોડ કોશીશ કરી છાતીએ દાબી રાખ્યો.

બ્રાહ્મણ છંછેડાઈ ચિડાઇને ગાજી ઊઠયો, બોલ્યો : 'હું તારો બચાવનાર ? ગુસ્સામાં ભાન ભૂલી, મા થઈને તેં સગો દીકરો દેવતાને દઈ દીધો, અને હવે છેલ્લી ઘડીએ હું એને બચાવવાનો ? દેવતાનું ઋણ ચૂકતે કર; સત્યનો ભંગ કરીને શું આટલાં બધાં માણસોને દરિયામાં ડુબાવવાં છે તારે ?'

મોક્ષદા બોલી : 'હું મહામૂર્ખ સ્ત્રી છું, ગુસ્સામાં આવી કંઇક બોલી ગઈ—હે અંતર્યામી !—તે જ શું સત્ય ઠર્યું ? એ કેટલું બધું જૂઠું હતું એ શું તે જ વખતે સાંભળીને તને નહોતું સમજાયું, પ્રભુ ? માત્ર મોંના જ શબ્દો શું તેં સાંભળ્યા છે, દેવ ? માના અંતરની વાત શું તને નથી સંભળાઇ ?'

આમ એ બોલતી જ રહી, ત્યાં તો બધા ખલાસીઓ ને હલેસાંવાળાઓએ ભેગા થઈ, જોર કરી રાખાલને માની છાતીએથી ખેંચી લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધ મૈત્ર આંખો બંધ કરી, કાને હાથ દઈ, જોરથી દાંત દાબી અવળું જોઈ રહ્યો. કોઈએ ઓચિંતાના એને મર્મે મર્મે વીજળીના ચાબખા ચોડી દીધા, જાણે વીંછીના દંશ દીધા!

"માશી! માશી! માશી!'

નિરુપાય અનાથ બાળકની એ છેલ્લી ચીસે આવીને એના દાબેલા કાનને અગ્નિના સળિયાની પેઠે વીંધી નાખ્યા.

બ્રાહ્મણ બૂમ પાડી ઊઠ્યો: 'બસ! બસ! બસ!' જોયું તો મોક્ષદા એના પગમાં મૂર્છા ખાઈ પડી હતી.

એક પળ ફૂટતાં મોજાંમાં દયામણી આંખ ઉઘાડી, 'માશી' એવી ચીસ પાડી બાળક અનંત અંધકારને તળિયે અદૃશ્ય થઈ ગયો—માત્ર નાનકડો મુઠ્ઠી વાળેલો હાથ એકાદવાર વ્યાકુળ ભાવે ઉપર આવ્યો ને પછી આકાશમાં આશરો શોધવા મથી હતાશ બની ડૂબી ગયો.

'તને પાછો આણી આપીશ.'

બોલી ઊંચે શ્વાસે બ્રાહ્મણે પલકમાં પાણીમાં પડતું મેલ્યું, ફરી ઉપર આવ્યો જ નહિ.

સૂર્ય આથમી ગયો.

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુચ્છ ભેટ

નીચે ઘુમરી લેતાં યમુનાનાં પાણી વેગથી વહ્યાં જાય છે. બેય કિનારે પર્વતની તળેટી છે, ઊંચી ઊંચી શિલાઓ છે. સાંકડા ખીણના માર્ગમાં થઈને મૂર્છા ખાતો જળપ્રવાહ પાગલની પેઠે પ્રલાપ કરતો સતત ગર્જ્યા કરે છે.

પ્રવાહની જટીલ અને વક્ર વેણી પ્રસારીને આસમાની પર્વતમાળા આસમાની દિગન્ત લગી પહોંચે છે. એ સ્થિર છે, છતાં જાણે રાત દિવસ ચાલતી હોય એમ લાગે છે. એની ચાલ જાણે અચળ સાંકળ વડે બંધાયલી છે.

વચમાં વચમાં શાલ, ખજૂરી વગેરેનાં ઝાડ ઊભાં છે. પર્વત ઈશારો કરી કરી વાદળાંને બોલાવે છે. ધરતી તૃણહીન છે. પથરાળી છે, સેંકડો ખાડાખાબડાંવાળી છે, કાંટાળાં ઝાડોથી ભરેલી છે, અને વગડાઉ ફુલથી રૌદ્ર રંગની દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસનો તાપ ધરતી પાછો વાળી રહી છે. પર્વતો પોતાની જ છાયામાં ઊભા રહ્યા છે. રસ્તો સૂનો છે, કોઈ માણસો દેખાતા નથી. કોઈ જાતના અવાજો પણ સંભળાતા નથી. રોજે આથમે છે તેમ આજે પણ સૂરજ આથમે છે.

રઘુનાથ જ્યારે અહીં આવી ઊતર્યો, ત્યારે શીખ-ગુરુ ભગવદ્લીલા વાંચી રહ્યા હતા. રઘુએ તેમના પગમાં પડી કહ્યું : 'પ્રભુ, આ સેવક તુચ્છ ભેટ લઇ આવ્યો છે.'

હાથ લંબાવી ગુરુએ એના કુશળવર્તમાન પૂછી, એના માથા પર હાથ મૂકી એને આશીર્વાદ આપ્યા.

રઘુએ બે હાથ જોડી હીરા માણેકથી જડેલાં બે સોનાનાં કંકણ ગુરુના ચરણમાં મૂકયાં.

ગુરુએ ભોંય પરથી કંકણ ઉપાડી લીધાં, અને આંગળીઓમાં ફેરવી ફેરવી એ જોવા માંડયાં. ચકર ચકર ફરવાથી, સોય જેવી ધારદાર અણીઓમાંથી સેંકડો સેંકડો પ્રકાશની છૂરીઓ છૂટવા લાગી.

જરાક હસીને ગુરુએ કંકણ પાસે મૂકી દીધાં, અને ફરી વાંચવામાં મન પરોવ્યું. એકાએક એક કંકણ શિલાખંડ પરથી ગબડીને યમુનાનાં પાણીમાં પડી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાય ! હાય ! કરી ચીસ પાડી રઘુનાથ બે હાથ પહોળા કરી પાણીમાં કૂદી પડયો !

ઉત્સાહથી એનું સમસ્ત તન, મન અને હૃદય એક હાથ રૂપ બની કંકણુ શોધવા લાગી ગયું.

પળ વાર પણુ ગુરૂએ પુસ્તકમાંથી મુખ ઊંચું કર્યું નહિ. એમના એકાંત અંતરમાં પાઠનો આનંદ વ્યાપી ગયો હતો. યમુનાનું કાળું પાણી ઘૂમરીઓ લેતું લેતું, જાણે કપટથી કરેલી ભારે ચોરી વિષે મજાક કરતું વહ્યું જતું હતું.

દિવસની પાછળ દિવસનો પ્રકાશ ચાલ્યો ગયો. ડહોળી ડહોળી થાકયો પણ કંઇ મળ્યું નહિ. ભીને કપડે, ને ખાલી હાથે, થાકેલા ઢળેલા મસ્તકે, રઘુનાથ ગુરૂની પાસે આવ્યો.

હાથ જોડીને રઘુનાથ યાચે છે: 'કઈ જગાએ પડયું છે એટલું જો બતાવી દો તો હમણાં કાઢી દાઉં.'

'આ અહીં . . . નદીમાં !' કહી ગુરૂએ બીજું કંકણ નદીમાં ઘા કરી ફેંકી દીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશનિકાલ

રાજસેવકે નિવેદન કર્યું: 'મહારાજ! બહુ બહુ પ્રાર્થનાઓ કરવા છતાં, સાધુશ્રેષ્ઠ નરોત્તમ આજે આપના સુવર્ણમંદિરમાં પધાર્યા નહિ, અને રસ્તામાં ઝાડ હેઠળ બેઠા બેઠા હરિકીર્તન કરે છે. ભક્તજનો ટોળે વળી એમને ઘેરીને બેઠા છે. અને દડ દડ ઝરતાં એમનાં આંસુની ધારાથી ધોઇને ધરતીની ધૂળને પાવન કરી રહ્યા છે.

'મંદિર ખાલી પડયું છે; ભમરો જેવી રીતે મધનો ભરેલો સોનાનો ઘડો પડતો મેલી, એકદમ કમળની ગંધથી મત્ત બની, ઝડપથી પાંખો પ્રસારી, તૃષાતુર બની, ખીલેલા કમળવન તરફ ગુંજારવ કરતો ઊડી જાય, તેવી રીતે સ્ત્રીપુરુષોનાં ટોળાં, સોનાના મંદિર તરફ નજર સરખી નાખ્યા વગર, રસ્તા પર ખૂણામાં જ્યાં ભક્તનું હૃદયકમળ ઊઘડીને સ્વર્ગની સુગંધ પમરાવી રહ્યું છે ત્યાં દોડયાં જાય છે. મંદિરમાં રત્નની વેદિકા પર એકલા દેવ ઊભેલા છે.'

આ સાંભળી રાજાએ ક્ષોભ પામી સિંહાસન પરથી ઊતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલવા માંડ્યું, અને ઝાડ હેઠળ જ્યાં સાધુ તૃણાસન પર બેઠા હતા, ત્યાં જઈ તેમના પગમાં માથું મૂકી કહ્યું :

'મહારાજ! રાજાએ બંધાવેલા, સોનાના કળશવાળા, આ ભવ્ય ગગનચુંબી દેવમંદિરને છોડીને શા માટે અહીં રસ્તામાં બેસીને તમે ભગવાનનું ભજન કરો છો?'

'એ મંદિરમાં ભગવાન નથી.' સાધુએ કહ્યું.

રાજા રોષે ભરાઇને બોલ્યો : 'ભગવાન નથી! સાધુ થઇને આ નાસ્તિકની વાણી બોલો છો! રત્નજડિત સિંહાસન પર રત્નજડિત દેવમૂર્તિ ઝળહળે છે--શું એ ખાલી છે?'

'ખાલી નથી, રાજદંભથી પરિપૂર્ણ છે'—સાધુએ કહ્યું. 'તમે ત્યાં તમારી જ સ્થાપના કરી છે. જગદીશ્વરની નહિ!'

ભવાં ચડાવી રાજા બોલ્યો ; 'વીસ લાખ સોનામહોરો ખરચી એ સર્વાંગ સુંદર મંદિર બંધાવ્યું છે, ગગનભેદી મંત્રોચ્ચારથી પૂજા કરાવી એ દેવને સમર્પણ કર્યું છે; અને તમે કહો છો, એ મંદિરમાં દેવતાનો વાસ નથી?'

શાંતિથી સાધુએ કહ્યું : 'જે વરસે અગ્નિપ્રકોપથી તારાં વીસ હજાર દીનદુઃખી પ્રજાજન ઘરબાર વગરના, ને અન્નવસ્ત્ર વગરનાં થઈ તારે બારણે આવી ઊભાં, રડી રડીને તને વ્યર્થ કરગર્યાં, છેવટે થાકીને જંગલમાં, ગુફાઓની બખોલમાં, રસ્તા પર, ઝાડ હેઠળ, કે પીપળો ઊગવાથી જીર્ણશીર્ણ થઈ ગયેલા મંદિરના આંગણમાં જઇને પડી રહ્યાં, તે વરસે તેં વીસ લાખ સોનામહોરો ખરચી તારું સોનાના ગર્વમાંથી રચેલું મંદિર દેવતાને સમર્પણ કર્યું! તે દિવસે ભગવાને કહ્યું: 'મારા અનાદિ મંદિરમાં અનંત નીલાકાશમાં અસંખ્ય પ્રકાશ ઝળહળી રહ્યો છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા મંદિરની દીવાલો એટલે ચિરંતન સત્ય, શાન્તિ, દયા, ને પ્રેમ. જે કંગાલ, જે ક્ષુદ્ર, જે કૃપણ, પોતાના ઘરબાર વગરના પ્રજાજનોને ઘર આપી શકતો નથી તે મને શું મંદિરનું દાન કરવાનો હતો!'

'તે જ ક્ષણે તે ચાલ્યા ગયા—રસ્તા પર, ઝાડ હેઠળ, ગરીબોની સાથે, ગરીબોના આશરે.'

'અગાધ સમુદ્રમાં આવતા ફીણના ફિસોટા જેમ માત્ર ખાલી ખાલી હોય છે, તેમ તારું આ મંદિર જગતમાં ખાલી ખાલી છે, અને સોનું માત્ર ગર્વનો પરપોટો છે!'

રાજા રોષથી સળગી ઊઠી બોલ્યો: 'અરે ભંડ પામર! મારું રાજ્ય છોડી અબઘડી જતો રહે!'

સાધુએ શાંત સ્વરે જવાબ દીધો:—'રાજા, ભક્તવત્સલ ભગવાનને તેં જ્યાં દેશનિકાલ કર્યો છે, ત્યાં એના ભક્તને પણ દેશનિકાલ કરી દે.'

☆

લેખન

જુઆળ વખતે સાગરના કાનમાં ધીરેથી તટભૂમિ કહે છે: 'તારા તરંગ શું કહેવા માગે છે તે તું લખી દે!'

વ્યાકુળ સાગર ફેણના અક્ષરે જેટલીવાર લખે છે, તેટલીવાર ક્ષુદ્ધાના ચંચળ અસંતોષથી પાછો પોતે જ ભૂંસી નાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિસર્જન

પૂરાં બે વરસ થતાં ના થતાંમાં તો બન્ને દીકરા ચાલ્યા ગયા. આ વખતે જ્યારે તેને દીકરો અવતર્યો ત્યારે મલ્લિકા પતિને પણ ખોઈ બેઠી;

સૌ વહાલાં સમજાવવા લાગ્યાં—'પૂરવ જનમમાં ઘણાં પાપ કર્યાં હશે, તેથી આ જનમમાં આવું દારૂણ દુઃખ ખમવું પડે છે.'

શોકાગ્નિથી બળી જળી રહેલી નારીએ ખૂબ વિનયપૂર્વક અજ્ઞાત જન્મોનાં પાપ માથા પર સ્વીકારી લઈ, એના પ્રાયશ્ચિતમાં મન પરોવ્યું, મંદિરે મંદિરે, સ્થળે સ્થળે, ગામે ગામે, તે પૂજા કરતી ફરવા લાગી. વ્રત, ઉપવાસ, ધ્યાન આહ્નિક, તર્પણ, ધૂપ-દીપ, નૈવેદ્ય, ચંદન, વગેરેમાં મન પરોવી એ દેવસેવામાં દિવસો વીતાવવા લાગી. કંઈ સેંકડો બ્રાહ્મણોની ચરણરજ લઈ માદળિયું હાથે બાંધી રાખ્યું,—રામાયણની કથા સાંભળે છે,—સાધુ સંન્યાસીઓને ઘેર તેડી લાવી છોકરાને આશીર્વાદ અપાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી સૃષ્ટિમાં પોતાને સૌથી તુચ્છ ગણી, એ અભાગણી પોતાના દીકરા માટે સૌની પ્રસન્ન દૃષ્ટિ માગી રહી છે. સૂર્યચંદ્રથી માંડી પશુ પંખી ને પતંગ સુધીમાં વખતે કોઇનોય, કોઈ રીતે કંઈ અપરાધ થઈ જાય, વખતે કોઇને ખરાબ લાગી જાય, અજાણ્યે કોઇ કારણે વખતે કોઇને દુઃખ થાય, એ બીકે એ સૌની આગળ વેદનાથી આકુળ બની દીન બનીને રહે છે.

છોકરો જ્યારે દોઢ વર્ષનો થયો, ત્યારે એને પેટમાં કંઇ રોગ થયો. તાવની પીડાથી એનું શરીર દૂબળું પડવા માંડ્યું.

માતાએ મંદિરમાં માનતા માની, ચરણામૃત લાવી પાન કરાવ્યું. ભજનકીર્તનથી આંગણું કંપી ઊઠ્યું.

પણ તો યે રોગ મટ્યો નહિ. રડી રડીને સ્ત્રીએ બ્રાહ્મણને પૂછ્યું : 'મહારાજ! આટઆટલાં દુઃખ સહ્યાં, તોય પાપ પૂરાં થયાં નહિ? રાત ને દિવસ દેવતાઓની દોહાઈ માની, આટઆટલી પૂજા પ્રાર્થનાઓ કરી, તોયે મારો છૂટકો થયો નહિ? તોયે શું એ દેવતાઓને મારો બાળક જોઇએ છે! એટલી બધી ભુખ છે દેવતાને? મારા દાગીના વેચી, નૈવેદ્યના થાળ ને થાળ ભરી ભરીને એમને ભોગ ધર્યો. હતું એટલું બધુંયે ખવડાવી દીધું, તોયે એમની ભૂખ મટી નહિ?'

બ્રાહ્મણે કહ્યું : બેટા, આ તો ઘોર કળિયુગ! તેં ઓછું નથી કર્યું, તો પણ મારે કહેવું પડે છે કે આજકાલ એવી ભક્તિ કોનામાં છે? સત્યુગમાં જે થતું તે આજે થવાનું છે? દાનવીર કર્ણની પાસે ધર્મે બ્રાહ્મણને વેશે આવીને એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરો ખાવા માગ્યો, ત્યારે એ દાતા કર્ણે સ્વહસ્તે દીકરાને કાપ્યો; અને તરત જ આંખના પલકારામાં એને છોકરો પાછો મળ્યો. શિબિ રાજાએ બાજનું રૂપ લઈને આવેલા ઇન્દ્રના મોંમાં પોતાની છાતીનું માંસ કાઢીને ખાવા ધર્યું હતું—એને અક્ષય દેહ મળ્યો ! આનું નામ શ્રદ્ધા. આજે આવું જોવા મળશે આ ભૂમંડળમાં ?'

'નાનપણમાં માની પાસેથી સાંભળેલી એક વાત અત્યારે યાદ આવે છે, એમના ગામની પડોશમાં એક વન્ધ્યા બાઈ રહેતી હતી. બીજો કોઈ ઉપાય ન જડયો એટલે પોતાનું પહેલા ગર્ભનું સંતાન ગંગામૈયાને અર્પણ કરવાની એણે બાધા લીધી. બન્યું એવું કે પુત્ર જન્મ પછી એ અભાગણી વિધવા થઈ. એ ગંગાજી પાસે ગઈ. અને શ્રદ્ધાપૂર્વક ગંગામૈયાને પુકારી કહેવા લાગી : 'મા, તારે ખોળે આ દીકરો મૂકું છું—આ મારો પ્રથમ પુત્ર છે—છેલ્લો પુત્ર પણ એજ છે. આ જન્મમાં તો હવે પુત્રની આશા નથી.' એમ કહીને જ્યાં તેણે પુત્રને જળમાં નાખ્યો કે તરત માતા ભાગીરથીએ મકરવાહિની રૂપે સ્વયં પ્રકટ થઈ બાળકને પોતાના કરકમળમાં લઈ માના ખોળામાં પાછો સોંપ્યો. આનું નામ શ્રદ્ધા !'

મલ્લિકા નીચું માથું કરી પાછી આવી—એને પોતાના પર ધિક્કાર છૂટયો,—આટલા દિવસ મેં વૃથા વ્રત કર્યાં, વૃથા દેવપૂજા કરી,—અશ્રદ્ધાળુ પાપિષ્ઠાને કેવી રીતે ફળ મળે ?

ઘેર પાછી આવીને જુએ છે તો બાળક તાવના ઘેનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેભાન થઈ પડયો હતો. એનું શરીર અગ્નિના જેવું ધગતુ હતું. જેટલીવાર દવા ગળે ઉતારવા જઈ એટલી વાર બહાર નીકળી ગઇ,—ગળે ઊતરી જ નહિ. દાંત બંધ થઈ ગયા. વૈદ્ય માથું હલાવી દરદીના ઓરડામાંથી ધીરે ધીરે બહાર નીકળી ગયો.

સંધ્યાના અંધકારમાં, વિધવાના ખાલી ઘરમાં એક ઝાંખો દીવો ઓશીકા આગળ ટમ ટમ બળતો હતો. શોકાતુર વિધવા નારી એકલી બેઠી હતી.

બાળક એક વખત નિસ્તેજ આંખો ઉઘાડી જાણે કોઈ ને શોધતો હોય તેમ ચોતરફ જોવા લાગ્યો.

માતા ગભરાઈ ને રડી પડી : ‘ ઓ મારા માણેક ! મારા ધન ! આ રહી તારી મા, આ તારી માનો ખોળો, બીતો નહિ મારા બાપ ! ’

આમ કહી એને છાતી સરસો જડી દઈ એનો તાવ–રોગ બધો પોતાના શરીરમાં ખેંચી લેવા એણે ખરા દિલથી ઇચ્છા કરી.

એકાએક પવનથી ઘરનું બારણું ઊઘડી ગયું; ઝાંખો દીવો તરત હોલવાઈ ગયો,—એકદમ બહારનો કલકલ અવાજ ઘરમાં આવ્યો.

બાઈ ચમકી ગઈ. ઝડપથી પથારી છોડી ઊઠીને ઊભી થઈ ગઈ, ને બોલી : ‘ માનો સાદ આ સંભળાય છે—ઓ મારા દુખિયારીના ધન ! ઉપાય જડયો છે—બેટા, તારી માના કરતાં યે વધારે શીતલ એનો ખોળો છે ! ’

પાસે જ ગંગાજીનાં નીરમાં કોલાહલ જાગ્યો છે,—પૂર્ણિમાનો જુવાળ ચડયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકનું તાવે ધગતું શરીર છાતીએ લઇ માતા શૂન્ય ઘાટ પર ગઇ, ને બોલીઃ

'મા, માની પીડા જો તારા દિલમાં વસતી હોય તો, મા, આ બાળકનો તાપ શમાવી દે. આ મારું એક માત્ર ધન, મા, ખરા દિલથી તારા ચરણમાં સમર્પણ કરું છું.'

આટલું બોલી, બેભાન બાળકને હાથમાં લઈ આંખો મીંચી એણે એને જળતાં પધરાવી દીધો.

બહુ વાર સુધી એણે આંખો ઉઘાડી નહિ; ધ્યાનમાં બેસીને ધ્યાન ધરી જોવા લાગીઃ મકરવાહિની જ્યોતિર્મયી માતાનું મંગલ સ્વરૂપ નાનકડા બાળકને ખોળામાં લઇને આવે છે— બાળકના મસ્તક પર એક કમળદળ મૂકેલું છે. છોકરાની કાન્તિ આનંદથી દીપી રહી છે. એ હસીને દેવીના ખોળામાંથી માના ખોળામાં આવવા હાથ લંબાવી રહ્યો છે. દેવી કહી રહી છેઃ 'હે દુખિયારી! આ લે, તારું ધન તને પાછું સોંપ્યું!'

હર્ષથી રોમાંચિત બની જઈ આંખો ઉઘાડી મા બોલી: 'ક્યાં મા,—ક્યાં છે?'

પૂર્ણિમાની ચાંદનીમાં રાત્રિ પાગલ બનેલી હતી; ગંગા કલકલ અવાજ કરતી દોડી રહી હતી.

નારી બૂમ પાડી ઊઠી: 'નહિ આપે પાછો?'

દક્ષિણના પવનમાં વન મર્મર અવાજ કરવા લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડાની શોધ

હબુરાયે કહ્યું : 'હે ગબુરાય ! સાંભળો. કાલે આખી રાત આના વિચારમાં મને ઊંઘ નથી આવી—ધરતી પર હું પગ દઉં છું કે તરત મારા પગે ગંદી ધૂળ લાગે છે, એ કેમ ચાલવા દેવાય ?'

તમે માત્ર મારો પગાર ખાવામાં શૂરા છો, બાકી રાજના કાજમાં તમારી જરાયે નજર નથી !

'મારી જ ધરતી મારા પગ ધૂળવાળા કરે !—મારા રાજ્યમાં આ કેવું અંધેર ચાલી રહ્યું છે !

'આનો તરત જ કંઇ ઉપાય કરો. નહિ તો કોઇનું માથું ધડ પર સલામત નહિ રહે.'

આ સાંભળી ગબુ પંડિતની ચિંતાનો પાર ન રહ્યો. દારુણ ત્રાસથી એને શરીરે પસીનો પસીનો છૂટી ગયો.

એનું મુખ ફિક્કું ફસ થઇ ગયું. રાતે ઊંઘ ઊડી ગઈ.

રસોડામાં આંધણ ચડતાં બંધ થઈ ગયાં. આખા ઘરમાં રડારોળ થઈ રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોળી દાઢી પર આંસુનું પૂર ફરી વળ્યું છે—એવે વેશે મણુએ હણુના ચરણકમળમાં પ્રણામ કરી કહ્યું :

'આપના પગને જો ધૂળ નહિ લાગે, તો પછી આપના પગની ધૂળ અમને કેવી રીતે મળવાની?'

આ સાંભળી રાજાએ માથું ધુણાવી ધુણાવી ખૂબ વિચાર કર્યો. છેવટે કહ્યું;

'વાત તો સાચી, પણ પહેલાં આ ધૂળને વિદાય કરો, પછી પગની ધૂળના તત્ત્વનો વિચાર કરજો. ધૂળના અભાવે જો તમને પગની ધૂળ ન મળવાની હોય તો તમે આટલા બધા માણસો મફતનો મારો પગાર ખાઓ છો? તો શા સારું હું આટઆટલા ઉપાધિઓવાળા પંડિતોને પોષી રહ્યો છું? પણ પહેલાં જે કામ હાથમાં લીધું છે તે તમે પૂરું કરો, પછીના કામનો પછી વિચાર કરજો.'

રાજાના શબ્દો સાંભળી પ્રધાનને તો આંખે અંધારાં વ્યાપી ગયાં. એણે દેશ પરદેશ જેટલા વિદ્વાનો, પંડિતો, ને કારીગરો હતા તે તમામને માનપૂર્વક તેડાવી મંગાવ્યા.

પંડિતો બધા આંખે ચશ્મા ચડાવી બેસી ગયા; ઓગણીશ પીપ તો તપખીર ઊડી ગઈ. બહુ વિચાર પછી એમણે કહ્યું : 'ધૂળ નહિ હોય તો પછી ધરતી પર અનાજ કેમ પાકશે?'

રાજાએ કહ્યું : 'નહિ પાકે તો પછી પંડિતો બધા રાખ્યા છે શું કરવા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌએ મળી છેવટે એક ઉપાય શોધી કાઢ્યો: સાડા સત્તર લાખ ઝાડુ ખરીદ્યાં:

ઝાડુના સપાટાથી રસ્તાની ધૂળ ઉડી; રાજાનાં મોં અને છાતી એ ધૂળથી ભરાઈ ગયાં.

ધૂળમાં કોઈ આંખ ઉઘાડી શકતું નથી; ધૂળનાં વાદળાંમાં આકાશનો સૂરજ પણ ઢંકાઈ ગયો !

ધૂળના ઝપાટાથી લોકો ખાંસી ખાઈ ખાઇને મરે છે. ધૂળમાં આખું ગામ સંતાઈ ગયું.

રાજાએ કહ્યું : 'ધૂળ કાઢવા જતાં—આખું જગત ધૂળથી ભરાઈ ગયું.'

પછી એકવીસ લાખ ભિસ્તીઓનાં ટોળાં ખભે મશક લઇને વેગથી દોડયાં.

તમામ ખાબોચિયાંમાં માત્ર કાદવ જ રહ્યો. નદીના પાણીમાં હવે હોડી ચાલી શકતી નથી; જળચર જીવો જળ વિના મરવા લાગ્યા, અને ભૂતલ પરનાં જીવો તરવાનું શીખવા લાગ્યા; સરસામાન બધો કાદવમાં ડૂબી ગયો. આખો દેશ શરદી ને તાવમાં વેરાન થઈ ગયો.

રાજાએ કહ્યું : 'કેવા ગધેડા જેવા છે બધા !—ધૂળને મારી કાઢતાં જતાં બધે કાદવ કાદવ કરી મૂકયો !'

વળી ફરી સૌને સલાહ દેવા બોલાવ્યા. ફરી બધા બુદ્ધિવંતો બેઠા :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથું ધૂણાવી આંખો ફાડી ફાડી જોયું, પણ હાય! ધૂળનો કંઈ પાર પમાય એમ નથી.

કોઇએ કહ્યું: 'જમીન પર જાજમો પાથરી દો. જોઉં પછી ધૂળ કેવી બંધ નથી થતી!'

કોઈએ કહ્યું: 'રાજાને ઘરમાંથી બહાર નીકળવા જ ન દેવો— ક્યાંયે દિવાલમાં જરા સરખું કાણું રહેવા ન દેવું. રાજા જો ધૂળમાં કદી પગ જ નહિ દે, તો પછી એના પગને ધૂળ કેવી રીતે લાગવાની હતી જે?'

રાજાએ કહ્યું: 'વાત તો ખૂબ મજાની છે, પણ હું જો રાતદિવસ ઘરમાં પુરાઇ રહીશ તો ધૂળના ત્રાસે રાજ્ય બધું ધૂળધાણી થઈ જશે એવી મને બીક લાગે છે.'

સૌએ કહ્યું: 'તો ચમારોને બોલાવી ચામડા વડે ધરતી મઢાવી દો. ધૂળવાળી પૃથ્વી એવી રીતે ચામડાના કોથળામાં ઢાંકી દેવાથી જગતમાં પૃથ્વીપતિની ભારે કીર્તિ થઈ જશે.'

સૌએ કહ્યું: 'જો કુશળ ચમાર મળી જાય તો કામ બહુ સહેલું છે.'

રાજાના અનુચરો અહીં તહીં દોડા દોડ કરવા લાગ્યા. બધાં કામકાજ છોડી સૌ દોડાદોડ કરવા લાગ્યા. જોઇએ એવો કુશળ ચમાર ક્યાંયે મળતો નથી, અને જોઇએ એટલું ચામડું પણ મળતું નથી.

પછી ચમારોનો વડીલ ડોસો આવીને, જરા હસી, ધીમેથી બોલ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આજ્ઞા કરો તો બોલું—એથી આપની ઇચ્છા સહેલાઇથી પૂરી થશે. આપના આ બે પગ જો મઢી લો, તો આખી પૃથ્વી મઢવાની પછી જરૂર નહિ રહે'

રાજાએ કહ્યું: 'હં, શું તું આ એટલું બધું સહેલું ધારે છે! આખો દેશ આની ચિંતા કરી કરીને મરી ગયો છે!'

પ્રધાન કહે: 'એટાને શૂળી પર ચડાવી કેદખાનામાં પૂરી રાખો.'

નીચે બેસીને બુઢ્ઢાએ રાજાના પગ ચામડાના આવરણથી ઢાંકી દીધા:

તે જોઈ પ્રધાન બોલ્યો: 'એરો કેવી રીતે પહેરાવે છે એ મારે તો જોવું હતું.'

તે દિવસથી જોડા પહેરવાનો રિવાજ શરૂ થયો. ગણુ બચી ગયો, ને ધરતી પણ બચી ગઇ.

દેવ

રથયાત્રા છે, લોકોનો મેળો છે, ભારે ધામધૂમ છે!
ભક્તો પથ પર આળોટી પ્રણામ કરે છે.
પથ ધારે છે કે હું દેવ છું, રથ ધારે છે કે હું દેવ છું.'
મૂર્તિ ધારે છે કે હું દેવ છું—અને અંતર્યામી હસે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંજુલિકા

મા રડીને કહે છે: 'મંજુલી મારી કુમળી કળી છે, આવાની સાથે એને પરણાવવી છે?—ઉંમરમાં એના કરતાં પાંચ ગણો તો એ મોટો છે;—એને જોઇને જ મારી દીકરી ભયથી ફાટી પડે. આવું લગ્ન હું નહિ થવા દઉં.'

બાપે કહ્યું: 'હવે રહેવા દે આંખો ભરવી! કેટલા દિવસ શોધ્યો ત્યારે આ એક મૂરતિયો હાથમાં આવ્યો છે. ખબર છે પંચાનન કેવો ભારે કુળવાન છે તે! સમાજમાં ગૌરવ રાખવું પડે છે એનો તમે કોઇ વિચાર કરો છો? એને છોડી દઉં તો બીજો મૂરતિયો ક્યાં છે?'

માએ કહ્યું: 'કેમ, પેલો ચાડુજ્જેનો પુલિન છે ને—કુળવાન ન હોય તો શું થઇ મર્યું?—જેવો દેખાવે છે તેવો સ્વભાવનો યે મીઠો છે. પાસ થઈને ફરી સ્કોલરશિપ પણ જીત્યો છે. છોકરો સોનાના ટુકડા જેવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ મહોલ્લામાં રહે છે—એની સાથે હસી રમીને તો છોકરી મારી મોટી થઈ છે. એને જો વાત કરું તો આજે અત્યારે જ હા પાડે.'

બાપે કહ્યું: 'બસ! અરે રામ! એ લોકો સમાજમાં સૌથી હલકા ગણાય છે. ગળામાં જનોઇ નાખી એટલે શું બામણ થઈ જવાતું હશે?

રૂપે રંગે સારો એટલે શું મૂરતિયો થઈ ગયો? પ્રભુ! શાસ્ત્રો સ્ત્રીબુદ્ધિ કહે છે તે અમથું?'

જે દિવસે એ લોકોએ ગિની આપીને કન્યાનું સુખ જોયું, તે દિવસથી મંજુલિકાનું હૃદય પળપળના ગુપ્ત શૂળથી વીંધાઈ લોહીલુહાણ બની ગયું.

માનો પ્રેમ તો અંતર્યામી છે, એની આગળ કશું યે ઢાંકર્યું રહેતું નથી; માની વ્યથા અને પુત્રીની વ્યથા ઊઠતાં બેસતાં, ખાતાંપીતાં, ઊંઘતાં જાગતાં, ઘરના આકાશને પળે પળે જાણે વેદનાની વીજળી વડે ફટકાવે છે.

અચલતાનો ઊંડો ગર્વ બાપના મનમાં જાગે છે—દુઃખમાં, સુખમાં, કે રાગદ્વેષમાં, ધર્મમાર્ગથી જરા પણ ચલિત થાય એવી દુર્બળતા એમનામાં નથી.

એમના જીવનના રથનું ચક્ર લોઢાના બાંધેલા રસ્તા પર થઇને ચાલ્યું એટલે ચાલ્યું—કોઇ પણ કારણે પછી એમાં જરા એક તસુ પણ આઘું પાછું થવાનો સંભવ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ કહે છે: 'મારી સાધના અતિ અતિ કઠોર છે. બીજું કંઈ નથી, માત્ર મનોબળ છે. અષ્ટાવક્ર, જમદગ્નિ વગેરે ઋષિઓની જ સાથે એની તુલના થઈ શકે. સ્ત્રીઓ એનું મૂલ્ય નહિ સમજી શકે.

અંતઃશીલા અશ્રુ–નદીનાં નીરવ નીરમાં બંને સ્ત્રીઓના દિવસો ધીરે ધીરે વહેવા લાગ્યા.

છેવટે, વૈશાખની એક રાતે મંજુલિકાનાં લગ્ન પંચાનનની સાથે થઈ ગયાં.

વળાવતી વખતે પુત્રીના માથા પર હાથ મૂકી બાપે આશીર્વાદ દીધા:

'બેટા, સાવિત્રી જેવી થજે એવા મારા આશીર્વાદ છે!'

किमाश्चर्यमत : परम् ?

બાપની સાધનાના જોરે, આશીર્વાદનો પ્રથમ અંશ બે મહિનામાં જ કેવી ય રીતે ફળ્યો—

પંચાનનને યમ લેવા આવ્યા;

પરંતુ છોકરીના નસીબયોગે એનો છેવટનો ભાગ ફળ્યો નહિ, યમે પંચાનનનો જીવ પાછો ન આપ્યો.

મંજુલિકા કપાળનું સિંદૂર ભૂંસી બાપને ઘેર પાછી આવી.

પ્રવાહના પાણીમાં ખરી પડેલાં ફૂલો તણાઈ જાય તેમ દિવસો સુખેદુઃખે પસાર થવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કરતાં મંજુલિકાની ઉંમર પૂરાં સોળ વરસની થઈ.

કોણ જાણે ક્યારે બાળપણમાં, હૃદયલતાનાં પાંદડાની અંદર, પ્રાણની ગુપ્ત રહસ્યભૂમિ ભેદીને એક કળી ફૂટી હતી; નહોતી એ પોતાને ઓળખતી, કે નહોતું બહારથી ઉન્મત્ત પવને આવી કદી એને નામ પૂછ્યું.

એ કળી આજે મધુર રસથી ભરાઈ જઈ એના અંતરમાં ઊઘડી રહી છે.

એ છે પ્રેમનું ફુલ.

પોતાની લાલ પાંખડીઓના ભારથી પોતે જ વ્યાકુળ છે. પોતે હવે પોતાને બરાબર ઓળખી ગઈ છે, તેથી તો રહી રહીને પોતાની સામું જોતાં પોતે જ ચમકી જાય છે.

આકાશપારની વાણી પ્રકાશનું ઝરણું વહાવી એને સાદ દઈ જાય છે.

રાતના અંધકારમાં કોઇ અસીમની રૂદનભરી વેદના એને વાગે છે.

બહારથી તેના તમામ અલંકારો નષ્ટ થઇ ગયા છે, પણ એના અંતરમાં રંગ પર રંગ ચડતા જાય છે. એ જોઈ એ પોતે જ ચિંતા કરી કરી મરી જાય છે.

કોઈ વાર કામ પડચું મૂકી તે બારી પકડી મૂંગી મૂંગી બહાર જોઈ રહે છે,—

—જ્યાં પેલાં પારિજાતનાં ફુલો વાડ ઉપર ઢગલો ઢગલો હાસ્યના ઘા કરીને, આકાશને રાતદિવસ પાગલ કરી રહ્યાં છે, ત્યાં એ જોઇ રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે એનું બાળપણનું રમતગમતનું સંગાથી હતું, તેણે આજે તમામ જળસ્થળના હૃદયને કેવી ય રીતે ભરી દીધું છે! નિરાકાર થઇને તે જાણે આજે તમામ આકારોમાં ગૂપચૂપ ભળી ગયું છે. એનાં પગલાંનો અવાજ જાણે એ પાંદડે પાંદડે મર્મર રૂપે ભરી ગયું છે! મધમાખીઓની પાંખોનો ગણગણાટ એ કાનોકાન સંભળાતી એની કરુણ વાણી છે.

પુત્રીના મૂંગા ચહેરા પર શી ખબર માને શું દેખાય છે! જોઈને એની છાતીમાં શૂળ ભોંકાય છે.

અણકથી કોઇ ગુપ્ત વાત, મંજુલિકાની કાળી આંખોમાં, જળભરી કોઇ ગાઢ વાદળીને ખેંચી આણે છે.

અશ્રુથી ભીંજાયેલી ઊંડી હૃદયની વ્યથાએ એના હોઠ ઉપર શરદઋતુની રાત્રિની સ્તબ્ધ વ્યાકુળતા આણી દીધી હતી.

માને બિલકુલ ખાવું ભાવતું નથી—

રડી રડીને એ બોલે છે: 'અરે ભગવાન! અભાગણીને છોડીને તમે ક્યાં ગયા?'

એક દિવસ બપોરે, બાપ, ભોજન સમાપ્ત કરી, હુકાની નળી મોંમાં લઈ, વામકુક્ષી કરતા પહેલાં, રોજની ટેવ પ્રમાણે, પ્રેમની કોઈ અંગ્રેજી નવલકથા વાંચી રહ્યા હતા.

માએ, એમને પવન નાખતાં, ને વચમાં વચમાં પગ પર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું: 'જેને નિંદા કરવી હોય તે કરે, ને તાવ લઇ કે ઝેર ખાઈ મરવું હોય તે મરે; પણ હું તો ગમે તે કરીને યે મંજુલિકાને ફરી પરણાવ્યા વગર નથી રહેવાની, તે નથી રહેવાની.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપ કઠોર હાસ્ય કરીને બોલ્યા: 'તમે મા ને દીકરી બેય જણુ મારા મરી ગયા પછી એક ચોરીએ પરણુજો, પણુ એટલા દિવસ ધીરજ રાખો.'

આમ કહીને એણે ધીરેથી હુકો ગગડાવવા માંડયો.

માએ કહ્યું 'ઉંહ! કેવું પથ્થર જેવું દિલ છે! સ્નેહ માયા શું કશુંયે તમારા હૃદયમાં નથી!'

બાપે કહ્યું: 'ખરું, હું પથ્થર જેવો જ છું. ધર્મનો માર્ગ અતિ કઠોર છે. માખણનું પૂતળું હોત તો આટલા દિવસોમાં તો હું રડી રડીને ઓગળી ગયો હોત!'

માએ કહ્યું: 'હાય નસીબ! હવે કોને સમજાવું! તમારા આ સંસારમાં, ભર્યા ભોગની વચમાં, બસ એકલી એક આ છોકરી પળેપળે સુકાઈને છાતી ફાડી મરી જશે? ત્રણે લોકમાં આનાથી મોટો અધર્મ બીજો કોઈ નથી. તમારી પોથીનાં સૂકાં પાનાંમાં ક્યાંયે પ્રાણુ નથી. ભગવાન અંતર્યામી છે, દરદ ક્યાં જઈને વાગે છે, એની એને ખબર છે!'

બાપ માત્ર જરા હસ્યો.

તેને થયું: બૈરીની જાત—લાગણીની વરાળથી ભરેલા કુક્કા જેવી. જીવન એક કઠોર સાધના છે,—એમને એનું જ્ઞાન નથી.'

અને, ફરી પેલી પ્રેમની અંગ્રેજી નવલકથાનું વાચન આગળ ચાલ્યું.

દુઃખના તાપમાં બળી બળીને છેવટે માનો તાપ હોલવાઈ ગયો—સંસારમાં બાપ એકલો પડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો છોકરો પોતાના પુત્રપરિવાર સાથે પરદેશ પટનામાં રહેતો હતો.

બે છોકરીઓ હતી, તે સાસરે હતી, એક ફરીદપુરમાં રહેતી હતી, ને બીજી વિન્ધ્યાચલની પેલી પાર મદ્રાસ તરફ હતી. એટલે મંજુલિકાને માથે બાપની સેવાનો ભાર પડયો.

બામણ રસોયાના હાથની રસોઈ બાપને ગમતી નહોતી, સ્ત્રીના હાથની રસોઈ વગર, ખાવા તરફ એમને રુચિ જ થતી નહોતી. સવારે ભાત, અને સાંજે રોટલી કે પૂરી, ભાતની સાથે માછલી, અને પાંચ સાત શાકભાજી. રોટલી–પૂરીની સાથે માંસ થતું.

મંજુલિકા બેય ટંક બધું પોતાને હાથે રાંધે છે. એકાદશી હોય કે ગમે તે તિથિ હોય–હંમેશાં એણે આ જ રાંધવાનું. બાપનો ઓરડો પોતે જ સાફસૂફ કરે છે, ગરમ લૂગડાં તડકામાં નાખી જાતે જ ઝાપટે છે. ટેબલમાં ને પેટીમાં કાગળો એ જ સાચવી ગોઠવીને રાખે છે, ધોબીને આપેલાં લૂગડાંની યાદી પણ એ રાખે છે ગોવાલણી અને મોદીનો હિસાબ રાખવાની એ કોશીશ કરે છે, ને બરાબર ન રાખી શકે ત્યારે બાપની ધમકીઓ ખાધ મરે છે.

ચટણી અથાણું તો એની માના જેવાં બનાવતાં એને કોઈ રીતે નથી આવડતાં. એ માટે એને કેટલીયે ફરિયાદો સાંભળવી પડે છે. વળી, એનું પાન પણ મનપસંદ બનતું નથી. માની સાથે સરખા-વતાં ડગલે પગલે એના કામમાં ભૂલ થાય છે.

ટૂંકમાં,

આજ કાલની છોકરીઓમાંથી કોઈ જ પહેલાંના જેવી નથી.

માથું નીચું કરી, મૂંગી રહી, મંજુલી બધું સહન કરે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમેશાં ચૂપ જ રહે છે, બબડ્યા વગર, થાક્યા વગર કામ કર્યા કરે છે.

જેવી રીતે માતા, વારંવાર, બાળકની હજારો હઠો હસી હસીને સ્નેહકૌતુકથી સહન કરી લે છે, તેવી જ રીતે અતિ પ્રસન્ન મુખે મંજુલી પોતાના બાપની ફરિયાદો ઘડીએ ઘડીએ સાંભળે છે, ને મનમાં મનમાં હસે છે.

પિતાના હૃદયમાં પોતાની માતાની સ્મૃતિ કેટલી બધી મૂલ્યવાન છે એ વાત યાદ કરતાં ગર્વના આનંદથી એનું હૃદય ભરાઈ જાય છે.

'મારી માની સેવા જેને એક વખત મળી છે, તેને બીજું કંઈ ગમે ખરું ?'

હોળીના તહેવારોમાં એક દિવસ રાતે બાપને વા થઈ આવ્યો. મહોલ્લામાં પુલિન દાકતરી કરતો હતો. એને બોલાવવામાં આવ્યો.

હૃદયનો સંચો બંધ થઈ જાય એવો ભય હતો. તેથી દિવસે પણ પુલિનને ઘણી વખત જવું આવવું પડતું.

મંજુલી જેમ એની સાથે સહજ ભાવે વાતચીત કરવાનો સંકલ્પ કરતી તેમ એનો કંઠ વધારે રૂંધાતો.

આવું દુઃખ કોઇને કદી પડ્યું છે ?

તેનું ગળું કેમ કાંપે છે? અવાજ કેમ આટલો ક્ષીણ છે? આંખની પાંપણો કેમ આમ જાણે કશાના ભારથી દબી જાય છે? વિરહિણી ભયથી મરી જાય છે—વખતે એના લોહીમાં જે ઝણઝણાટ થઈ રહ્યો છે એ કોઈ સાંભળી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્મની પાંખડીઓ પરના ઝાકળ બિંદુની પેઠે તેનું દિલ, રાત દિવસ આમ પકડાઇ જવા માટે કેમ અધીરું થઈ રહ્યું છે ?

દરદ ધીમે ધીમે ઓછું થતું જાય છે, સાંધાનો દુખાવો ખૂબ ઓછો થઇ ગયો હતો. દરદી હવે પથારી છોડીને હાથપગ હલાવી જરા ચાલે છે.

એવે વખતે, એક સાંજે—હવામાં જ્યારે જૂથીવનનો પ્રાણ ભળેલો હતો, અંધકાર જ્યારે ચંદ્રની સાથે વાત કરવા ગયો ને છેવટે મૂંગો બની એની સામે તાકીને જોઈ રહ્યો હતો, ત્યારે, દરદીની સેવા ચાકરીને અંગે સલાહ આપવાને બહાને, પુલિને મંજુલીને બાજુના ઓરડામાં બોલાવીને કહ્યું :

'તું જાણે છે કે તારી માના મનની ઇચ્છા આપણાં લગ્ન કરાવવાની હતી. અમે તે રીતે હું એમની એ ઇચ્છા પૂરી કરવા ચાહું છું. આવી રીતે શા સારૂ હવે ખાલી દિવસો વીતાવવા ?

'ના, ના, છિ...છિ ! છિ...છિ !'

—આમ કહી મંજુલિકા બેય હાથ વડે પોતાનું મોં ઢાંકી દઈ ત્યાંથી નાસી ગઈ.

પોતાના ઓરડામાં જઈ બારણાં બંધ કરી, એ ભોંય પર પડી—

દડ દડ ! દડદડ : એની છાતી ફાટી અશ્રુનો પ્રવાહ વહેવા લાગ્યો.

એને થયું : 'બળ્યું, મનની વાત એમની આંખોથી છૂપી ન રહી ! હવે શું જીવીને રે ! હવે મોત આવે તો સારું !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંજુલિકા બમણા જોરથી, આઠે પહોર બાપની સેવામાં લાગી રહી. જરૂરી કામો પૂરાં થતાં, બિનજરૂરી કામમાં લાગી રહે છે. મંજાઈ ગયેલાં વાસણો ફરી માંજવા બેસે છે; બે ત્રણ કલાક પછી, એક વખત જે ઓરડો સાફ કર્યો તે જ પાછો ફરીને સાફ કરે છે.

ક્યારે નહાવું, ને ક્યારે ખાવું એનો કોઈ એને નિયમ નહોતો. રાતના અગિયાર ન વાગે ત્યાં લગી કામમાંથી એ નવરી જ થતી નહોતી. પછી થાકીને લોથ થઇ એ ભોંય પર સૂઈ જતી.

જે જોતું તે આભું બની જોઈ રહેતું, ને કહેતું : ' ખરી છોકરી ! '

બાપ આ સાંભળીને છાતી ફુલાવી કહેતાં : ' ગર્વ નથી કરતો, તો પણ એ મારી દીકરી છે એ ભૂલતા નહિ. બ્રહ્મચર્ય વ્રત— મારી જ પાસેથી એને એનું શિક્ષણ મળ્યું છે ! નહિ તો જુદું જ જોવા મળ્યું હોત. આજકાલના જમાનામાં સંયમની કઠોર સાધના વગર સમાજમાં કશું ય બંધન ટકતું નથી, અને તેથી છોકરીઓ માત્ર મેમસાહેબી શીખે છે.'

સ્ત્રીના મરણને હજી તો માત્ર અગિયાર મહિના થયા હશે, એટલામાં એક નવાઈની વાત સાંભળવામાં આવી—આ ઘરમાં વેવિશાળિયાની આવજા શરૂ થઈ ગઈ છે. આ સાંભળીને પહેલાં તો મંજુલિકાને વિશ્વાસ ન આવ્યો, ત્યારપછી બધી બિના જોઈ એણે નિસાસો નાખ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ કામમાં મચેલા છે, ભાવ બદલાઇ ગયો છે, ઘરમાં અનેક જાતનો વિલાયતી સાજસરંજામ આવી રહ્યો છે.

જોયું તો બાપે નવેસરથી ટાપટીપ ને ઠાઠ શરૂ કરી દીધો હતો. ઓચિંતી એમની ભમરો ભમરાના જેવી કાળી બની ગઈ! પાકા વાળ બધા કોણ જાણે ક્યારે વીણાઇ ગયા! ચાદરમાં જ્યારે ત્યારે અત્તરનો છંટકાવ થઈ રહ્યો!

આજે મંજુલિકાને આ યાદ આવી ગઈ—સાથે સાથે હૈયું ચીરી નાખે એવી વિષમ વ્યથા થઈ.

ભલેને એ મરી ગઈ, પણ આ ઘરની હવાની સાથે એનો વિરહ કદી થયો નહોતો. અમૃતભરી કલ્યાણમયી એ મૂર્તિ આ સંસારના હૃદયમાં અંકિત હતી, એ સાધ્વીનાં સાધના ને પુણ્ય આ ઘરમાં હતાં, તમામ કામકાજમાં એનો સ્પર્શ હતો.

અને હવે આજે, આ સંસારમાંથી એનું હમેશને માટે મૃત્યુ થશે?—એનું આવું ભયંકર અપમાન થશે?

વિચારમાં ને વિચારમાં મંજુલિકાનું હૃદય તૂટી પડયું.

લજ્જા ને ભય તજી દઇને, કન્યાએ, પછી, બાપની પાસે જઈ હિંમતથી કહ્યું: 'તમે શું ફરી પરણવાના છો? અમે બધાં તમારાં છોકરા છોકરીઓ, પૌત્ર પૌત્રીઓ—સૌને તમે નીચું જોવડાવશો? માનું વચન શું ભૂલી જશો? તમારું હૃદય શું એટલું બધું કઠોર બનશે?

લૂખું હસીને બાપે કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું કઠોર છું એ વાત કોણ નથી જાણતું? પરણવું એ મારે માટે, ખરેખર, અતિ કઠોર કર્મ છે; પરંતુ સ્ત્રી વગર ગૃહધર્મ અપૂર્ણ રહે છે—મનુથી મહાભારત સુધી બધાં શાસ્ત્રો એમ કહે છે. ધર્મપંથે ચાલવું કંઈ સહેલું નથી, એ કંઈ એકલું હૃદય સાચવી રોયા કરવાનું નથી. દુઃખ ઝીલતાં જે બીએ છે, એ કાપુરુષ છે. એવો માણસ બીજાને દુઃખ દેવા શા સારૂ પૃથ્વી પર આવતો હશે?

વાખરગંજમાં કન્યાનું બાપનું ઘર હતું. લગનના કેટલાક દિવસ પહેલાં વર ત્યાં ગયો.

છેવટે, વહુને લઇને વર જ્યારે દેશમાં પાછો આવ્યો ત્યારે ઘરમાં મંજુલિકા નહોતી.

ચિઠ્ઠી વાંચવાથી ખબર પડયા કે પુલિને એની સાથે લગ્ન કર્યાં છે, બંને જણ ફરૂખાબાદ ચાલ્યાં ગયાં છે—ત્યાં જ ઘર માંડી રહેવાનાં છે.

ગુસ્સાથી સળગી ઊઠી બાપે ફરી ફરી શાપ વરસાવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંગ્ ટિંગ્ છટ્

[સ્વપ્ન મંગલ]

હબુચન્દ્ર રાજાને રાતે સ્વપ્નું આવ્યું—

એના અર્થનો વિચાર કરતા કરતાં ગબુચન્દ્ર મૂઢ બની ગયો !

—જાણે ઓશીકા આગળ બેસીને ત્રણ વાંદરા ખૂબ વહાલથી જુઓ વીણતા હતા. જરા શરીર હાલ્યું કે ગાલ પર તડાક ધોલ ચોડી દીધી, આંખે ને મોઢે નખના ઊઝરડા થયા ! ઓચિંતા વાંદરા અલોપ થઈ ગયા. એક પારધી આવ્યો. ‘ પંખી ઊડી ગયાં ! ’ ‘ પંખી ઊડી ગયાં ! ’ કરી એ પોક મૂકી રડવા લાગ્યો. સામે રાજાને જોઈ એણે એને ખાંધે ઊંચકી લીધો. અને એક ઊંચા વાંસ પર ટીંગાડી દીધો. નીચે એક બુઢ્ઢી ડોશી ઊભી હતી, એ હસીને એના પગમાં ગલી પચી કરતી હતી ! રાજાએ બૂમ પાડી : ‘ હાય ! કેવી આફત ! ’ પણ કોઈ છોડતું નથી. પગ ઊંચા લેવા ચાહે છે પણ લઈ શકતો નથી. પંખીની પેઠે રાજા તરફડે છે,—પારધી એના કાનમાં મોં ઘાલી સંભળાવે છે—‘ હિંગ્ ટિંગ્ છટ્ ! ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વપ્નમંગલની કથા અમૃત સમાન છે. ગૌડાનંદ કવિ ભણે છે, કોઈ પુણ્યવાન્ એ સાંભળે છે.

હણુપુર રાજ્યમાં આજ છ સાત દિવસથી કોઈની આંખમાં નિદ્રા નથી, કોઈના પેટમાં અન્ન નથી. ચીમળાયેલા ગાલે હાથ દઈ, માથું નીચું ઘાલી, આખા રાજ્યનાં બાળકોથી માંડી બુઢ્ઢાં સુધનાં સૌ વિચાર કરી કરી ગાંડાં બની ગયાં છે.

છોકરાઓ રમવાનું ભૂલી ગયા છે, પંડિતો પાઠ ભૂલી ગયા છે, છોકરીઓ સૂમસામ બેઠી છે—સંકટ કંઈ જેવું તેવું હતું?

હારબંધ સૌ બેસી ગયાં છે. કોઈનાં મોંમાં શબ્દ નથી. જેમ ઊંડો વિચાર કરે છે તેમ માથું નીચું ઢળી પડે છે—જોણે કોઈ ધૂળધોયો ધૂળમાં કંઈ ખોળી રહ્યો છે! જાણે સૌ નિરાકાર ભોજન જમવા બેસી ગયા છે!

વચમાં વચમાં ઉત્કટ દીર્ઘ નિઃશ્વાસ નાખી તેઓ ઓચિંતા બૂમ પાડી ઊઠે છે:—'હિંગૂ ટિંગૂ છટ્!'

સ્વપ્નમંગલની કથા અમૃત સમાન છે. ગૌડાનંદ કવિ ભણે છે, કોઈ પુણ્યવાન એ સાંભળે છે!

ચારે દિશાએથી—અયોધ્યા, કનોજ, રાંચી, મગધ ને કોશલથી પંડિતોનાં ટોળે ટોળાં આવ્યાં; ઉજ્જનથી વિદ્વત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિરોમણિ—મહાકવિ કાલીદાસના ભાણેજનો વંશજ આવ્યો.

જાડી જાડી પોથીઓ લઇને સૌ પાનાં ઉલટાવે છે, બેઠા બેઠા જોરથી ચોટલી સમેત આખું માથું ધૂણાવે છે. મોટાં મોટાં માથાં પર ઊગેલું પાકા ઘાસનું ખેતર માથા સમેત જાણે પવનમાં ઝોલાં ખાઇ રહ્યું છે.

કોઇ શ્રુતિ ફેંદે છે, કોઈ સ્મૃતિ ફેંદે છે, તો કોઈ પુરાણ ફેંદે છે. કોઈ વ્યાકરણ જુએ છે તો કોઇ શબ્દકોષ જુએ છે; પણ કયાંયે કોઈ રીતનો અર્થ શોધ્યો જડતો નથી, અનુસ્વાર ને વિસર્ગનો ઢગલો ચડતો જાય છે.

આ વિષમ આપદામાં સપડાઈ સૌ ચૂપ થઇને બેસી રહે છે, ને રહી રહીને બૂમ પાડી ઊઠે છે:—''હિંગ્ ટિંગ્ છટ્ !'

સ્વપ્નમંગલની કથા અમૃત સમાન છે. ગૌડાનંદ કવિ ભણે છે, કોઈ પુણ્યવાન એ સાંભળે છે!

હતાશ થઇને હબુચંદ્ર રાજા બોલ્યો :

'કહે છે કે મ્લેચ્છ દેશમાં ઘણા પંડિતો છે. જ્યાં હોય ત્યાંથી એ બધાઓને બોલાવી લાવો—કદાચ અર્થ એમની આમળ પકડાઈ જાય'—

વાળ કાપેલા છે, આસમાની આંખો છે, ભૂખરા ગાલ છે, એવા યવન પંડિતો આવે છે. ઢોલ નગારાં વાગે છે. ડીલ પર જાડા જાડા ટૂંકાટૂંકા ડગલા છે. ઉનાળાના તાપમાં એમની ગરમીનો પારો ચડે છે—ભારે ઉગ્ર સ્વરૂપ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈપણ ભૂમિકા કર્યા વગર, ઘડિયાળ ઉઘાડીને કહે છે—

'માત્ર સત્તર મિનિટ વખત છે, જે કહેવાનું હોય તે ઝટપટ કહી દો.'

આખી સભા એક સાથે બોલી ઊઠે છે : 'હિંગ્ ટિંગ્ છટ્ !'

સ્વપ્નમંગલની કથા અમૃત સમાન છે, ગૌડાનંદ કવિ ભણે છે. કોઈ પુણ્યવાન એ સાંભળે છે !

સ્વપ્નું સાંભળીને મ્લેચ્છનું મોં રાતું ચોળ થઈ ગયું. એનાં આંખ મોં પર જાણે ભડકા ઊઠવા લાગ્યા.

જમણા હાથની મૂઠી ડાબા હાથની હથેળીમાં ઠોકી ગુસ્સો કરી

એ બોલ્યો : 'બોલાવીને મારી મશ્કરી !'—

એમાં એક ફિરંગી પંડિત હતો. તે હસતું મોં કરી, માથું નમાવી, છાતી પર હાથ રાખી બોલ્યો—

આ જે સ્વપ્નું અમે સાંભળ્યું તે ખરેખર રાજાને જ યોગ્ય છે, આવું સ્વપ્ન બધાના નસીબમાં નથી હોતું ! તો પણ મને લાગે છે કે એ માત્ર સ્વપ્ન છે—ભલેને પછી એ રાજાના માથામાં પેદા થયું હોય. જો અર્થ જોઈએ તો રાજની તિજોરીમાં ઢગલે ઢગલા પડયા છે, બાકી ગમે તેટલું માથું ફોડીએ પણ આ રાજસ્વપ્નમાં કંઈ જ અર્થ નથી

'ભલેને એમાં કશો અર્થ નથી, પણ મારે એટલું તો તટસ્થ ભાવે કહેવું પડશે કે સાંભળતાં કેવું મીઠું લાગે છે ! હા !— 'હિંગ ! ટિંગ ! છટ્ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વપ્નમંગલની કથા અમૃત સમાન છે. ગૌડાનંદ કવિ ભણે છે, કોઈ પુણ્યવાન એ સાંભળે છે!

સાંભળીને આખી સભા ફિટકાર વરસાવવા લાગી—ક્યાંથી આવ્યો છે મૂર્ખો, અધ્ધો, પાખંડી, નાસ્તિક! સ્વપ્ન શું માત્ર સ્વપ્ન છે, માત્ર માથાનો વિકાર છે? છિ! એ વાત અમે કેમ માની લઈએ? અમે જગવિખ્યાત 'ધર્મપ્રાણ' પ્રજા છીએ, અને અમારા સ્વપ્નને એ ઉડાવી દે!—ધોળે દહાડે ધાડ!

હબુચન્દ્ર રાજા લાલચોળ આંખો કરી બોલ્યો: 'ગબુચન્દ્ર, આ લોકોને યોગ્ય શિક્ષા કરો. નીચે કાંટા નાખો, ઉપર કાંટા નાખો, ને શિકારી કૂતરાઓ પાસે ફાડી ખવડાવો.'

સત્તર મિનિટ પૂરી થતાં ન થતાંમાં તો પંડિતોનું નામનિશાન રહ્યું નહિ.

સભાસદો સૌ આનંદાશ્રુ વહેવડાવવા લાગ્યા. ફરીને એ ધર્મરાજ્યમાં શાન્તિ પાછી આવી.

પંડિતોએ આંખ મોં વિકટ કરી ફરીથી ઘોષણા કરી:—

'હિંગ્ ટિંગ્ છટ્!'

સ્વપ્નમંગલની કથા અમૃત સમાન છે. ગૌડાનંદ કવિ ભણે છે, કોઈપુણ્યવાન એ સાંભળે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પછી ગૌડ, બંગાળથી યવન પંડિતોનો—ગુરુને વેચી આવે એવો—ચેલો આવ્યો.

ઊઘાડું માથું છે, ધડ પર નથી સાજ કે નથી લાજ—ઢીલી કાછડી સેંકડો વાર નીકળી પડે છે. જીવ છે કે નથી એની શંકા થાય એવું ક્ષીણ દુર્બળ શરીર છે. પણ બોલવા માંડે છે, ત્યારે સંદેહ નથી રહેતો. આવડા અમથા યંત્રમાંથી આવડો ભારે અવાજ નીકળે છે એ જોઈ દુનિયાને ભારે નવાઈ લાગે છે!

અભિવાદનમાં એ સમજતો નથી, કુશળ વર્તમાન એ પૂછતો નથી, બાપનું નામ પૂછીએ તો સાબેલું લઈ ઊઠે છે.

ગર્વથી એણે પૂછ્યું: 'શાનો નિર્ણય કરવાનો છે? બોલો, પછી હું પણ કંઈક કહીશ. એની ઉલટપાલટ વ્યાખ્યા પણ કરી આપીશ.'

સૌ એકી સાથે બોલી ઊઠ્યા: 'હિંગ્ ટિંગ્ છટ્!'

સ્વપ્નમંગલની કથા અમૃત સમાન છે. ગૌડાનંદ કવિ ભણે છે, કોઈ પુણ્યવાન એ સાંભળે છે!

સ્વપ્નની વાર્તા સાંભળીને, મોં ગંભીર કરી, ગૌડીય સાધુ પુરુષે એક પહોર લગી પ્રવચન કર્યું:

'તદ્દન સરળ અર્થ છે. બિલકુલ સ્પષ્ટ છે. ભાવ ઘણો પુરાતન છે, પણ આવિષ્કાર છે;—

ત્ર્યંબકને ત્રણ નયન, ત્રણ કાળ, ત્રણ ગુણ છે. પણ શક્તિભેદે કરીને, વ્યક્તિભેદ દ્વિગુણ અને નિર્ગુણ થાય છે. વિવર્તન આવર્તન, સંવર્તન આદિ જીવશક્તિ ને શિવશક્તિ વિસંવાદી કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આકર્ષણુ, વિકર્ષણુ એ પુરૂષ અને પ્રકૃતિ છે. અણુઓના ચુંબક-બળે કરી આકૃતિ ને વિકૃતિ થાય છે, કુશાગ્રમાં જીવાત્મની વિદ્યુત વહી રહેલી છે, અને ધારણા, પરમા શક્તિ ત્યાંથી ઉત્પન્ન થયેલી છે. ત્રણે શક્તિઓ ત્રણ સ્વરૂપે આ પ્રપંચમાં પ્રગટ થયેલી છે—એને ટૂંકમાં કહીએ તો 'હિગ ટિગૂ છટ્ !'

સ્વપ્નમંગલની કથા અમૃત સમાન છે. ગૌડાનંદ કવિ ભણે છે, કોઈ પુણ્યવાન એ સાંભળે છે!

વાહ! વાહ! વાહ! ના અવાજથી દિશાઓ કંપવા લાગી. સૌ બોલવા લાગ્યા—'સ્પષ્ટ! એકદમ સ્પષ્ટ! જે કંઈ દુર્બોધ હતું તે બધું ઓગળી ગયું, તે શૂન્ય આકાશની પેઠે અત્યંત નિર્મળ બની ગયું!'

હાશ કરીને હબુચંદ્ર રાજા ઊઠયા.

પોતાના મસ્તક પરથી તાજ ઊઠાવી એમણે એ દુબળા બંગાળીના માથા પર પહેરાવી દીધો—તાજના ભારથી એનું માથું જાણે કપાઇ પડવા લાગ્યું!

ઘણા દિવસો પછી આજે ચિંતામાંથી છૂટકારો થયો. ડૂબકાં ખાતું હબુરાજ્ય બચી ગયું. છોકરાઓએ રમવા માંડયું. બુઢ્ઢાઓએ હુક્કોતમાકુ હાથમાં લીધાં. એક પલકમાં સ્ત્રીઓનાં મુખ ઊઘડી ગયાં.

આખા દેશનું માથું એકદમ ઊતરી ગયું. સૌને યે સમજાઈ ગયું—'હિંગૂ ટિંગૂ છટ્ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વપ્નમંગલની કથા અમૃત સમાન છે. ગૌડાનંદ કવિ કહે છે, 'કોઈ પુણ્યવાન એ સાંભળે છે.'

જે આ સ્વપ્નમંગલની કથા સાંભળશે, તેના સર્વ ભ્રમો દૂર જશે, એમાં બિલકુલ સંદેહ નથી. જગતને જગત સમજી કદી એને છેતરાવું નહિ પડે. સત્યને તે મિથ્યા ગણી તરત સમજી જશે. જે છે તે નથી, અને, જે નથી તે છે, એ વાત એની આગળ દીવા જેવી સ્પષ્ટ થઈ જશે.

જે વસ્તુને બધા લોકો માત્ર સરળ ભાવે જોશે, તેને તે પોતાની વતી લાંબુ લંગર જોડીને જોશે. માટે,

આવો ભાઈ! શ્વાસ હેઠો મેલો, ચત્તા થઇને સૂઈ જાઓ,

આ અનિશ્ચિત સંસારમાં માત્ર આટલી વાત નિશ્ચિત છે—જગતમાં બધું જ મિથ્યા છે, બધું જ માયામય છે, માત્ર સ્વપ્ન જ સત્ય છે, બીજું કંઈજ સત્ય નથી.

સ્વપ્નમંગલની કથા અમૃત સમાન છે. ગૌડાનંદ કવિ ભણે છે, કોઈ પુણ્યવાન એ સાંભળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારસ-પથ્થર

કોઈ પાગલ પારસ પથ્થરની શોધમાં ભમતો હતો.

માથા પરની મોટી જટા ધૂળ અને કાદવથી ખરડાયેલી હતી. મ્લાન છાયાના જેવું ક્ષીણ એનું કલેવર હતું.

ઓઠને અધરથી દાબી, અંતરના દ્વારને આગળો લગાવી, આંખોમાં રાત ને દિવસ એ તીવ્ર જ્વાળા જલતી રાખતો હતો. બંને આંખો, જ્યારે જુઓ ત્યારે, જાણે, રાત્રિના આગિયાઓની પેઠે, પોતાના જ પ્રકાશમાં કોઈને ઊડી ઊડીને શોધી રહી હતી.

એની ચાલચલનનું કાંઈ ઠેકાણું નથી, શરીર પર ધૂળ રાખ ચોળ્યા કરે છે, કેડે માત્ર ધૂસર કૌપીન વીંટાળેલું છે. બોલાવીને બે શબ્દો કહે એવું જગતમાં એને કોઇ નથી. રસ્તાના ભિખારી કરતાં પણ એ વધારે દીનહીન છે.

એને વળી આટલું અભિમાન! સોના રૂપાને એ તુચ્છ ગણે છે, રાજસંપત્તિ માટે એ જરાએ વ્યાકુળ બનતો નથી. એની દશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇને હસવું આવે છે. બીજું કશું એને નથી જોઈતું, એને તો જોઇએ છે, બસ, પારસ પથ્થર !

સામે અગાધ અફાટ સાગર ગરજી રહ્યો છે. આ વિચિત્ર પાગલની વર્તણૂક જોઈ તરંગો ઊછળી ઊછળી, હસી હસીને ભૂકા થઈ જાય છે.

આકાશ અનિમેષ નયને મીટ માંડી જોઈ રહ્યું છે, સુસવાટા કરતો પવન જોરથી છૂટયો છે.

પ્રાતઃકાલે, પૂર્વ ગગનના લલાટમાં સૂર્ય ઊગે છે, સાંજે ધીરે ધીરે ચાંદો ચડે છે.

પાણીનો અફાટ વિસ્તાર સતત કલકલ અવાજ કર્યા જ કરે છે, જાણે આ અતલ રહસ્ય એ સૌને કહેવા માગે છે કે કામ્ય ધન ક્યાં છે તેની રજેરજ વાતની મને ખબર છે. એની ભાષા જે સમજે તેજ એ ધન શોધી કાઢી શકે છે.

આમાં કશાથી વિક્ષેપ પડતો નથી—આ મહાગાથા ગાતો સમુદ્ર પોતે જ પોતાનો સ્વર સાંભળ્યા કરે છે.

કોઈ જાય છે, કોઈ આવે છે, કોઈ રડે છે, કોઇ હસે છે, પાગલ પારસપથ્થરની શોધમાં કાંઠે કાંઠે ફર્યા કરે છે.

એક દિવસ, ઘણા કાળ પહેલાંની આ વાત છે—કસોટી પર સોનાની રેખા ઓચિંતી દેખાઇ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશમાં પ્રથમ સૃષ્ટિ પ્રગટ થઈ; તમામ દેવો ને દાનવો ભેગા થઇ, કુતૂહલથી પ્રેરાઇ દમતા છગતા આ સિંધુને કિનારે આવ્યા. અને અતલ સમુદ્રની સામે જોતા આંખનું મટકું પણ માર્યા વગર, મૂંગા મૂંગા નીચું માથું કરી સ્થિર ઊભા રહ્યા.

બહુ કાળ સુધી આમ સ્તબ્ધ ઊભા રહી, એમણે આંખો મીંચી, આ મહા સમુદ્રનું ચિરંતન ગાન સાંભળ્યા કર્યું. ત્યાર પછી, તેમણે કુતૂહલવશ થઇ, અગાધ જળમાં ઝંપલાવી, આ અનંત રહસ્યનું મંથન કર્યું.

ઘણું ઘણું દુઃખ વેઠયું ત્યારે જગતમાં અનુપમ સુંદર રૂપે પ્રગટ થઇ લક્ષ્મીદેવીએ દર્શન દીધાં !

એ સાગરને કિનારે, શીર્ણ શરીરે, અને ફાટયાં તૂટયાં લૂગડાંમાં પાગલ પારસપથ્થરની શોધમાં ભમ્યા કરે છે.

હવે એની આશા તૂટી ગઇ લાગે છે. તો પણ તે શોધતો ફર્યા કરે છે. આરામ શું એ તો એ કદી જાણતો જ નથી. આશા જતી રહી છે, પણ ખોળવાની ટેવ ગઈ નથી.

વિરહી પંખી આખી રાત ઝાડની ડાળે બેઠું બેઠું સાદ પાડયા કરે છે; એ જેને સાદ પાડે છે તેનું દર્શન પણ એ અભાગીને થતું નથી. તો પણ એ આખો દિવસ, આશા વગર, થાકયા વગર, સાદ પાડયા જ કરે છે. એનું એક માત્ર કામ સાદ પાડતાં પાડતાં જાગ્યા કરવાનું છે.

બીજું બધું કામ ભૂલી, આકાશમાં મોજાં ઉછાળી, શી ખબર સમુદ્ર કોને અનવરત ઝંખી રહ્યો છે ! ગમે એટલી હાયવોય કરે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કદી એને પામતો નથી, તો પણ આકાશમાં બાહુ ઊંચા કર્યા કરે છે, એ જ એનું વ્રત છે.

કોની અપેક્ષાએ, ગગનતલમાં, ગ્રહતારાઓને લઇને આ સચરાચર વિશ્વ અનંત સાધના કરી રહ્યું છે !

એ બધાંની પેઠે, ધૂળભરેલી લાંબી જટાવાળો પાગલ પારસપથ્થરની શોધમાં સાગર તીરે ભમ્યા કરે છે !

એક દિવસ કોઇ ગામડાના છોકરાએ એને પૂછયું : ' સંન્યાસી બાવા ! આ શું ? તમારી કેડે આ શું દેખાય છે ? સોનાનો કંદોરો તમને કયાંથી મળ્યો ? '

સંન્યાસી ચમકી જાય છે, ખરેખર કંદોરો સોનાનો હતો. એ લોઢાનું કયારે સોનું થઇ ગયું એની એને ખબર નહોતી !

આ શો ચમત્કાર ! હાથમાં લઇને ફરી ફરી જુએ છે. આંખો ચોળી ચોળીને જુએ છે, આ સ્વપ્નું તો નથી ?

પછી, કપાળે હાથ પછાડી, જમીન પર બેસી પડે છે, નિર્દય બની પોતાનો તિરસ્કાર કરવા ઇચ્છે છે,—

પાગલની પેઠે એ જુએ છે : કયાં ગઇ, હાય હાય ! સિદ્ધિ હાથમાં આવી ને ભાગી ગઇ !

માત્ર ટેવ મુજબ, કાંકરા ઉપાડી ઉપાડી ઠક કરી એ કંદોરા પર ઘસતો, ધારીને જોતો નહિ; પથરાને ઘા કરી દૂર ફેંકી દેતો. એમ કોણ જાણે કયારે એણે પારસપથ્થર ફેંકી દીધો હશે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વખત મલીન સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. આકાશ સોનલવરણું હતું, સમુદ્ર સોનાંના રસ જેવો હતો. પશ્ચિમ દિગ્વધુ સોનાનું સ્વપ્નું નિહાળી રહી હતી.

સંન્યાસી ફરી પાછો, ખોયેલા રતનને નવેસરથી ખોળી કાઢવા, ધીરે ધીરે, આવ્યો હતો તે રસ્તે પાછો વળ્યો.

પહેલાંની શક્તિ હવે એનામાં નથી. શરીર ભારથી નમી પડ્યું છે. કપાયેલા ઝાડની પેઠે હૃદય રગદોળાય છે. જૂનો લાંબો રસ્તો અહીંથી કેટલે દૂર સુધી શબવત્ પડયો છે—એનો કંઇ અંત નથી.

દિગ દિગંતરમાં રણની રેતી ખાઉં ખાઉં કરે છે, ઉતરી આવતી રાત્રિની છાયામાં આખો દેશ મ્લાન લાગે છે.

અડધી જીંદગી ખોળ્યા પછી, કોઇક ક્ષણે, આંખો મીંચી, જેનો સ્પર્શ એને એક પળભર મળ્યો હતો, તે પારસપથ્થરની શોધમાં, બાકી રહેલા અડધા ભગ્ન પ્રાણનું એ ફરી દાન કરે છે!

આદિ રહસ્ય

વાંસળી કહે છે: 'મારું જરાયે ગૌરવ નથી. માત્ર ફૂંકના જોરથી હું અવાજ કરું છું.'

ફૂંક કહે છે: 'હું કંઇ જ નથી, માત્ર હવા છું—'

તો એને કોણ બજાવે છે? કોણ જાણે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવની વિદાય

દેવમંદિરમાં બેઠા બેઠા વૃદ્ધ ભગત રાત દિવસ માળા ફેરવી રહ્યા છે, ને દેવનું નામ જપી રહ્યા છે. એવામાં, સાંજ સમે, કોઈ વસ્ત્રહીન, જર્જરિત કંગાળે ધૂળવાળા શરીરે ત્યાં પ્રવેશ કર્યો, અને કાતર કંઠે કહ્યું :

'મારે રહેવાને ઘર નથી. દયા કરી મને એક ખૂણે પડી રહેવા દો.'

સંકોચ પામી જઈ ભગતરાજે એને કહ્યું : 'અરે અરે અપવિત્ર! જતો રહે અહીંથી!'

કંગાળે કહ્યું : 'જાઉં છું.'

—આંખના પલકારામાં ભિખારી દેવ રૂપે પ્રકટ થયો.

ભગત બોલ્યા : 'પ્રભુ! મને કેવું છળ કરી ભુલાવ્યો!'

દેવે કહ્યું : 'મને તેં કાઢી મૂક્યો છે. હું જગતમાં દરિદ્ર રૂપે દયા યાચતો ફરું છું, જે ઘરબાર વગરનાંને ઘર આપે તેના ઘરમાં હું રહું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે પંખી

પાંજરાનું પંખી સોનાના પાંજરામાં હતું.
વનનું પંખી વનમાં હતું.

એક દિવસ, શી ખબર કેની રીતે બંનેનો ભેટો થઇ ગયો! શી ખબર વિધાતાના મનમાં શું હતું!

વનના પંખીએ કહ્યું: 'ભાઈ, પાંજરાના પંખી! ચાલ, આપણે બંને સાથે વનમાં જઈએ.'

પાંજરાના પંખીએ કહ્યું: 'ભાઇ વનના પંખી! આવ પાંજરામાં બંને એકલા નિરાંતે રહીશું.'

વનના પંખીએ કહ્યુ: 'ના, મારે સાંકળે બંધાવું નથી.'

પાંજરાના પંખીએ કહ્યું: 'હાય! તો હું કેવી રીતે બહાર આવું?'

વનનું પંખી બહાર બેઠું બેઠું, જેટલાં વનનાં ગીત હતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલાં ગાય છે. પાંજરાનું પંખી એની પઢાવેલી બોલી પઢે છે. બંનેની ભાષા જુદી છે.

વનનું પંખી કહે : 'ભાઈ, પાંજરાના પંખી ! વનનું ગીત ગા જોઉં !'

પાંજરાનું પંખી કહે : 'ભાઈ, વનના પંખી ! પાંજરાનું ગીત તું શીખી લેને !'

વનનું પંખી કહે : 'ના, મારે શિખવાડેલું ગીત નથી જોઈતું.'

પાંજરાનું પંખી કહે : 'હાય ! હું કેવી રીતે વન-ગીત ગાઉં ?'

વનનું પંખી કહે : 'આકાશ કેવું વાદળી છે ! કયાંયે એને અંતરાય નથી !'

પાંજરાનું પંખી કહે : 'પાંજરુ કેવું સાફ છે ! ચારે કોરથી કેવું ઢંકેલું છે !'

વનનું પંખી કહે : 'બસ, એકદમ વાદળાંમાં તારા શરીરને તરતું મૂકી દે !'

પાંજરાનું પંખી કહે : એકાંત સુખના ખૂણામાં તારા શરીરને બાંધી રાખ.'

વનનું પંખી કહે: "ના, ત્યાં મને ઊડવાનું કયાં મળે ?'

પાંજરાનું પખી કહે: 'હાય ! તો વાદળાંમાં બેસવાની જગા કયાં!'

આવી રીતે બંને પંખીઓ એક બીજાને ચાહે છે, તો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બીજાની નજીક આવી શકતાં નથી. પાંજરાના સળિયામાંથી ચાંચે ચાંચ અડકાડે છે, ને મૂંગા મૂંગા આંખો માંડી જોઈ રહે છે.

બંનેમાંથી કોઈ કોઈને સમજી શકતું નથી, અને પોતાની વાત સમજાવી શકતું નથી.

બંને જણ એકલાં એકલાં પાંખો પછાડી મળે છે, ને વ્યાકુળ બની કહે છે: 'પાસે આવ! પાસે આવ!'

વનનું પંખી કહે છે: ના, વખતે હું પાંજરામાં જ સપડાઈ જઉં!'

પાંજરાનું પંખી કહે છે: 'હાય! મારામાં ઊડવાની તાકાત નથી!'

पुस्तकालय गुरुकुल कांगड़ी

કર્તવ્યગ્રહણ

આથમતો સૂરજ કહે છે: 'કોણ ઉપાડી લેશે મારું કામ?'

સાંભળીને આખું જગત ચિત્રની જેમ નિરુત્તર રહે છે.

માટીનું કોડિયું હતું. તેણે જવાબ દીધો:

"મહારાજ! મારા ગજા પ્રમાણે હું એ કામ કરીશ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વાર બંધ કરી દઈ હું ભ્રમને રોકું છું.
સત્ય કહે છે : 'તો ક્યાં થઈને અંદર આવું ?'

☆

પ્રતિધ્વનિ હમેશાં ધ્વનિની મશ્કરી કરે છે,—વખતે ધ્વનિનો પોતે ઋણી છે એ પકડાઈ જાય.

☆

દયા કહે છે : 'કોણ છે રે તું ? બોલતી કેમ નથી ?'
અશ્રુભરી આંખે કહે છે : 'મારું કૃતજ્ઞતા.'

☆

'હે સમુદ્ર ! તારી સનાતન ભાષા કઈ છે ?'
સમુદ્રે કહ્યું । 'મારી અનંત જિજ્ઞાસા.'
'હે ગિરિરાજ ! તું સ્તબ્ધ કેમ છે ?'
હિમાદ્રિએ કહ્યું : 'મારું ચિત્ત નિરુત્તર છે.'

☆

અનુગ્રહ મનમાં વસવસો કરે છે : 'હું આપુ છું પણ મને મળતું નથી.'
કરુણા કહે છે : 'હું આપું છું, મારે કશું જોઇતું નથી.'

☆

સ્વપ્ન કહે : 'હું મુક્ત છું. નિયમની પાછળ હું ચાલતું નથી.
સત્ય કહે : 'તેથી જ તું મિથ્યા છે.'
સ્વપ્ન કહે : તું અનંત શૃંખલાઓમાં બદ્ધ છે.'
સત્ય કહે : 'તેથી જ મને સૌ સત્ય કહે છે.'

☆

સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી સાહસ કથાઓ તથા નવી
બાલ વાતો : બાલ ગીતો

▼

પટેલ પટલાણી રમણલાલ સોની	૩–૦	મહાકવિ કાલીદાસની બાલવાતો	૨–૮
જાદુઈ ચકકી ,,	૩–૦	બુદ્ધિનો બાદશાહ	૨–૪
બાટલીનો બૂચ ,,	૩–૦	ચતુર સુજાણ	૧–૮
ખેલાડી ,,	૩–૦	બીરબલની ચિત્રમય બાલવાતો	૩–૦
કુમાર કથાઓ ,,	૩–૦	બલૂન પ્રવાસ (જુલેવર્ન)	૩–૦
બરફનું રણ ,,	૨–૦	જય ગુજરાત	૧–૪
ફીલુ યાને વીંટીની		બુદ્ધિ વિલાસ	૫–૦
શોધમાં ,,	૨–૦	વિક્રમની વાતો	૪–૮
ચાણક્ય ,,	૨–૦	મામાનું ઘર કેટલે ?	૨–૦
ઉપનિષદ કથામંગળ ,,	૧–૦	ફતુભા ફાકડાનાં પરાક્રમો	૧–૮
ભાગવત કથામંગળ ,,	૧–૪	પાયલ બાજે	૦–૭
તુલસીદાસ ,,	૦–૬	અમારાં ગીત	૦–૬
રામદાસ ,,	૦–૮	રાસ કોકીલા	૦–૭

★

: મળવાનું સ્થળ :

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ : પબ્લીશર્સ • ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar